بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-ઓક્ટોબર-૨૦૧૪**

ઝીલ હજ્જ-મુહર્રમુલ હરામ

હિજરી સન : ૧૪૩૫/૧૪૩૬

વર્ષ : ૧૧, અંક : ૧૦, સળંગ અંક : ૧૩૦

સ્થાપક અને પ્રકાશક

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨), ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | મહબ્બતે રસૂલ જ સર્વ કાંઈ છે ! | 02 |
| 02 | રોઝાએ રસૂલ વિશે સઊદીના બદ્ઈરાદાની ભીતરમાં | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 11 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 14 |
| 05 | અસ્માઉલ હુસ્ના | 17 |
| 06 | હદાઈકે બખ્શિશ | 19 |
| 07 | અહલે સુન્નત અકીદા કુર્આનની રોશનીમાં | 21 |
| 08 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 23 |
| 09 | દલાલી વિશે મસ્અલાનો જવાબ... | 26 |
| 10 | વેપારનું મહત્વ અને તેના નિયમો | 27 |
| 11 | હઝરત ઈમામ નસાઈ رحمۃ اللہ علیہ | 28 |
| 12 | મોબાઈલની ખબરોથી શરઈ ઈસ્તેફાદાનો હુકમ | 30 |
| 13 | શિર્ક શું છે ? | 34 |
| 14 | લવ જેહાદનું તૂત અને ઈસ્લામની....... | 41 |
| 15 | કુર્બાની વિશે મસાઈલ | 43 |
| 16 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


**મુજરિમ બુલાએ આએ હૈં જાઊક હે ગવાહ !**
**ફિર રદ હો કબ યે શાન કરીમોં કે દરકી હે**

**બદ હૈં મગર ઉન્હીં કે હૈં બાગી નહીં હે હમ,**
**નજદી ન આયે ઉસ્કો યે મંઝિલ ખતર કી હે**

**બે ઉન્કે વાસ્તેસે ખુદા કુછ અતા કરે !**
**હાશા ગલત ગલત ! યે હવસ બે બસરકી હે**

**માંગેગે ! માંગે જાએંગે ! મુંહ માંગી પાએંગે !**
**સરકારમેં ન 'લા' હે ન હાજત 'અગર' કી હે**

**મા-ઓ-શુમા તો કયા કે ખલીલે જલીલ કો,**
**કલ દેખના કે ઉનસે તમન્ના નઝર કી હે**

**લબ વા હૈં, આખેં બંદ હૈં, ફેલી હૈં ઝોલિયાં,**
**કિતને મઝેકી ભીક તેરે પાક દર કી હે**

**આ કુછ સુના દે ઈશ્ક કે બોલોં મેં અય 'રઝા'**
**મુશ્તાકે તબએ લઝઝતે સોઝે જિગરકી હે**

અઝ : ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

# મહબ્બતે રસૂલ જ સર્વ કાંઈ છે !

અઝ : **મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

ઉમ્મતે મુસ્લિમાની કામયાબી મહબ્બતે રસૂલ તથા ઈતાઅતે રસૂલ (રસૂલ ﷺના આજ્ઞાપાલન)માં જ સમાયેલી છે. ઈતિહાસ સાક્ષી છે કે એ જ મહોબ્બત તથા ઈતાઅતે સહાબાએ કિરામ رضوان الله تعالیٰ علیهم اجمعین ને કામયાબીના શિખરે પહોંચાડયા અને મુસ્લિમ ઉમ્મત એક અભેદ શક્તિશાળી ઉમ્મત બનીને ઉભરાઈ આવી. ગુલામોની ફિતરત હોય છે કે તે દરેક મામલામાં પોતાના પ્યારા આકા ﷺ પાસે દોડતા દોડતા જાય છે, ચાહે તે દીની મામલો હોય કે દુનિયવી. સહાબાએ કિરામ પણ આપણા હુઝૂર ﷺના સાચા દીવાના તથા ગુલામ હતા, જેથી તે પોતાની દરેક જરૂરતના માટે હુઝૂર ﷺના પાસે કેમ હાજર ન થતા ?! તેઓ જાણતા હતા કે રબે પોતાના ખજાનાઓની કૂંચીઓ હુઝૂર ﷺને અતા ફર્માવી છે અને ફર્માવી આપ્યું કે : **وَاَمَّا السَّائِلَ فَلَا تَنْهَرْ** ''અને માગનારાને ન ધમકાવો.''

સહાબાનો અકીદો હતો કે રબની અતાથી હુઝૂર ﷺ આપનાર છે. ખૂદ આકા ﷺએ ફર્માવ્યું : ''અલ્લાહ આપનાર છે અને હું વહેંચનાર છું.'' હુઝૂર ﷺને રબે વહેંચવાવાળા બનાવ્યા. એવું નથી ફર્માવ્યું કે રબ આ આપે છે અને હુઝૂર આ આપુ છું, બલ્કે મુત્લક (બેકૈદ) ફર્માવ્યું કે રબ આપનારો છે અને હું વહેંચનારો છું. એટલા માટે રબ જે આપે છે હુઝૂર ﷺ તે અતા ફર્માવે છે. એટલા માટે મન્સૂરે વક્ત આશિકે રસૂલ હુઝૂર મુફતીએ આ'ઝમ હિંદ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہ કહે છે :–

પણ મુનાફિકોને શું કહીએ ? એમની કિસ્મતમાં અલ્લાહે હુઝૂર ﷺની દુશ્મની જ લખી આપી છે ! એ મુનાફિકો રિસાલતકાળમાં પણ મૌજૂદ રહ્યા. જાહેરમાં મુસલમાન જણાતા એ લોકોએ હમેશાં ઈસ્લામની રાહોમાં કાંટા બિછાવ્યા અને પોતાનાં દિલોને હુઝૂર ﷺથી નફરત કરવાનું શીખવાડયું. તેમની ઔલાદો આજે પણ જોવા મળે છે. તેમની ઓળખ એ છે કે તેઓ નમાઝ પઢે છે, રોઝા રાખે છે, ઝકાત આપે છે, અન્ય પણ દીની કામો કરે છે, પણ જ્યારે રસૂલુલ્લાહ ﷺની તરફ બોલાવવામાં આવે છે તો આઘાપાછા થઈ જાય છે. કુર્આને મુકદ્દસ એમના બારામાં ફર્માવે છે : ''અને જ્યારે તેમને કહેવામાં આવે કે અલ્લાહની ઉતારેલી કિતાબ અને રસૂલની તરફ આવો, તો તમે જોશો કે મુનાફિક તમારાથી મોઢું ફેરવીને ફરી જાય છે.'' *(સૂરએ નિસાઅ, આયત : ૬૧)*

જાણવા મળ્યું કે મુનાફિક હુઝૂર ﷺના આસ્તાના પર હાજર થવા નથી ચાહતા. એમની કોશિશ એ જ રહે છે કે ન પોતે જાય અને ન કોઈને જવા દે. આજે પણ મુનાફિકોની હરકતોને આપ આખા જગતમાં જોઈને તેમને ઓળખી શકો છો. તેમની કિતાબોને જુઓ, હજ્જની કિતાબોમાં લખે છે કે, ''હજ્જમાં જનારા માટે મદીના જવું જરૂરી નથી, અને જાય તો પણ મસ્જિદે નબવીની નિય્યતથી જાય, રસૂલે પાક ﷺના રોઝાની હાજરીની નિય્યતથી નહીં.'' અને જેઓ મદીના શરીફ પહોંચી જાય છે અને આકાએ કરીમ ﷺના મવાજએ અકદસની સામે ઉભા રહે છે, ભીખ માગે છે તો એઓ શિર્કનો ફત્વો લગાડે છે. ખુદારા ! આ મુનાફિકોને ઓળખો ! તેમનાથી બચો ! ઉલમાએ અહલે સુન્નત બતાવતા રહ્યા, આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ બતાવતા રહ્યા, અત્યાર સુધી ન ઓળખી શક્યા હતા તો હવે રોઝાએ રસૂલ ﷺને તબદીલ કરવાની ખબરો વાંચીને તો તેમની રસૂલ દુશ્મનીને સમજો ! સઊદી તથા ત્યાંના મુફતી મો'મિન નથી, પ્રથમ કક્ષાના મુનાફિક છે, જેમણે આ બદ્તર ખ્વાહિશને પ્રદર્શિત કરી છે અને બારગાહે રસૂલ ﷺમાં માગનારાઓને મુશ્રિક તથા બિદઅતી ખયાલ કર્યા છે.

યાદ રાખો ! રહમતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : ''જેણે મારી કબરની ઝિયારત કરી મારી શફાઅત તેના માટે વાજિબ છે.'' યહૂદી ખયાલના અનુયાયી આ સઊદી, મુસ્તફા ﷺની શફાઅતથી મો'મિનોને મહેરૂમ રાખવા ચાહે છે. પરંતુ ન યહૂદી કામયાબ થયા અને ઈન્શાઅલ્લાહ ! ન સઊદી કામયાબ થશે. જેથી બંને જહાનમાં કામયાબી માટે મુસ્તફાના દરના ભીખારી બનીને જાવ. રસૂલે કરીમનો આશિક ન બેઈજ્જત થયો છે ન નાકામ. જેણે જેણે પોતાના નબીથી મહોબ્બત કરી કામયાબ રહ્યો, પણ શર્ત એ છે કે ઈશ્ક સાચો હોય ! ઈન્સાન તો ઈન્સાન અન્ય મખ્લૂકાતે પણ આપણા હુઝૂરથી મહોબ્બત કરી. ઓહદ પહાડ, સુતૂને હન્નાના, કસ્વા એ તો ઈન્સાન ન હતાં પણ ઈતિહાસમાં એમની મહોબ્બતના કિસ્સા આજે પણ મેહફૂઝ છે અને તેમના એ જ ઈશ્કો મહોબ્બતના સબબે આજે પૂરી દુનિયા એમનાથી મહોબ્બત કરે છે, તેની ઝિયારતને પોતાની ખુશનસીબી સમજે છે, આજે પણ મહબ્બતે રસૂલથી જ આપણને પ્રતિષ્ઠા, ઈજ્જત, કામયાબી, કામરાની નસીબ થશે, અને મહબ્બતે રસૂલથી દૂરી પર બેઈજ્જતી તથા નાકામી નસીબ થશે. હિલાલે હિંદ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એટલા માટે કહે છે :–

*જો તેરે દર સે યાર ફિરતે હૈં–દર બદર યૂંહી ખ્વાર ફિરતે હૈં*

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, ઓક્ટો. ૨૦૧૪)*

**સઊદીનો એ બદ્‌ઈરાદો તો છે જ પણ પાર નહીં પડે !**



# રોઝાએ રસૂલ વિશે

## સઊદીના બદ્‌ઈરાદાની ભીતરમાં...

તંત્રી લેખ...

વિશ્વના સહીહુલ અક઼ીદા મુસલમાનો માટે ખૂબ જ ધીરજ માગી લે તેવો વર્તમાન સમય ઉપસ્થિત થયો છે. આજે જગતભરમાં મોટાભાગના દેશોમાં ક્યાંક ગૈરો તરફથી તો ક્યાંક કહેવાતા મુસલમાન કલ્મા ગો ગુમરાહ લોકો તરફથી શારીરિક, આર્થિક, માનસિક, ધાર્મિક દરેક રીતે સાચા અક઼ીદાના મુસલમાનોને રંજાડવાની જાણે હોડ જામી છે. લગભગ જગત હરીફાઈમાં જાણે ઉતાર્યું છે ! રોજ મુસ્લિમો વિરૂધ્ધ કોઈ નવો ઈસ્યુ, કોઈ નવા વિવાદનો ફણગો દેશે દેશમાં જન્મ લે છે અને મુસલમાનોના શાંત જીવનમાં અશાંતિ અજંપો તથા બેચેની પેદા કરી જાય છે. કેટલાક તકવાદી તથા કટ્ટરવાદી, ક઼ોમવાદી તત્વો તથા રાજકરણીઓ હાસ્યાસ્પદ તથા બિનજરૂરી મુદ્દાઓને ચગાવીને પોતાના અંગત સ્વાર્થ ખાતર શાંતિથી જીવતા માનવ સમાજને અશાંતિની તથા તોફાનોની આગમાં ઝોંકી રહ્યા છે, જેને આપણે સૌ અનુભવી રહ્યા છીએ. જો કે અહીંયાં એ સર્વની ચર્ચા નથી કરવી પણ હાલ મુસ્લિમોના દિલને રંજાડનાર એક અતિ ગંભીર સમાચાર જે પ્રદર્શિત થયા કે સઊદી હુકૂમત થકી મુસલમાનનું સર્વસ્વ જે ઝાતે પાક છે તે નબી કરીમ ﷺના રોઝા મુબારકને તોડવા તથા આપના જિસ્મેપાકને અજ્ઞાત સ્થળે ખસેડવાનો પ્લાન રચાઈ રહ્યો છે, એના વિશ્વભરમાં ગહરા પ્રત્યાઘાત પડી રહ્યા છે.

### ★ નજદી વહાબીની યોજના તો છે જ પણ અમલ શક્ય નથી ! ★

બ્રિટનથી પ્રકાશિત થતા અખ્બાર 'ધી ઈન્ડિપેન્ડંટે' દાવો કર્યો છે કે પયગંબર સાહબના મઝાર શરીફને સઊદી ગવર્નમેન્ટ સ્થળાંતરીત કરનાર છે. અલી બિન અબ્દુલ અઝીઝ શબલ નામના સઊદી વહાબી મુફતીએ ગવર્નમેન્ટને આ વિવાદિત સલાહ આપી છે. અખ્બારના મતે આ સઊદી વહાબી મુફતીએ મસ્જિદે નબવી શરીફના અધિકારીઓને ૬૧ પાનાંની એક યોજના રજૂ કરી છે તેમાં આ પ્રસ્તાવ આપવામાં આવ્યો છે. આ યોજનાનો ખુલાસો સઊદી ડૉ. ઈરફાન અલ્વીએ કર્યો છે. સઊદીના મોલ્વીઓ નબી કરીમ ﷺના રોઝા મુબારકની ઝિયારત કરવાને તથા રોઝા મુબારકની તા'ઝીમ કરવાને શિર્ક જણાવી તેનો વિરોધ કરતા આવ્યા છે અને પયગંબર સાહબનું વજૂદ અજ્ઞાત સ્થળે હોય એવું ઈચ્છે છે.

જો કે મક્કા મદીનાની મસ્જિદોની રખેવાળ સંસ્થાએ ઉગ્ર ટીકા કરી કે સ્થળાંતરનો કોઈ ફેંસલો થયો નથી કે એવું થશે નહીં. આ સંસ્થાએ જણાવ્યું કે ''આ એક વ્યક્તિની સલાહ હતી જેને બહાર

લાવી નવો વિવાદ ઉભો કરવાનું કાવત્રુ રચાયું છે. બીજી બાજુ ઈસ્લામિક હેરીટેજ ફાઉન્ડેશન સઊદી અરબિયાના ડિરેકટર ડૉ. ઈરફાન અલ્વી જેઓ મક્કામાં રહે છે અને તે આ વાત બહાર લાવ્યા છે. તેમણે આ ખબર સાચી હોવાનું જણાવી સુન્ની સમાજની મદદ પણ માગી છે. રઝા એકેડમી–મુંબઈના કર્તાહર્તા સઈદ નૂરી સાથે એ મુજબની થયેલી વાતનું રેકોર્ડિંગ તા. ૬/૯/૨૦૧૪ના રોજ રાત્રે મદનપુરા(મુંબઈ)ની ગુંબદે ખદ્‌રા બચાવ પરિષદમાં અવામને સાંભળવામાં આવ્યું હતું.

સારાંશ કે વહાબી સલફી નજદી નવા પેદા થયેલા ધર્મના અક઼ીદા પ્રમાણે તાઝીમે નબી ﷺ શિર્ક છે અને સઊદી વહાબીઓનો પેશવા મુહમ્મદ અબ્દુલવહહાબ નજદી, ગુસ્તાખે નબીએ હુઝૂર ﷺના રોઝા મુબારકને 'સનમે અકબર' એટલે ''મહાન મૂર્તિ'' કહેલ છે ! જ્યારે કે અંગ્રેજોના સહારે ઈ.સ. ૧૯૨૫ના અરસામાં મક્કા મદીના પર નજદી વહાબીઓએ કબજો જમાવ્યો ત્યારે જન્નતુલ મુઅલ્લા તથા જન્નતુલ બક઼ીઅમાં સહાબાએ કિરામ, અહલે બયતે પાક તથા અન્ય મઝારો, ક઼બરો પર બુલડોઝર ફેરવી તોડી પાડી હતી. જેમ કે ''તારીખે નજદો હિજાઝ'' કિતાબમાં છે કે, ''એનાથી પહેલાં સઊદ ઈબ્ને અબ્દુલઅઝીઝના દૌરમાં વર્ણન થઈ ચૂક્યું છેકે સઊદે ગુંબદે ખિદ્‌રાથી સોનાનો હિલાલ તથા ગોળા ઉતારી લીધો હતો અને તેઓ ગુંબદને પણ પાડી નાખવા ચાહતા હતા પરંતુ એ કાર્યકરોમાંથી જેઓ હિલાલ તથા ગોળાને ઉતારવાના માટે ઉપર ચઢયા હતા તે બે માણસો નીચે પડીને મરી ગયા જેના પરિણામે તેમણે ગુંબદ તોડી પાડવાનો ઈરાદો મુલ્તવી કરી આપ્યો. *(પેજ–૨૨૨)*

એ જ પ્રમાણે 'સયફુલ જબ્બાર'માં છે :– ''ગાલીચા, ઝુમ્મરો, ગુંબદે ખિઝરાનું ફાનસ, સોનાનો સંદૂક, સોનાનો ગોળો વિગેરે લૂંટી પોતાના મહેલો શણગાર્યા. સહાબાએ કિરામ, અહલે બયતના મઝારાતો શહીદ કરી નાંખ્યા. જન્નતુલ બકીઅ જન્નતુલ મુઅલ્લાનાં બધાં જ મઝારાતો તોડી જમીન બરાબર કરી તેમના પર કૂતરાં અને ઘોડા દોડાવ્યા. સહાબાઓએ બનાવેલી મસ્જિદો જેવી કે મસ્જિદે ઈબ્ને અબ્બાસ વિગેરે શહીદ કરી દીધી. આ પછી સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلمની કબ્રે અકદસને ખોદવાના બદ ઈરાદે ફૌજ મોકલી પરંતુ હુઝૂરનો એ પ્રસંગે એ મોઅ્જિઝો જાહેર થયો કે, અલ્લાહ તઆલાએ એક અજગર એ વહાબીઓ પર મુકર્રર કરી દીધો અને જે વહાબી રોઝાએ અકદસની શહાદત માટે આગળ વધતો ત્યારે પેલો અજગર પોતાના મોઢામાંથી આગના ભડકા કાઢી તેને જલાવી ખાક કરી દેતો હતો. થોડાક વહાબીઓ હલાક થઈ ગયા પછી કોઈ વહાબીની આગળ આવવા હિમ્મત થઈ નહીં.'' *(સયફુલ જબ્બાર)*

સારાંશ કે રોઝા મુબારક તોડવાનો પણ ત્યારે પ્રયાસ થયેલો પણ અજ્ઞાત ભયના કારણે ત્યારે શક્ય ન બન્યું અને ઈન્શા અલ્લાહ ! અત્યારે પણ અને ક઼યામત સુધી એ શક્ય થશે નહીં. કારણ કે નબી કરીમ ﷺને રબ તઆલાનો વાયદો છે : **وَاللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ** ''હે મહબૂબ ! અલ્લાહ તઆલા તમને લોકોથી બચાવશે.'' *(સૂ. માઈદહ, ૬૭)*

જેથી સુન્ની મુસલમાનો ઈત્મિનાન રાખે કે એવું થઈ શકશે નહીં, અને એવો કોઈ પ્રયત્ન પણ કરશે તો તે યકીનન ! બરબાદ થઈ જશે.

## ★ આ યોજના મોમિનોની નથી, ઈસાઈ યહૂદીની છે ! ★

અંગ્રેજોની ગુલામી સ્વીકારીને સત્તા પર આવેલા નજદી સઊદીએ નવો ધર્મ વહાબી અપનાવીને ઈસાઈ યહૂદીના હેતુને બર આણ્યો છે. અને એમનો વરસો પૂરાણો પ્લાન જે હુઝૂરે અક઼દસ ﷺના

શરીર મુબારકને તબદીલ કરવાનો હતો તેને પૂર્ણ કરવાની વેતરણમાં પડેલા જણાય છે. જેમ કે હિ. સ. ૫૫૭માં ઈસાઈઓ આ પ્રયત્ન કરી ચૂક્યા છે જેના માટે ઈતિહાસ સાક્ષી છે

સુલ્તાને આદિલ નૂરૂદ્દીન જંગીએ એક વાર તહજ્જુદની નમાઝ બાદ ત્રણવાર ખ્વાબ જોયો કે હુઝૂરે અક્દસ ﷺ બે શખ્સોને બતાવીને આદેશ આપી રહ્યા છે કે, "હે નૂરૂદ્દીન ! તમે આ બંનેવને મારાથી અલગ કરો ! તમે આ બંનેવથી મને બચાવો !"

સુલ્તાન આ ખ્વાબ જોતાં ગભરાય જાય છે અને પોતાના દીનદાર વઝીર જમાલુદ્દીન મુસ્લીને આ ખ્વાબ વિશે જણાવે છે તો તે પણ બેચૈન થઈ જાય છે અને વ્યાકૂળતાપૂર્વક અર્ઝ કરે છે કે આ ખ્વાબની તાબીર એ છે કે જરૂર મદીના શરીફમાં કોઈ અઘટિત બનાવ બનવા પામ્યો છે. જેથી હવે એક પલના વિલંબ વિના આપણે ખામોશીપૂર્વક તદ્દન ગુપ્ત રીતે મદીના મુનવ્વરા હાજર થઈ જઈએ. વીસ માણસો સાથે પુષ્કળ પ્રમાણમાં દૌલત લઈને તેજ રફતાર સવારીઓ પર સફર થઈને કેવળ ૧૬ દિવસોમાં સીરિયાથી મદીના પાક પહોંચી ગયા. મસ્જિદે નબવીમાં બે રકાત નમાઝ પઢી સલાતો સલામ અર્ઝ કરીને મસ્જિદના સહેનમાં બેઠક જમાવી. વઝીરે એલાન કરાવ્યું કે સુલ્તાન અત્યારે ક઼બ્રે અન્વરની ઝિયારત માટે હાજર થયા છે અને મદીનાની દરેક વ્યક્તિને ભેટ રૂપે એક મોટી રકમ આપવા ઈચ્છે છે જેથી મદીનાવાસી પોત પોતાની ભેટ લઈ જાય. જેથી તમામ મદીનાવાસીઓ સુલ્તાનની બારગાહમાં હાજર થઈને પોત પોતાની ભેટ વસૂલ કરતા રહ્યા. જ્યારે આવન જાવન બંધ થઈ તો સુલ્તાને પૂછ્યું કે હજી કોઈ મદીના શરીફમાં રહેનાર આવવાનો બાકી છે ? લોકોએ જણાવ્યું કે એમાંથી તો કોઈ બાકી નથી, પણ રોમના રહેવાસી બે ખૂબ જ આબિદ ઝાહિદ શખ્સો એવા છે જેઓ કદી ભેટ સ્વીકારતા નથી બલ્કે ખૂદ અગણિત માલો દૌલતને ખૈરાત કરતા રહે છે, તે બંને હાજર નથી થયા. તેમને હાજર કરવાનો હુકમ થયો તો તે બંનેવ હાજર થયા. તેમને જોતાં જ સુલ્તાનની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ કે આ જ તે બે જણા છે જેમને ખ્વાબમાં બતાવીને નબી કરીમ ﷺએ ફર્માવ્યું હતું કે, "હે નૂરૂદ્દીન ! તમે આ બંનેવને મારાથી દૂર કરો !"

ટૂંકમાં એ કે છેવટે તેમની ધરપકડ કરવામાં આવે છે અને રિમાન્ડ પર લેતાં તેઓ સ્વીકારી લે છે કે અમે બંનેવ ઈસાઈ છીએ અને અમને રોમના ઈસાઈઓએ પુષ્કળ માલો દૌલત આપીને પશ્ચિમી હાજીઓ સાથે એ હેતુસર અમને મોકલ્યા છે કે પયગંબરે ઈસ્લામના શરીર મુબારકને કાઢીએ. અમે રોઝા મુબારક નજીક રહેઠાણ બનાવી લીધું અને આખી રાત સુંરગ ખોદીએ છીએ અને માટીને થેલામાં ભરીને દરરોજ સવારે જન્નતુલ બક઼ીઅમાં ફેંકી આવીએ છીએ. અને કાલે રાત્રે અમે શરીર મુબારક કાઢવાના હતા પણ અચાનક રાત્રે સખત વીજળી વરસાદનું તોફાન આવી જવાથી અમે એ કામ કરી ન શક્યા, અને આજે સવારે અચાનક સુલ્તાન આવી જતાં અમે પકડાઈ ગયા. સુલ્તાને બંનેવની ગરદન ઉડાડી મૂકી. પછી રોઝા મુબારકની આસપાસ ચારેવ તરફ ખૂબ જ ઊંડી ખાઈઓ ખોદાવીને તેમાં સીસુ પીગળાવીને ભરી આપ્યું જેથી ક઼બ્રે અન્વરની ચો તરફ ફરતે દીવાલમાં કોઈ ગાબડુ ન પાડી શકે. *–(હવાલો : વફાઉલ વફા, ભાગ–૨, પેજ : ૬૪૮)*

### ★ આવી જ એક અન્ય મલીન યોજના પણ નિષ્ફળ થયેલી ! ★

જ્યારે મિસરના ઓબૈદી ખાનદાનના બાદશાહની હિજાઝ પર સત્તા છવાઈ ગઈ તો કેટલાક અધર્મીઓએ બાદશાહને એવો નાપાક મશ્વરો આપ્યો કે જો રોઝએ મુનવ્વરાને ખોદીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم

ના જિસ્મે અન્વર (શરીર મુબારક) અને હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમર رضی اللہ عنہما ના મુબારક જિસ્મોને મદીના મુનવ્વરાથી લઈ જઈને મિસરમાં દફન કરી દેવામાં આવે તો મિસરની ઈજ્જત તથા અઝમતમાં ચાર ચાંદ લાગી જશે, કેમ કે તમામ ઈસ્લામી દુનિયાના ઝિયારત કરનારાઓ મદીના મુનવ્વરાને બદલે મિસર આવવા માંડશે. મિસરના મૂર્ખ તથા બેદીન બાદશાહને આ મશ્વરો પસંદ પડયો ! અને તેણે એક અતિ વિશ્વાસુ દરબારીને આ વિકટ કામ માટે મદીના મુનવ્વરા મોકલી આપ્યો, જેનુ નામ 'અબુલ ફતહ' હતું. મદીનાવાસીઓને આ નાપાક મનસૂબાની ખબર થઈ ગઈ હતી જેથી જેવો અબુલ ફતહનો કાફલો આ મનહૂસ ઈરાદા સાથે મદીના મુનવ્વરામાં પ્રવેશ્યો તેવી જ મદીનાના એક ક઼ારીએ આમ મજમામાં આ આયત તિલાવત કરી દીધી :–

**(અર્થ)** : "શું તમે લોકો એ ક઼ૌમ સાથે જંગ નહીં કરો જેમણે પોતાની ક઼સમોને તોડી નાખી અને રસૂલને કાઢવાનો ઈરાદો કરી નાખ્યો, જ્યારે કે તેમના તરફથી પહેલ થઈ છે, શું તેમનાથી ડરો છો ? વળી અલ્લાહ એનો અધિક હક્કદાર છે કે તેનાથી ડરો જો ઈમાન ધરાવતા હોઉ."

ક઼ારીએ એવા પુરદર્દ લહેજામાં આ આયતને પઢી કે મદીનાવાસીઓના દિલોમાં મહબ્બતે રસૂલના જોશનો એક જ્વાળામુખી ફાટી નીકળ્યો અને લોકો ગુસ્સામાં ભરાઈને એટલા જોશમાં આવી ગયા કે અબુલ ફતહ અને તેના સાથીઓના ટુકડે ટુકડા કરી નાખવા તૈયાર થઈ ગયા, અને એ રાત્રે અચાનક એવી ભયાનક આંધી આવી કે ઊંટો તેના પરની બેઠક સહિત અને ઘોડા ઝીન તથા સવાર સાથે જમીન પર ગબડવા લાગ્યા. આ કુદરતી દ્રશ્યો જોઈને અબુલ ફતહના દિલમાં એવો તો ભય ઘર કરી ગયો કે તે બીકનો માર્યો કાંપવા લાગ્યો અને ક઼સમ ખાઈ ખાઈને એ એલાન કરવા લાગ્યો કે જો મિસરનો બાદશાહ મારું માથુ પણ ઉડાવી દેશે છતાં હું આ મનહૂસ મનસૂબા પર કદાપિ અમલ કરીશ નહીં. આ સાંભળીને મદીનાવાસીઓ શાંત બન્યા અને પોતાની જાન બચાવીને અબુલ ફતહ મિસર ચાલ્યો ગયો અને બાદશાહને એટલો ડરાવ્યો કે તેના હોશ ઉડી ગયા અને તેણે આ મનસૂબાથી તૌબા કરી લીધી. *–(જઝ્બુલ કુલૂબ, પેજ–૧૨૬, અઝ : શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ)*

## ★ ચાલીસ હલબી જીવતા દટાઈ મર્યા ★

'મુહિબ્બે તિબરી'એ પોતાની કિતાબ 'રિયાઝુન્ નઝરહ'માં લખ્યું છે કે એક વખત 'હલબ'ના કેટલાક રાફઝીઓએ લાખો અશરફીઓની રકમ અને અગણિત તોહફાઓ મદીનાના અમીરને લાંચ રૂપે એ મક઼સદથી આપ્યા કે તેમને મસ્જિદે નબવીમાં રાતભર રહેવા અને રોઝા મુબારકમાં ખોદકામ કરીને હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہما ના મુબારક શરીરોને ક઼બ્રે અન્વરમાંથી કાઢીને લઈ જવાની ઈજાઝત આપી દે. લાંચિયો બદ્‌કાર અમીર લાલચનો શિકાર થઈ અને ખૂંખાર દરિન્દાઓને મસ્જિદે નબવી શરીફમાં રાતવાસો રહેવાની અને પોતાનો મનસૂબો પૂરી કરી લેવાની ઈજાઝત આપી. અને મસ્જિદે નબવીના શૈખુલ્ ખુદ્દામ શમ્સુદ્દીન સવ્વાબને હુકમ આપી દીધો કે જે સમયે રાત્રે આ રાફઝીઓની ટોળકી મસ્જિદે નબવીમાં દાખલ થવા ચાહે ત્યારે તેમના માટે દરવાજો ખોલી આપવો.

'શમ્સુદ્દીન સવ્વાબ'નું બયાન છે કે અડધી રાત્રે ચાલીસ માણસોની ટોળકી કોદાળા, પાવડા અને અન્ય ખોદકામના સામાન સાથે મસ્જિદે નબવીમાં પ્રવેશી અને હું મસ્જિદના દરવાજા પાસે બેસીને

રડવા લાગ્યો. પણ હું મારા મૌલાની શાન પર કુર્બાન ! કે જેવા આ મરદૂદ લોકો મિમ્બર શરીફની નજીક પહોંચ્યા તેવા એકદમ તમામે તમામ જમીનમાં ધસવા લાગ્યા એટલે સુધી કે જીવતા દટાઈ મર્યા ! ૨/૩ રાત પસાર થયા બાદ મદીનાના અમીરે મને બોલાવીને તેમના વિશે પૂછયું તો મેં આંખે દેખ્યો હાલ જણાવી દીધો. મદીનાના અમીરે મને ધમકાવતાં કહ્યું કે તું બિલકુલ પાગલ અને દીવાનો થઈ ગયો છે ! એવું શી રીતે શક્ય છે કે પથ્થરની ફર્શમાં ચાલીસ માણસો જીવતા ધસી જાય ?! મેં અર્ઝ કરી કે હે અમીર ! જાતે આવીને તમારી આંખે જોઈ લો કે હજી સુધી તેમનાં કેટલાક કપડાં વગેરે જમીનમાં ધસેલાં નિશાનરૂપે મૌજૂદ છે જે જોઈ શકાય છે. આ સાંભળતાં અમીરે મદીના અવાક બની ગયો ! અને કહેવા લાગ્યો કે, ખબરદાર ! કદાપિ આ ભેદ તું કોઈની સમક્ષ ખોલીશ નહીં ! નહીં તો તલ્વારથી તારું ડોકુ ઉડાવી દઈશ ! *(જઝ્બુલ્ કુલૂબ, પેજ-૧૨૭)*

મક્કાના કાફિરો તથા મદીનાના યહૂદીઓ ભરપૂર કોશિશો કરતા રહ્યા કે પયગંબરે ઈસ્લામનો ખાત્મો કરીને ઈસ્લામનું નામ નિશાન મિટાવી દે. કયારેક રાત્રે કાશાનએ નબુવ્વતનો ઘેરાવ કરીને પયગંબરે બર હક્કના કત્લનો મનસૂબો બનાવ્યો, કદીક સફર દરમ્યાન રાતના અંધારામાં અચાનક કત્લ કરી નાખવાનો પ્લાન તૈયાર કર્યો, કયારેક જંગના મેદાનમાં હુમલો કરીને શહીદ કરી દેવાનો નિશ્ચય કર્યો, કયારેક જાદૂ કરીને, ક્યારેક ઊંચાઈ પરથી પથ્થર ગબડાવીને, કયારેક ઝહેર ખવડાવીને મારી નાખવાનો પ્રોગ્રામ બનાવ્યો. મતલબ કે પયગંબરે ઈસ્લામના નામો નિશાનને મિટાવી દેવા માટે તરહ તરહની યુક્તિઓ કરવામાં આવી, તેમ છતાં ખુદાવંદે કુદુસે પોતાના હબીબ ﷺ થી એ વાયદો ફર્માવી લીધો હતો કે, "હે મહબૂબ ! અલ્લાહ તમને તે લોકોથી બચાવશે." જેથી દરેક પ્રસંગે ખુદાનો વાયદો પૂરો થયો અને જ્યારે પણ કાફિરોએ કોઈ ધોકો કરી હુમલો કર્યો અને ચિરાગે નબુવ્વતને બુઝાવવાનો ઈરાદો કર્યો તો ખુદા તરફથી એવી મદદ તથા હિફાઝત ફર્માવવામાં આવી કે કાફિરોનો મનસૂબો નિષ્ફળ ગયો. અને કુદરત પોકારી ઉઠી કે :–

***નૂરે ખુદા હૈ કુફ્રકી હરકતપે ખંદાઝન–ફૂંકોંસે યે ચિરાગ બુઝાયા ન જાએગા***

બિરાદરાને મિલ્લત ! જેવી રીતે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝાતે ગિરામીને અલ્લાહ તઆલાએ પોતાની હિફાઝતના પહેરામાં માસૂમ તથા મહફૂઝ રાખ્યા કે દુનિયાનો કોઈપણ દુશ્મને રસૂલ ન આપને કત્લ કરી શક્યો ન આપનું નામો નિશાન મિટાવી શકયો. એ જ રીતે આપની કબ્રે મુનવ્વરને પણ ખુદાવંદે આલમે પોતાની હિફાઝતના વર્તુળમાં એ રીતે માસૂમ તથા મહફૂઝ ફર્માવી લીધી છે કે કોઈ દુશ્મને રસૂલ કબ્રે અન્વર સુધી પહોંચી જઈ આપના મુકદ્દસ વજૂદની તૌહીન કરવાની અને આપને તકલીફ પહોંચાડવાની શકિત નથી પામી શકતો. જેમ કે તમે જોયું કે રોમના નસરાનીઓ હોય કે મિસરના અધર્મીઓ, હલબના રાફઝીઓ હોય કે અન્ય મલઊનો હોય, જેમણે પણ કબ્રે અન્વર ખોદવાનો પ્રોગ્રામ બનાવ્યો તેઓ તબાહ થઈ ગયા.

## ★ ગુસ્તાખના માથા પર પથ્થર ! ★

હિ.સ. ૯૧ માં ઉમવી ખલીફા વલીદ ઈબ્ને અબ્દુલ મલિકના હુકમથી મદીના મુનવ્વરાના ગવર્નર ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝે મસ્જિદે નબવીની તામીરના માટે કબ્રે અનવરના હુજરાની દીવાલોને તોડી નાખવાનો હુકમ આપ્યો. દીવાલ પડતાં જ કબ્રે અનવર દેખાવા લાગી. એક રોમી કડીયો જે

નસરાની હતો. તેણે એ જોઈને કે અત્યારે મસ્જિદમાં કોઈ હાજર નથી, એણે પોતાના નસરાની સાથીઓને કહ્યું કે, ''હું પયગંબરે ઈસ્લામની કબર પર પેશાબ કરીશ !'' તેના સાથીઓએ તેને આ નાપાક ઈરાદાથી રોકાઈ જવા ખૂબ સમજાવ્યો પણ તે મલઊન માન્યો નહીં. પરંતુ હજી તે બદ્ઈરાદે ચાલ્યો જ હતો એવામાં ઉપરથી એક પથ્થર તેના માથા પર પડયો અને તેનું ભેજુ ખીમો થઈને વેરાઈ ગયું ! આ મો'જિઝો જોઈને કેટલાયે નસરાની કડીયા તે જ વખતે મુસલમાન થઈ ગયા. *(વફાઉલ વફા, ભાગ–૨, પેજ–૫૧૯)*

હુઝૂરે અક્દસ ﷺના શરીર મુબારકને અજ્ઞાત સ્થળે ખસેડવાનો ખયાલ કરનારા મુર્તદો મુનાફિકો એ વાત ભૂલી જાય છે કે ખૂદ નબી કરીમ ﷺએ ફર્માવ્યું છે કે કયામતની નજીક હઝરત ઈસા عليه السلامનું આસ્માનથી ઉતરાણ થશે, આપના હાથે દજ્જાલ કત્લ થશે અને આપ ૪૦ વરસ દુનિયામાં રહેશે, નિકાહ પણ કરશે અને બાળકો પણ થશે. અને હઝરત ઈસા عليه السلام વફાત પછી હુઝૂરે અક્દસ ﷺના રોઝા મુબારકમાં દફન થશે.

તેમજ નજદી વહાબીઓ એ વાત ભૂલી જાય છે કે રસૂલે પાક ﷺએ એવું ફર્માવ્યું છે કે કયામતના દિવસે સૂર ફૂકાતાં સૌ પ્રથમ હુઝૂરે અન્વર ﷺ કબ્ર મુબારકથી એવી રીતે નીકળશે કે જમણા હાથમાં હઝરત સિદ્દીકે અકબર رضي الله عنهનો હાથ અને ડાબા હાથમાં હઝરત ફારૂકે આ'ઝમ رضي الله عنهનો હાથ હશે. *(બહારે શરીઅત)*તેમજ ઉમ્મતનો એ વાત પર ઈજમાઅ છે કે, ''કબ્રે અન્વરનો તે ભાગ જે હુઝૂરે અન્વર ﷺના પવિત્ર શરીરથી સ્પર્શેલો છે તે કા'બા કરતાંય બલ્કે અર્શથી પણ અફઝલ છે.''

સારાંશ કે મુસલમાનો યકીન રાખે કે નબી પાક ﷺના દુશ્મનો ચાહે ખુલ્લા કાફિરો હોય કે નજદી વહાબી જેવા મુનાફિકો હોય કોઈની શક્તિ નથી કે તે અલ્લાહના પ્યારા રસૂલ, મહબૂબે ખુદા ﷺના રોઝાની તબદીલી કે બેઅદબી કરે કે જિસ્મે પાકને ત્યાંથી હટાવી શકે. જે પણ એવો પ્રયત્ન કરશે તેની તબાહી નિશ્ચિત છે. ઈન્શાઅલ્લાહ ! હાલના નજદી વહાબી સઊદી પણ જો આ દિશામાં કોઈ પગલુ ભરશે તો સમજી લો કે એમના દિવસો ભરાઈ ગયા ! અલ્લાહ સર્વ મુસલમાનોને નબી પાક ﷺની બારગાહનો અદબ કરનાર બનાવે.

## ★ બારગાહે નબવીમાં હાજરીના આદાબ તથા ફુયૂઝો બરકાત ★

સહાબાએ કિરામથી અત્યાર સુધીના બુઝુર્ગોએ બારગાહે નબવી ﷺથી ફયઝો બશારતો



પામ્યાના અનેક બનાવોથી ઈતિહાસ ભરેલો પડયો છે. જેમ કે સર્વ બુઝુર્ગોનો અકીદો તો પહેલેથી આ છે, જ્યારે હાલના નજદી વહાબી બારગાહે રસૂલની હાજરી તથા તેમની તા'ઝીમને શિર્ક કહે છે ! જેમ કે બગદાદનો ખલીફા મન્સૂર મસ્જિદે નબવીમાં હાજર થયો તો ઈમામ માલિક رحمة الله عليه સાથે વાતચીત દરમ્યાન તેનો અવાજ મોટો થઈ ગયો તો ઈમામ માલિકે તેને ધમકાવતાં ખુદાનું ફર્માન સંભળાવ્યું કે, **''તમારા અવાજોને નબીના અવાજથી મોટા ન કરો.''** અને જણાવ્યું કે હુઝૂર ﷺની અદબ

તથા તા'ઝીમ આજે પણ એટલી જ જરૂરી છે જેટલી કે તેમની જાહેરી જિંદગીમાં હતી. તો ખલીફા મન્સૂર ઠંડો પડી ગયો અને ધીરા અવાજે મસ્અલો પૂછયો કે હે ઈમામ માલિક ! હું હુઝૂર ﷺના દરબારમાં સલામ અર્ઝ કરી ચૂક્યો તો હવે કબ્રે અન્વર તરફ મોઢું રાખી ખુદાથી દુઆ કરું કે કા'બા શરીફ તરફ ચહેરો કરું ? હઝરત ઈમામ માલિકે જવાબ આપ્યો કે, "તમે તમારો ચહેરો હુઝૂર ﷺથી કેવી રીતે ફેરવશો ?! જયારે કે તે બારગાહે ખુદાવંદીમાં તમારો અને તમારા બાપ આદમ علیہ السلامનો વસીલો છે. તમો હુઝૂર ﷺ તરફ ચહેરો કરીને ખુદા પાકથી દુઆ કરો અને બારગાહે રબમાં તેમને શફીઅ બનાવો, તો તેમના વસીલાથી ખુદા તમારી દુઆ કબૂલ કરશે. ખુદાના આ ફર્માનને યાદ રાખો કે, (અર્થ) : "જે લોકો પોતાની જાનો પર જુલ્મ કરી લે તો તેમણે જોઈએ કે તમારી પાસે હાજર થાય, પછી અલ્લાહથી પોતાના ગુનાહોની માફી ચાહે, અને રસૂલ પણ તેમની માફીની ભલામણ કરે તો યકીનન ! અલ્લાહને માફ કરનાર મહેરબાન પામશે." *(વફાઉલ વફા, ભાગ : ૪, પેજ : ૧૩૭૬)*

## ★ બારગાહે નબી ﷺમાં હાજરી વિશે સહાબા તથા બુઝુર્ગોનો અકીદો ★

મદીના મુનવ્વરાનો ઉમવી ગવર્નર મરવાન ઈબ્ને હકમ રોઝા મુબારક પાસે હાજર થયો તો જોયું કે એક શખ્સ કબ્રે અન્વર સાથે બાઝેલો છે. મરવાને તેની ગરદન પકડીને ઉઠાડયો અને કહ્યું કે હે શખ્સ ! તને કાંઈ ખબર છે ? કે તું શું કરી રહ્યો છે ? તો તેણે જવાબ આપ્યો કે, હા ! હું સારી રીતે જાણુ છું કે હું શું કરી રહ્યો છું ! હે મરવાન ! હું માટી અને પથ્થરની પાસે નથી આવ્યો, બલ્કે હું રસૂલુલ્લાહ ﷺના દરબારમાં હાજર છું, હે મરવાન ! જયારે દીનદાર લોકો સરદાર બને તો રડવાની જરૂરત નથી પરંતુ જયારે નાલાયક લોકો દીનના વાલી બને તો રડવું જોઈએ ! મરવાન આ ગરમાગરમ શબ્દો સાંભળીને ચુપચાપ ચાલ્યો ગયો. મુત્તલિબ ઈબ્ને અબ્દુલ્લાહ કહે છે કે આ બુઝુર્ગ જેમણે મરવાન ગવર્નરને થથરાવીને ધમકાવ્યો એ એક જલીલુકદર સહાબી હઝરત અબૂ અય્યૂબ અન્સારી رضی اللہ عنہ હતા. –*(વફાઉલ વફા, પેજ–૧૪૦૪)*

હઝરત હસન બસરી رضی اللہ عنہથી મરવી છે. ફર્માવે છે કે હાતિમ અસમ બારગાહે નબી ﷺમાં હાજર થયા અને અર્ઝ કરી, "હે અલ્લાહ ! અમે તારા નબી કરીમ ﷺની કબ્રે અન્વરની ઝિયારત કરી છે જેથી અમને નામુરાદ તથા નાકામ પરત ન ફર્માવ !" તો તેમને અવાજ આવ્યો, "હે હાતિમ! અમે તને અમારા મહબૂબના મઝારની ઝિયારતની ઈજાઝત જ એ સમયે આપી જયારે અમે તને કબૂલ કરી લીધો હતો, જેથી તમે તથા તમારા સર્વ સાથી મગફેરત તથા બખ્શિશની ખુશખબરી લઈને ઘરે પરત થઈ જાવ !"

ફર્માવે છે : અમને આ રિવાયત પહોંચી છે કે જે શખ્સ મહબૂબે ખુદા ﷺના મઝાર પુર અન્વાર પર ઉભો થઈને આ આયતે મુબારકા : *(પૂરી આયત....)* ...اِنَّ اللّٰهَ وَمَلٰٓئِكَتَهٗ يُصَلُّوْنَ ની તિલાવત કરે પછી સિત્તેરવાર **સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ** ! પઢે તો તેને ફરિશ્તો પોકારીને કહેશે, હે ફલાણા ! તારા પર પણ અલ્લાહ તઆલાના તરફથી સલામતી તથા રહમત થાય. અને તેની સર્વ હાજતો પૂરી કરી દેવામાં આવે છે. *(શવાહિદુલ હક્ક, પેજ–૧૪૧ ઉર્દૂ, અઝ : અલ્લામા યૂસુફ નબહાની رحمۃ اللہ علیہ)*

હઝરત અલ્લામા ઈમામ અતબી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હું હુઝૂરે અકદસ ﷺની પાસે બેઠેલો

હતો. એવામાં એક અઅ્રાબી આવ્યો અને કહેવા લાગ્યો, અસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ ! મેં અલ્લાહનું ફર્માન સાંભળ્યું છે કે, ''જે લોકો પોતાની જાનો પર જુલ્મ કરી લે તો તેમણે જોઈએ કે તમારી પાસે હાજર થાય, પછી અલ્લાહથી પોતાના ગુનાહોની માફી ચાહે, અને રસૂલ પણ તેમની માફીની ભલામણ કરે તો યકીનન ! અલ્લાહને માફ કરનાર મહેરબાન પામશે.'' જેથી હું આપની પાસે અલ્લાહની બારગાહમાં મગફેરત માટે આપને સિફારશી બનાવું છું. પછી એક શેઅર પઢયો જે આજે પણ મવાજએ અક્દસ પર લખેલો છે. પછી તે ચાલ્યો જાય છે. અલ્લામા અ્તબી કહે છે કે મારી આંખ લાગી ગઈ અને મને ખ્વાબમાં નબી કરીમ ﷺની ઝિયારત નસીબ થઈ. હુઝૂર ﷺએ ફર્માવ્યું, ''અઅ્રાબી પાસે જાવ અને તેને ખુશખબરી આપો કે અલ્લાહે તેની બખ્શિશ ફર્માવી આપી છે !''.....*(તફસીરે ઈબ્ને કષીર, પારા : ૫)*

ખૂદ નબી કરીમ ﷺએ ફર્માવ્યું : ''જેણે બયતુલ્લાહનો હજ્જ કર્યો અને મારી ઝિયારત ન કરી તેણે મારી સાથે જફા કરી.''

ઈમામ નવવી શાફઈ رضی اللہ عنہ ઈઝાહુલ મનાસિકમાં ''આદાબે ઝિયારતે બારગાહે નબવી'' વિશે ફર્માવે છે કે જયારે હાજીઓ હજ્જ તથા ઉમરાથી ફારિગ થઈને મક્કા મુકર્રમા પરત થાય તો જોઈએ કે રસૂલે પાક ﷺના શહેર નબી કરીમ ﷺની તુરબતની ઝિયારતના માટે ધ્યાનિત થાય કેમ કે તે મહત્વની કુર્બતો તથા ઈબાદતોમાંથી છે અને પરિણામ લાવનારી કોશિશ છે. બઝ્ઝાર તથા દારકુત્નીએ પોતાની સનદોની સાથે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી નક્લ કર્યુ છે : રહમતે આલમ ﷺએ ફર્માવ્યું, ''જેણે મારી ક્બ્રની ઝિયારત કરી તેની શફાઅત મારા પર વાજિબ તથા લાઝિમ થઈ ગઈ.'' *(શવાહિદુલ હક્ક, પેજ : ૧૨૬)*

ઈમામ તિર્મિઝીએ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ''જયારે લોકોને ક્યામતના દિવસે ઉઠાડવામાં આવશે તો હું સૌ પ્રથમ મારા મઝારે અક્દસ ﷺથી નીકળનારો છું. અને હું જ તેમના તરફથી અલ્લાહ તઆલાની સાથે કલામ (વાતચીત) કરીશ જયારે તેઓ રબની બારગાહમાં સાઈલ બનીને હાજર હશે. અને હું જ તેમને મગફેરત તથા બખ્શિશ સંભળાવીશ જયારે તેઓ નિરાશ થવા લાગશે. લિવાઉલ હમ્દ (હમ્દનો ઝંડો) એ દિવસે મારા હાથમાં હશે. **હું આદમની તમામ અવલાદ અને માનવ વંશમાં અલ્લાહની નજીક સૌથી ઈજ્જતવાન તથા સન્માન પાત્ર છું.** અને આ જાહેરાત તથા એલાન ઘમંડના રૂપે નથી કરી રહ્યો (બલ્કે હકીકતનું વર્ણન તથા નેઅમતના શુક્રના રૂપે છે.)'' *(શવાહિદુલ હક્ક ઉર્દૂ, પેજ : ૧૯૪, ૧૯૫)* આવી ૪૦ હદીષો આ કિતાબમાં વર્ણન થયેલી છે.

સારાંશ કે આપ ખૂદ ફૈંસલો કરી શકો છો કે હુઝૂરે અક્દસ ﷺને શફાઅત કરનાર માનીને ખાસ હુઝૂર ﷺના રોઝા મુબારકની ઝિયારતની નિય્યતે અતિ તા'ઝીમ સાથે સહાબા, તાબઈન તથા ઈમામો, બુઝુર્ગો હાજર થતા રહ્યા તે ઈમાન તથા શિર્કને જાણનાર હતા કે આ અંગ્રેજોના જોરે સત્તા પર આવેલા નજદી વહાબી સઊદી શિર્કને સમજનારા ગણાશે ?! શિર્કના ગલત અર્થો રજૂ કરીને આ મુનાફિકો સરકાર ﷺના રોઝા મુબારકની બેઅદબીની યોજનાઓની ચર્ચા હાથ ધરી રહ્યા છે, પણ એમની મુરાદ કદી બર આવશે નહીં, બલ્કે એ પોતાની જ તબાહીને દા'વત છે. (ઈન્શાઅલ્લાહ !)

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઇરફાન


અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ


**સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

يٰۤاَيُّهَا الَّذِيْنَ
اٰمَنُوْا لَا تَقُوْلُوْا رَاعِنَا وَقُوْلُوا انْظُرْنَا وَاسْمَعُوْا ؕ
وَلِلْكٰفِرِيْنَ عَذَابٌ اَلِيْمٌ ﴿۱۰۴﴾ مَا يَوَدُّ الَّذِيْنَ
كَفَرُوْا مِنْ اَهْلِ الْكِتٰبِ وَلَا الْمُشْرِكِيْنَ اَنْ يُّنَزَّلَ
عَلَيْكُمْ مِّنْ خَيْرٍ مِّنْ رَّبِّكُمْ ؕ وَاللّٰهُ يَخْتَصُّ بِرَحْمَتِهٖ
مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ﴿۱۰۵﴾ مَا نَنْسَخْ
مِنْ اٰيَةٍ اَوْ نُنْسِهَا نَاْتِ بِخَيْرٍ مِّنْهَآ اَوْ مِثْلِهَا ؕ اَلَمْ
تَعْلَمْ اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿۱۰۶﴾ اَلَمْ تَعْلَمْ
اَنَّ اللّٰهَ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَمَا لَكُمْ
مِّنْ دُوْنِ اللّٰهِ مِنْ وَّلِيٍّ وَّلَا نَصِيْرٍ ﴿۱۰۷﴾ اَمْ تُرِيْدُوْنَ اَنْ
تَسْـَٔلُوْا رَسُوْلَكُمْ كَمَا سُئِلَ مُوْسٰى مِنْ قَبْلُ ؕ وَمَنْ
يَّتَبَدَّلِ الْكُفْرَ بِالْاِيْمَانِ فَقَدْ ضَلَّ سَوَآءَ السَّبِيْلِ ﴿۱۰۸﴾
وَدَّ كَثِيْرٌ مِّنْ اَهْلِ الْكِتٰبِ لَوْ يَرُدُّوْنَكُمْ مِّنْۢ بَعْدِ
اِيْمَانِكُمْ كُفَّارًا ۚۖ حَسَدًا مِّنْ عِنْدِ اَنْفُسِهِمْ مِّنْۢ بَعْدِ مَا
تَبَيَّنَ لَهُمُ الْحَقُّ ۚ فَاعْفُوْا وَاصْفَحُوْا حَتّٰى يَاْتِيَ اللّٰهُ
بِاَمْرِهٖ ؕ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿۱۰۹﴾

## સૂરએ બક઼રહની તફસીર

**અય ઇમાનવાળાઓ[૧૮૪] 'રાઇના' ન કહો અને એવી વિનંતી કરો કે હુઝૂર અમારા તરફ જુઓ અને પ્રથમથી જ ધ્યાનપૂર્વક સાંભળો[૧૮૫] અને કાફિરો માટે દુ:ખદાયક અઝાબ[૧૮૬] (૧૦૪)**

**તેઓ જે કાફિર છે કિતાબી અથવા મુશ્રિક[૧૮૭] તેઓ નથી ઇચ્છતા કે તમારા પર કોઇ ભલાઇ ઉતરે તમારા રબ પાસેથી[૧૮૮] અને અલ્લાહ પોતાની રહમતથી જેને ઇચ્છે તેને ખાસ કરે છે, અને અલ્લાહ મોટા ફઝલવાળો છે (૧૦૫) જ્યારે કોઇ આયત અમે મન્સૂખ કરીએ અથવા ભૂલાવી દઇએ[૧૮૯] તો તેનાથી સારી અથવા તેના જેવી લઇ આવીશું. શું તને ખબર નથી કે અલ્લાહ સર્વ કંઇ કરી શકે છે (૧૦૬) શું તને ખબર નથી કે અલ્લાહ માટે જ છે આસ્માનો અને જમીનનું રાજ અને અલ્લાહ સિવાય તમારો ન કોઇ તરફ-દાર ન મદદગાર (૧૦૭) શું (તમે) એ ઇચ્છો છો કે પોતાના રસૂલને એવો સવાલ કરો જે મૂસાને પહેલાં થયો હતો[૧૯૦] અને જે ઇમાનના બદલે કુફ્ર લે[૧૯૧] તે ખરો માર્ગ ભૂલી ગયો (૧૦૮) ઘણા કિતાબવાળાઓએ ઇચ્છયું[૧૯૨] કાશ! તમને ઇમાન પછી કુફ્ર તરફ ફેરવી દે પોતાના દિલોની બળતરાથી[૧૯૩] એ પછી કે હક તેઓ પર ખૂબ સ્પષ્ટ થઇ ચૂક્યું છે તો તમે જવા દો અને દરગુઝર કરો ત્યાં સુધી કે અલ્લાહ પોતાનો હુકમ લાવે, બેશક! અલ્લાહ દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે (૧૦૯)**

૧૮૩. હુઝૂર ﷺ અને કુરઆને પાક પર;

૧૮૪. જ્યારે હુઝૂર ﷺ સહાબાને કંઇ તાલીમ ફરમાવતા ત્યારે તેઓ કદી વચમાં વિનંતી કરતા કે 'રાઇના યા રસૂલલ્લાહ' એનો અર્થ એ હતો કે યા રસૂલલ્લાહ! અમારી હાલત માટે કંઇ છૂટછાટ આપો એટલે કે આપના પાક કલામને સારી રીતે સમજી લેવાનો મોકો આપો (ધીરે ધીરે બોલો અથવા અમે જે વાક્ય ન સમજી શક્યા હોય તેને ફરીવાર ફરમાવો) યહૂદીઓની બોલીમાં એ શબ્દ અદબ વિરોધી અર્થ ધરાવતો હતો, તેઓએ એ નિય્યતથી જ એ શબ્દ બોલવાનું શરૂ કર્યું. (તેમની બોલીમાં એનો અર્થ ''અમારો ગોવાળ'' એવો થતો હતો.) હઝરત સઅદ બિન મુઆઝ યહૂદીઓની બોલીના જાણકાર હતા. તેઓએ ફરમાવ્યું, અય ખુદાના દુશ્મનો! તમારા પર અલ્લાહની લઅનત! જો હવે પછી મેં કોઇના મોઢે આ શબ્દ સાંભળ્યો તો માથું ઉડાવી દઈશ! યહૂદીઓએ કહ્યું, અમારા પર તો આપ ગુસ્સે થાવ છો, મુસલમાનો પણ આ જ શબ્દ બોલે છે ને! હઝરત સઅદ દુ:ખી મને હુઝૂરની સેવામાં આવ્યા કે તરત જ આ આયત ઉતરી, જેમાં 'રાઇના' શબ્દ બોલવાની મનાઇ કરીને 'ઉન્ઝુરના' શબ્દ બોલવાનો આદેશ મળ્યો.

**મસઅલો** :- આનાથી જાણવા મળ્યું કે પયગમ્બરોની શાનમાં તાઝીમ અને તેમના દરબારમાં અદબવાળી બોલી બોલવી ફર્ઝ છે, અને જે શબ્દમાં અદબ વિરોધનો અંશ પણ હોય તેને જબાન પર લાવવાની મનાઇ છે.

૧૮૫. અને એકાગ્રતાથી સાંભળો જેથી એવું કહેવાની જરૂર જ ઉભી ન થાય કે હુઝૂર અમારૂ ધ્યાન રાખો, કારણ કે દરબારે નુબુવ્વતનો આ જ અદબ છે.

**મસઅલો** :- અમ્બિયાના દરબારમાં અદબના ઉચ્ચ મરતબાનો ખ્યાલ રાખવો આદમી માટે જરૂરી છે;

૧૮૬. **મસઅલો** :- લિલકાફિરીનનો શબ્દ એ તરફ ઇશારો કરે છે કે પૈગમ્બરોની શાનમાં બેઅદબી કરવી કુફ્ર છે.

**શાને નુઝૂલ:** ૧૮૭. યહૂદીઓની એક ટોળી મુસલમાનો સાથે મિત્રતા અને હિતેચ્છુ હોવાનો ડોળ કરતી હતી, તે જૂઠા હોવા વિશે આયત ઉતરી, મુસલમાનોને જાણ કરવામાં આવી કે કાફિરો હિતેચ્છુ હોવાના દાવામાં જૂઠા છે. (જુમલ)

૧૮૮. એટલે કે અહલે કિતાબ કાફિરો અને મુશ્રિકો બન્ને મુસલમાનો સાથે છુપી દુશ્મની ધરાવે છે, અને તેઓને એ બાબતનું દુ:ખ છે કે મુસલમાનોના નબી મોહમ્મદ મુસ્તફા ﷺને નુબુવ્વત અને વહી પ્રાપ્ત થઇ, અને મુસલમાનોને એ મહાન નેઅમત મળી. (ખાઝિન)

**શાને નુઝૂલ:** ૧૮૯. કુરઆન શરીફે પહેલાંની શરીઅતો અને કિતાબોને મન્સૂખ જાહેર કરી, ત્યારે કાફિરો ભડકી ગયા અને તેઓએ એ વાત પર ઘણો ઘોંઘાટ મચાવ્યો. ત્યારે આ આયત ઉતરી, અને બતાવવામાં આવ્યું કે મન્સૂખ થએલ વસ્તુ પણ ખુદા તરફથી હતી, અને નાસિખ (મન્સૂખ કરનાર) પણ ખુદા તરફથી છે, બન્ને ખાસ રહસ્ય મુજબ છે, અને નાસિખ કદીક મન્સૂખ કરતાં વધારે સહેલું અને વધારે ફાયદાકારક હોય છે, અલ્લાહની કુદરત પર યકીન રાખનારને એમાં ટાળમટોળ કરવાની જરૂર નથી, દુનિયામાં નજરે દેખાય છે કે અલ્લાહ પાક રાતને દિવસથી, ગરમીને ઠંડીથી, જવાનીથી બાળપણને, બીમારીથી તંદુરસ્તીને, વસંતઋતુથી પાનખરને, મન્સૂખ કરે છે. આ તમામ ફેરફાર તેની કુદરતની દલીલો છે, તો પછી એક આયત કે એક હુકમ મન્સૂખ થવામાં શું આશ્ચર્ય? મન્સૂખ કરવું અસલમાં પહેલાંના હુકમની મુદ્દતનું બયાન હોય છે કે તે હુક્મ આટલી મુદ્દત સુધી હતો, અને ખાસ હિકમત મુજબ હતો, ફાફિરોને અક્કલ નથી કે મન્સૂખ થવા સામે વાંધો લે છે, અને અહલે કિતાબનો વાંધો તો તેમની માન્યતાઓ મુજબ પણ ખોટો છે, તેઓને હઝરત આદમ عليه السلامની શરીઅત મન્સૂખ થએલી માનવી જ પડશે; એ માનવું જ પડશે કે

શનિવારના દિવસે દુનિયાના કામ તેમના પહેલા હરામ ન હતાં, તેઓ પર હરામ થયાં, આ સ્વીકાર કર્યા વગર પણ છુટકો નથી કે તવરાતમાં હઝરત નૂહ અલયહિસ્સલામની ઉમ્મત માટે બધાં જ જાનવરો હલાલ હોવાનું બયાન છે, જ્યારે હઝરત મૂસા عليه السلام પર ઘણા જાનવરો હરામ કરી દેવાયાં, આ વસ્તુઓ હોવા છતાં મન્સૂખ થવાનો ઇન્કાર કેમ કરી માની શકાય.

**મસઅલો** :- જેવી રીતે એક આયત બીજી આયતથી મન્સૂખ થઇ શકે છે એ રીતે હદીષે મુતવાતિરથી પણ મન્સૂખ થઇ શકે છે.

**મસઅલો** :- મન્સૂખ થએલી બાબત કદી ફક્ત તિલાવત માટે મન્સૂખ હોય છે કદીક ફક્ત હુકમ માટે કદીક બન્ને માટે મન્સૂખ હોય છે, બયહકીએ હઝરત અબૂ ઉમામા રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે એક અન્સારી સહાબી એક રાત્રે તહજ્જુદ માટે ઉઠયા, અને સૂરએ ફાતિહા પછી હંમેશાં જે સૂરત પઢતા હતા તે પઢવા માંડયા, પણ તે બિલકુલ યાદ ન આવી, અને ફક્ત બિસ્મિલ્લાહ સિવાય કશું પઢી શકયા નહિ, સવારમાં બીજા સહાબાને એ વાત કરી, તેઓએ કહ્યું, અમારે પણ એવું જ થયું. તે સૂરત અમને પણ યાદ હતી પણ હવે યાદદાશ્તમાં નથી, બધાંએ હુઝૂર ﷺની બારગાહમાં બનાવ કહ્યો; હુઝૂરે ફરમાવ્યું આજ રાત્રે તે સૂરત ઉઠાવી લેવામાં આવી, તેના હુકમો અને તિલાવત બન્ને મન્સૂખ થયાં, જે કાગળો પર તે લખવામાં આવી હતી તેના પર નિશાની સુધ્ધાં રહી નહિ!

**શાને નુઝૂલ:** ૧૯૦. યહૂદીઓએ કહ્યું, અય મુહમ્મદ (ﷺ)! અમારા પાસે તમે એવી કિતાબ લાવો જે આસ્માનમાંથી એકી સાથે (પૂરેપૂરી) ઉતરી હોય, તેમના માટે આ આયત ઉતરી;

૧૯૧. એટલે કે જે આયતો ઉતરી ચૂકી છે તેમને સ્વીકારવામાં ખોટી ચર્ચા કરે અને બીજી આયતોની માંગણી કરે,

**મસઅલો** :- આનાથી સાબિત થયું કે જે સવાલની પાછળ બદ ઇરાદો હોય તે બુઝુર્ગોની સામે રજૂ કરવો જાઇઝ નથી, અને સહુથી વધારે બદ ઇરાદો એ છે કે જેનાથી નાફરમાની જાહેર થતી હોય.

**શાને નુઝૂલ:** ૧૯૨. જંગે ઉહદ પછી યહૂદી ટોળકીએ હઝરત હુઝેફા બિન યમાન અને હઝરત અમ્માર બિન યાસિર રદીયલ્લાહો અન્હુમાને કહ્યું કે જો તમે હક પર હોત તો તમારી હાર ન થાત, તમે અમારા ધર્મમાં પાછા આવતા રહો. હઝરત અમ્મારે ફરમાવ્યું, તમારા નજીક વચનમાંથી ફરી જવું કેવું છે? તેઓએ કહ્યું, ઘણું જ ખરાબ! આપે ફરમાવ્યું કે મેં વચન લીધું છે કે જીવનની અંતિમ પળ સુધી હઝરત મુહમ્મદ ﷺનો સાથ નહીં છોડું, અને ન તો કુફ્ર ધારણ કરીશ, અને હઝરત હુઝેફાએ ફરમાવ્યું, હું રાજી થયો અલ્લાહના રબ હોવા, મુહમ્મદ મુસ્તફા ﷺના રસૂલ હોવા, ઇસ્લામના દીન અને કુરઆનના ઇમામ હોવા, કાબાના કિબ્લા અને મુઅમિનોના ભાઇ હોવાથી, પછી આ બન્ને સાહબો હુઝૂર ﷺની સેવામાં હાજર થયા અને આપને બનાવની જાણ કરી, આપે ફરમાવ્યું, સારૂં કર્યું અને સફળતા મેળવી ત્યારે આ આયત ઉતરી.

૧૯૩. ઇસ્લામની સત્યતા જાણી લીધા પછી યહૂદીઓની એવી ઇચ્છા કરવી કે કયાંક મુસલમાનો ઇસ્લામથી ફરી જઇને કાફિર બની જાય એ ઇર્ષાને કારણે હતી, ઇર્ષા મહાન અયબ છે.

**મસઅલો** :- હદીષ શરીફમાં છે કે હુઝૂર ﷺ ફરમાવ્યું, હસદ (ઇર્ષા) થી બચો તે નેકીઓને એવી રીતે ખાઇ નાખે છે કે આગ સુકા લાકડાને ખાઇ નાખે છે.

**મસઅલો** :- જો કોઇ માણસ પોતાના માલ દોલતથી અથવા પોતાની લાગવગથી બેદીની અને ગુમરાહી ફેલાવતો હોય તો તેના ફિત્નાથી બચવા ખાતર તેની નેઅમત ઝુંટવાઇ જવાની ઇચ્છા કરવી એ હસદમાં દાખલ થતી નથી તેમજ હરામ પણ નથી.

દર્સે હદીષે પાક

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

**હદીષ** : હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم રાત તથા દિવસમાં જ્યારે સૂઈને ઉઠતા તો વુઝૂથી પહેલાં મિસ્વાક (દાતણ) કરતા હતા.[૧] (અહમદ અબૂદાઉદ) એમનાથી જ રિવાયત છે, ફર્માવે છે કે નબી صلی اللہ علیہ وسلم મિસ્વાક કરીની મને ધોવાના માટે આપતા હતા, તો હું પ્રથમ એનાથી મિસ્વાક કરી લેતી હતી પછી ધોઈને આપને આપતી હતી.[૨] (અબૂ દાઉદ)

(ત્રીજો વિભાગ) હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, મેં ખ્વાબમાં જોયું કે હું મિસ્વાક કરી રહ્યો છું, મારી પાસે બે શખ્સ આવ્યા જેમાં એક, બીજાથી મોટો છે. મેં મિસ્વાક નાનાને આપી તો મને કહેવામાં આવ્યુ કે મોટાને આપો, જેથી મેં મોટાને આપી દીધી.[3] (મુસ્લિમ બુખારી)

હઝરત અબૂ અમામાથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે મારી પાસે જિબ્રઈલ علیہ السلام જ્યારે પણ આવ્યા.[૪] તો મને મિસ્વાક કરવા માટે કહ્યું. હું ડર્યો કે ક્યાંક મારા મોઢાના આગલા હિસ્સાને છોલી ન કાઢું.[૫] (અહમદ) હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે મેં તમને મિસ્વાકના બારામાં ઘણુ કહ્યું.[૬] (બુખારી)

હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم મિસ્વાક કરી રહ્યા હતા અને આપની પાસે બે શખ્સ હતા જેમાંથી એક, બીજાથી મોટો હતો, તો આપને બચેલી મિસ્વાકના વિશે વહી કરવામાં આવી કે મોટાનો લેહાઝ કરશો, એટલે કે મોટાને મિસ્વાક આપશો[૭]. (અબૂ દાઉદ) એમનાથી જ રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યુ કે, જે નમાઝના માટે મિસ્વાક કરવામાં આવે તે એ નમાઝ પર સિત્તેરગણી વધુ છે જેના માટે મિસ્વાક ન કરવામાં આવે[૮]. એને બયહકીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કર્યું.

અબૂ સલ્લમાથી[૯] રિવાયત છે, તે ઝયદ બિન જહબી[૧૦]થી રિવાયત કરે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને ફર્માવતાં સાંભળ્યા કે જો હું મારી ઉમ્મત પર અઘરુ ન જાણત તો તેમને દરેક નમાઝ વખતે મિસ્વાકનો હુકમ આપત અને ઈશાની નમાઝ ૧/૩ રાત સુધી પાછળ હટાવી આપત.[૧૧] ફર્માવે છે કે ઝયદ ઈબ્ને ખાલિદ મસ્જિદમાં નમાઝના માટે એવી રીતે આવતા હતા કે એમની મિસ્વાક એમના કાન પર રહેતી, જેવી રીતે મુન્શીના કાનમાં ક઼લમ, કે જ્યારે પણ નમાઝ માટે ઉભા થતા તો મિસ્વાક કરી લેતા, પછી ત્યાં જ મિસ્વાક રાખી દેતા.[૧૨] એને તિર્મિઝી તથા અબૂ દાઊદે રિવાયત કરી પણ અબૂ દાઊદે لَاَخَّرْتُ નો ઉલ્લેખ નથી કર્યો. તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ હસન સહીહ છે.

### -:: સ....મ....જૂ....તી.... ::-

**૦૧.** જાહેર એ છે કે એ મિસ્વાક વુઝૂની મિસ્વાક સિવાયની છે જેની ગણના વુઝૂમાં ન હતી, એટલે કે જાગૃત થઈને પણ મિસ્વાક કરતા હતા અને વુઝૂમાં પણ. એનાથી જાણવા મળ્યું કે વુઝૂ ઉપરાંત દરેક તે જગાએ મિસ્વાક સુન્નત છે જ્યાં મોઢામાં બૂ પેદા થવાની સંભાવના હોય.

**૦૨.** આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા,

એક એ કે મિસ્વાક ધોઈને કરવામાં આવે અને કરતી વેળા પણ બે વાર ધોવામાં આવે અને ધોઈને રાખવામાં આવે. બીજુ એ કે મિસ્વાક બીજા પાસે ધોવડાવવી પણ જાઈઝ છે. ત્રીજુ એ કે બીજાની મિસ્વાક કરવી જાઈઝ છે જો તે એનાથી નારાજ ન થાય. ચોથુ એ કે હુઝૂર ﷺનું લુઆબ (થૂક) શરીફને બરકતના માટે વાપરવું સહાબાની સુન્નત છે. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا તબર્રુકના રૂપે એ મિસ્વાક કરતાં પછી ધોઈને હુઝૂર ﷺની ખિદમતમાં પેશ કરતાં. નહીં તો સ્ત્રીઓ માટે મુસ્તહબ એ છે કે મિસ્વાકને બદલે નરમ મંજન વાપરે, આંગળી વડે દાંત સાફ કરે, કેમ કે એમનાં મસોડાં કમજોર હોય છે.

**૦૩.** લગભગ તે બંનેવ એક જ બાજુ હશે અને નાનો હુઝૂરની નજીક હશે. હુઝૂર ﷺએ નજીકપણાનો લેહાઝ કરીને પ્રથમ એને આપી, તો રબના તરફથી હુકમ થયો કે નજીકપણા કરતાં મોટાપણાને અગ્રતા આપો. જો કે આ બનાવ ખ્વાબનો છે પણ નબીનો ખ્વાબ પણ વહી હોય છે જેથી હવે હુકમ એ જ છે કે મિસ્વાક અથવા કોઈ અન્ય ચીજ ક્રમવાર આપવાની છે તો મોટાને પ્રથમ આપવામાં આવે એ શર્તે કે બંનેવ એક સાઈડમાં હોય. અને જો બંનેવ બાજુ હોય તો પ્રથમ જમણી બાજુવાળાને આપવામાં આવે પછી ડાબી બાજુવાળાને. જેવું કે અન્ય હદીષોમાં છે. જેથી હદીષોમાં ટકરાવ નથી. યાદ રાખશો કે ખ્વાબમાં આવનારા તે બંનેવ ફરિશ્તા હશે જેઓ માનવ સ્વરૂપમાં આવ્યા અને મિસ્વાક દ્રષ્ટાંત રૂપે દેખાડવામાં આવી જેથી કરીને એનાથી શરઈ મસાઈલ માલૂમ થાય, કે પોતાની મિસ્વાક બીજાને ઉપયોગ માટે આપી શકીએ છીએ. અને આપવાનો તરીકો એ થશે કે જેમ કે દાઊદ علیہ السلامની ખિદમતમાં બે ફરિશ્તા માનવ સ્વરૂપમાં આવ્યા અને બકરીઓનો મસ્અલો પેશ કર્યો.

**૦૪.** સુન્નતોની તાલીમ આપવા માટે એટલે કે મિસ્વાકની સુન્નત અને સાથમાં મિસ્વાક કરવા અર્ઝ કરી. જેથી હદીષમાં એ વાંધો નથી કે દરેક કુર્આની આયત સાથે પણ મિસ્વાકનો હુકમ આપ્યો. યાદ રાખશો કે હુકમ આપનાર અલ્લાહ છે, જિબ્રઈલે અમીન પહોંચાડનારા છે. અહીં હુકમની નિસ્બત સબબની તરફ છે અને આ હુકમ ઈસ્તહબાબી (મુસ્તહબના સ્તરે) છે, જેથી એનાથી એ લાઝિમ નથી કે મિસ્વાક ફર્ઝ થાય.

**૦૫.** કે એનાથી અધિક મિસ્વાક કરો જેનાથી મસોંડા છોલાઈ જાય, એના વારંવાર અર્ઝ કરવાને કારણે.

**૦૬.** એટલે કે વારંવાર અને દરેક રીતે મિસ્વાક પ્રતિ આકર્ષ્યા કે ક્યારેક એના દીની ફાયદા વર્ણવ્યા તો કદી દુનિયવી. તેમજ હમેશાં એના પર અમલ કરીને બતાવ્યો જેથી તમે પણ હમેશાં મિસ્વાક કરો. એનાથી જાણવા મળ્યું કે મિસ્વાક કરવું ફર્ઝ નથી, નહીં તો વર્ણનનો અંદાઝ કાંઈક ઔર હોત.

**૦૭.** લગભગ આ જાગૃતાવસ્થાનો બનાવ છે, ખ્વાબના બનાવ સિવાયનો જેથી આ એ ખ્વાબની તાબીર છે, અને શક્ય છે કે એ જ ખ્વાબનું વર્ણન હોય એની શરહ ખ્વાબની હદીષમાં વર્ણવવામાં આવી.

**૦૮.** હદીષ પોતાના જાહેર પર છે, સિત્તેરનો અદદ (સંખ્યા) અધિકતાના વર્ણન માટે છે, જેમ કે ઉર્દૂમાં કહેવામાં આવે છે કે બીસિયોં, સેંકળોં... વગેરે અમુક ઉલમાએ ફર્માવ્યું કે ક્યારેક સુન્નતનો સવાબ ફર્ઝ તથા વાજિબથી વધી જાય છે, જુઓ જમાઅત પંજગાના નમાઝના માટે વાજિબ છે, અને જુમ્આ તથા ઈદોના માટે ફર્ઝ, પણ એનો સવાબ સત્તાવીસ ગણો, અને મિસ્વાક સુન્નત છે અને એનો સવાબ સિત્તેર ગણો, એ જ પ્રમાણે સલામ કરવી સુન્નત છે સલામનો જવાબ ફર્ઝ, પણ સલામનો સવાબ જવાબ કરતાં વધારે છે અને શક્ય છે કે જમાઅતના સત્તાવીસ દરજા એવા હોય જેનો દરેક દરજ્જો મિસ્વાકના સિત્તેર દરજા બરાબર હોય.

**૦૯.** આપનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુર્રહમાન

ઈબ્ને ઔફ છે. કર્શી, ઝુહરી છે. મદીના મુનવ્વરાના સાત મશ્હૂર ફકીહોમાંથી છે. અઝીમુશ્શાન તાબઈ છે. ૭૨ વર્ષની ઉંમર પામ્યા અને હિ.સ. ૯૭માં વફાત પામ્યા.

**૧૦.** મશ્હૂર સહાબી છે. અબ્દુલ મલિક ઈબ્ને મરવાનના જમાનામાં હિ.સ. ૭૮માં કૂફા સ્થળે વફાત પામ્યા. *(મિર્કાત વ અશિઅહ)*

**૧૧.** એટલે કે આ બંનેવ ચીજોને ફર્ઝ કરી આપત, કે મિસ્વાક કર્યા વિના નમાઝ થશે જ નહીં. અને ત્રીજા ભાગની રાત પહેલાં ઈશાની નમાઝ નાજાઈઝ થાત. જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાએ હુઝૂર નબી કરીમ ﷺને અહકામના માલિક બનાવ્યા છે કે ચાહે એને ફર્ઝ કરે, ચાહે તો ન કરે.

**૧૨.** આ ઝયદ ઈબ્ને ખાલિદનો પોતાનો ઈજતેહાદ હતો. હઝરત ઝયદ 'કુલ્લિ સલાત'થી દરેક નમાઝ સમજ્યા, જો કે અહીં નમાઝનું વુઝૂ મુરાદ છે. જેમ કે અમે શરૂમાં તેહકીકાત અર્ઝ કરી ચૂક્યા. આ અમલ એવો જ છે જેમ કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની હદીષ સાંભળીને વુઝૂમાં બગલ સુધી હાથ ધોતા હતા, જેથી આ અમલ અનુસરણને પાત્ર નથી. મેં કુવૈતમાં અમુક શાફઈઓને જોયા કે એમના ગળામાં મિસ્વાક પડી રહે છે. દરેક નમાઝની નિય્યત પર મિસ્વાક કરતા હતા. જ્યારે કે મિસ્વાકને ઉભી કરીને રાખવી સુન્નત છે. એવું જણાય છે કે હઝરત ઝયદે "કુલ્લિ સલાત"થી દરેક વખતની નમાઝ સમજ્યું કે દરેક નમાઝ. જેથી આપ એક સમયની સર્વ નમાઝ માટે એક વાર મિસ્વાક કરી લેતા હતા. પણ કુવૈતના તે હઝરાત અધિક આગળ વધી ગયા અને દરેક નમાઝના માટે કેટલીયે વાર મિસ્વાક કરવા લાગ્યા. અલ્લાહ તઆલા હદીષની સહીહ સમજ નસીબ ફર્માવે આમીન.

પેજ નં. ૨૫નું ચાલુ...

ફર્માવ્યું કે હું કેટલાયે વરસો સુધી શયખ મોઈનુદ્દીન હસન સંજરી قدس سرہની ખિદમતમાં રહ્યો પરંતું એ કદી ન જોયું કે આપે દોસ્તનો ભેદ જાહેર કર્યો હોય, અથવા એનો ઉલ્લેખ પણ કર્યો હોય. અને ન એ અન્વારને રજમાત્ર પણ જાહેર કર્યો જે એમના પર નાઝિલ થતા. એક દિવસે ફકીર (સંપાદક)ની તરફ સંબોધન કરીને ફર્માવ્યું, હે ફરીદ ! કામિલ હાલ તે શખ્સ છે જે દોસ્તની ખિદમતમાં લીકેજ નથી કરતા જેથી અન્ય એનાથી વાકેફ ન થઈ જાય.

આપે ફર્માવ્યું, હે ફરીદ ! તેં જોયું કે જો મન્સૂર હલ્લાજ કામિલ હોત તો હરગિઝ દોસ્તનો ભેદ જાહેર ન કરતા, પરંતું કેમ કે કામિલ ન હતા જેથી દોસ્તના રહસ્યોનું રજકણ તેમણે જાહેર કરી આપ્યું અને જાન ગુમાવી બેઠા !

આપે ફર્માવ્યું કે જ્યારે ખ્વાજા જુનેદ બગદાદી قدس سرہ આલમે સુકરમાં હોતા તો એક વાત સિવાય અન્ય કાંઈ ન ફર્માવતા, તે એ હતી કે એ આશિક઼ પર હજાર અફસોસ છે કે અલ્લાહ તઆલાની દોસ્તીનો દમ ભરે અને ઈલાહી રહસ્યો એના પર નાઝિલ થાય તેને તુરત જ અન્યો સમક્ષ જાહેર કરી આપે.

એ જ મોકા પર આપે ફર્માવ્યું કે મેં શયખ મોઈનુદ્દીન હસન સંજરી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે એક બુઝુર્ગે સો વરસથી કાંઈક ઉપર સુધી અલ્લાહ તઆલાની ઈબાદત કરી અને જે કાંઈ મુજાહિદાનો હક઼ હતો તે અદા કર્યો. ત્યારે અસ્રારે ઈલાહીથી એક ભેદ તેના પર જાહેર કરવામાં આવ્યો. કેમ કે તે બુઝુર્ગ ઓછી હિંમતવાળા હતા એટલા માટે તેને સહન ન કરી શકીને એને જાહેર કરી આપ્યો. બીજા દિવસે જે નેઅમત તેમને અતા કરવામાં આવી હતી સર્વ છીનવી લેવામાં આવી તો તે દીવાના થઈ ગયા કે આ શું થઈ ગયું ?! ગયબથી અવાજ આવ્યો કે હે ખ્વાજા ! જો તું આ ભેદને જાહેર ન કરતો તો અન્ય ભેદોના લાયક બનતો. પરંતું જ્યારે અમે જોયું કે તું હમણા સાતમા પર્દામાં છે એટલા માટે અમે અમારી નેઅમત તારાથી છીનવીને બીજાને આપી દીધી.

## અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના

લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ ક઼ાદરી**
*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*
અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**
*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

## અલ્ અલીમ الْعَلِيمُ
### (ઘણો જ ઈલ્મવાળો)

**સમજૂતી** : હક઼ીક઼ી ઈલ્મવાળો તે જ છે. તેના ઈલ્મનો કમાલ એ છે કે તે દરેક ચીજને ઘેરેલ છે. કોઈ પણ ચીજ તેના ઈલ્મથી બહાર નથી. તેના ઈલ્મના વિસ્તારની કોઈ હદ નથી. તેનો ઈલ્મ ઝાતી તથા દુનિયાની દરેક ચીજ તેના મુશાહેદા (લક્ષ)માં છે, અને એવી જાહેર છે કે કોઈ વસ્તુ પણ તેના સામે જરા પણ પર્દામાં નથી. મખ્લૂક઼ાત પાસે જે કાંઈ ઈલ્મ છે તે એ જ અલીમનો અતા કરેલ છે.

**દર્સ તથા સબક઼** : બંદો પણ ઈલ્મવાળો હોય છે તે તમામ પર જાહેર છે, અને ઘણા ભાષા શાસ્ત્રીઓએ અલીમનું જ બહુવચન ઓલમા બતાવેલ છે. પરંતું બંદાનો ઈલ્મ અતાઈ, મુત્નાહી (સીમિત) હાદિષ (નવસર્જન પામેલ) છે, અને અલ્લાહનો ઈલ્મ ઝાતી, અસીમ, ક઼દીમ (હમેશાંથી) છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : الْعَلِيمُ (અલીમ)ની ખાસિયત એ છે કે બંદો ઈલ્મ તથા મારેફત હાંસલ કરવા ભરપૂર કોશિશ કરે. જે આ પ્રમાણે ભરપૂર કોશિશ, દિલચસ્પી તથા લગનની સાથે ઈલ્મમાં મશ્ગૂલ થશે તેને અલ્લાહની સહીહ મારેફત હાંસલ થશે. અને અને તેનામાં પૂર્ણપણે અલ્લાહનો ખૌફ પેદા થશે. અલ્લાહ તઆલા ફર્માવે છે : إِنَّمَا يَخْشَى اللّٰهَ مِنْ عِبَادِهِ الْعُلَمَاءُ "બેશક ! અલ્લાહના બંદાઓમાંથી સાચા અર્થમાં ઉલમા જ અલ્લાહથી ડરે છે." *(સૂરએ ફ઼ાતિર, આ. ૨૮)* જે આ મુબારક નામનો વિર્દ કરશે તેના પર ઘણા જ અલ્લાહના ભેદો ખુલશે. અને જે પણ પોતાના રબ્બે અલીમથી સવાલ કરશે તે અતા ફર્માવશે. જો તે શખ્સ ચાહશે કે તેના માટે સિફ઼તે ઈલાહીના દરવાજા ખુલી જાય તો યક઼ીનન ! તેના માટે ઈલ્મો અમલ બંનેના દરવાજા ખુલશે. એ જ પ્રમાણે મુબારક નામ عَلَّامُ الْغُيُوبِ "અલ્લામુલ ગુયૂબ" વિશે લખવામાં આવેલ છે કે **જે શખ્સ આ નામનો વિર્દ પૂરા ધ્યાન તથા પાબંદીની સાથે કરશે તો તેના ઉપર ઘણા બધા ગૈબો ખુલશે તથા દિલોની કૈફિયતો તેના પર જાહેર થઈ જશે. તેની રૂહ આલમે બાલા સુધી પરવાઝ કરશે તથા કાએનાતના ઘણા વાક઼િઆત તથા રાઝોથી પર્દાઓ ઉઠવા લાગશે.** અરબઈને ઈદરીસિયામાં છે કે,

يَا عَلَّامُ الْغُيُوبِ فَلَا شَيْءٌ يَفُوتُهُ
مِنْ عِلْمِهِ وَلَا يَؤُوُدُهُ

***યા અલ્લામુલ ગુયૂબિ ફલા શય્ઉન યફુતુહુ મિન્ ઈલ્મિહિ વલા યઊદુહુ.*** જણાવેલ શબ્દોનો **જે હમેશાં વિર્દ કરશે તેની દિમાગી શક્તિ વધશે અને નિસ્યાન (ભૂલવાની બીમારી) દૂર થશે.** અલ્લાહ બેહતર જાણનાર છે.

## અલ્ ક઼ાબિઝ-અલ્ બાસિત

## القَابِضُ، البَاسِطُ

**ક઼બજો કરનાર, કુશાદા (માલ વગેરેમાં વધારો) કરનાર**

**સમજૂતી** : તે જ છે જે મોતના સમયે રૂહોને શરીરોથી ક઼બ્ઝ ફર્માવે છે તથા જિંદગી આપવાના સમયે રૂહોને શરીરોમાં નાખે છે. તે જ સદક઼ાતને માલદારોથી લઈ કંગાળોને અતા ફર્માવે છે. એટલા માટે કે સોસાયટીમાં સમાનતા જળવાય રહે. એવા દિલો જે પોતાના રબની તરફ રુજૂઅ તથા તવજ્જોહ નથી કરતાં તો તે એવાં દિલોની દુનિયાને સમેટીને લિમિટેડ ફર્માવી દે છે. જે દિલો તેના તરફ મુતવજ્જેહ થાય છે તેમને પોતાના લુત્ફો કરમથી નવાઝે છે.

**દર્સ તથા સબક઼** : બંદાઓમાં ક઼ાબિઝ તથા બાસિત તે થઈ શકે છે જેને અલ્લાહ અજીબ અજીબ હિકમતોથી નવાઝે છે. અને જેમને કલેમાતે જામિઆથી ઈકબાલમંદ (નસીબદાર) ફર્માવે છે. તેમને કદીક તો પોતાના બંદાઓનાં દિલોને પોતાની બેહિસાબ નેઅમતોથી વાકેફ ફર્માવીને ખોલી આપે છે, અને કદી બંદાઓનાં દિલોને પોતાના જલાલ તથા કિબ્રિયાઈ તથા અલગ અલગ અઝાબો તથા આજમાઈશોથી ડરાવીને સમેટી દે છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામ القَابِضُની ખાસિયત એ છે કે તે રૂહો, શરીરો અને જાનોંને ક઼બ્ઝ ફર્માવે છે. **તેનો એક સારો અમલ એ છે કે જે માણસ રોટલીના ટુકડા પર ચાલીસ દિવસ સુધી સતત લખીને ખાશે તેને ફરી કદીય ભૂખમરાની તકલીફ નહીં ઉભી થાય.**

ઈસ્મ મુબારક البَاسِطُ **(અલ્બાસિત)**ની ખાસિયત એ છે કે તેનો વિર્દ કરવાથી દરેક વસ્તુમાં વુસ્અત (વિશાળતા) થાય છે, ખાસ કરીને **રિઝ્ક઼માં ઘણો વધારો થાય છે. જે શખ્સ ઈશ્રાક઼ની નમાઝ બાદ ૧૦ વાર પઢશે તેના રિઝ્ક઼માં વધારો થશે. જે શખ્સ પોતાના હાથોને આસ્માનની તરફ ઉઠાવી ૧૦ વાર પઢી પોતાના હાથોને ચહેરા પર ફેરવી લેશે તેના માટે માલદારીના દરવાજા ખુલશે.**

## અલ્ ખાફ઼િદ઼-અર્રાફ઼િઅ્

## الخَافِضُ، الرَّافِعُ

**(નીચો કરનાર–બુલંદ કરનાર)**

**સમજૂતી** : અલ્લાહ જ કાફિરોને બદ્બખ્તીના વડે પસ્ત (નીચા) ફર્માવે છે અને મો'મિનોને ખુશક઼િસ્મતીના વડે બુલંદ ફર્માવે છે. પોતાના વલીઓ તથા મહબૂબોને કુર્બથી નવાઝી બુલંદ ફર્માવે છે. તથા પોતાના દુશ્મનોને પોતાની રહમતથી દૂર કરીને પસ્ત ફર્માવે છે.

**દર્સ તથા સબક઼** : આ બંનેવ મુબારક નામોથી બંદાઓનો હિસ્સો એ છે કે તે દરેક જગાએ હક઼્ક઼ને સરબુલંદ કરે અને બાતિલને નીચુ કરે, એવી રીતે કે હક઼્ક઼ પર કાઈમ રહેવાવાળાની મદદ કરે અને બાતિલ પરસ્તને નીચા કરવામાં કોઈ કસર ન છોડે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : الخَافِضُની ખાસિયત એ છે કે **જે માણસ ૧૦૦ વાર પઢશે તેની હાજત પૂરી થશે અને તેના મહત્વનાં કામો સંપૂર્ણ થશે. الرَّافِعُની ખાસિયત એ છે કે જે કોઈ ૭૦ વાર પઢશે તેને જાલિમ તથા સરકશ લોકોથી આફિયત તથા છૂટકારો મળશે.**


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા સંપાદક
પટેલ શબ્બીર અલી રઝવી

**રુખ દિન હૈ યા મહરે સમા, યહ ભી નહીં વહ ભી નહીં**
**શબ ઝુલ્ફ યા મુશ્કે ખતા, યહ ભી નહીં વહ ભી નહીં**

*(રુખ = ચહેરો, મહરે સમા = આકાશનો સૂરજ, શબ = રાત, મુશ્ક = કસ્તૂરી)*

**અર્થ :** હું મારા પ્યારા નબી ﷺના ચહેરાને દિવસ કહું અથવા આસ્માનનો સૂરજ કહું ! પરંતુ સૂરજને પણ રોશની તો મહબૂબે ખુદા ﷺના રુખે વદ્દુહાથી મળી છે, અને દિવસનો ઉજાસ પણ આકા علیہ الصلوٰۃ والسلامના હુસ્નનો જલ્વો છે, જેથી ન આ દિવસ હુઝૂરના ચહેરા જેવો થઈ શકે છે ન તે સૂરજ. અને સરકાર ﷺની ઝુલ્ફે અંબરીને રાત કહેવામાં આવે અથવા એકલી કસ્તૂરી (જે અતિ ખુશ્બોદાર તથા કાળી હોય છે), પરંતુ એ પણ મારો ખયાલ ગલત છે, કેમ કે રાતનો અંધકાર અને કસ્તૂરીની ખુશ્બુ પણ હુઝૂરની ઝુલ્ફોનો ફયઝ છે અને ફયઝ આપનાર તથા લેનાર તો એક સમાન નથી થઈ શક્તા.

**મુમ્કિનમેં યહ કુદરત કહાં, વાજિબમેં અબ્દિયત કહાં**
**હયરાં હૂં યહ ભી હૈ ખતા, યહ ભી નહીં વહ ભી નહીં**

*(મુમ્કિન = મખ્લૂક)*

**અર્થ :** આપણા આકા મૌલા ﷺ એટલી કુદરતોના માલિક છે કે દા.ત. ચાંદના ટુકડા કરવા, ડૂબેલા સૂરજને પાછો લાવવો, ઝાડોને પોતાની પાસે બોલાવી લેવાં, પથ્થરોને કલ્મો પઢાવવું, આંગળીઓ વડે પાણીનાં ઝરણાં વહેતાં કરવાં વગેરે.... તો મુમ્કિનુલ વજૂદ (મખ્લૂક)માં આ શક્તિઓ ક્યાંથી હોય ? વળી આપને વાજિબુલ વજૂદ એટલે ખુદા માનવું પણ જાઈઝ નથી, કેમ કે આપ તો ખુદાના રસૂલ તથા નબી છે અને અલ્લાહ તઆલા કોઈની (અબ્દિયત) બંદગીથી પાક છે. જેથી હું હૈરાન છું કે આપને શું કહું ?!

**હક્ક યહ કે હૈં અબ્દે ઈલાહ, ઔર આલમે ઈમ્કાં કે શાહ**
**બરઝખ હૈં વહ સિર્રે ખુદા, યહ ભી નહીં વહ ભી નહીં**

*(અબ્દે ઈલાહ = ખુદાના ખાસ બંદા, આલમે ઈમ્કાં = દુનિયાની મખ્લૂક, બરઝખ = માધ્યમ, સિર્ર = રાઝ)*

**અર્થ :** સાચી વાત તો એ છે કે આપ ﷺ ખુદાના ખાસ બંદા છે અને ખુદાઈ (મખ્લૂક)ના બાદશાહ છે, અને અલ્લાહ તથા તેની મખ્લૂકના વચ્ચે પર્દો તથા માધ્યમ હોવાની સાથોસાથ અલ્લાહ તઆલાનું ખાસ રાઝ છે.

**બુલબુલને ગુલ ઉન્કો કહા, કુમરીને સરવે જાંફિરા**
**હયરતને ઝુંઝલાકર કહા, યહ ભી નહીં વો ભી નહીં**

*(કુમરી = એક સફેદ પક્ષી, જાંફિરા = રૂહની તાઝગી આપનાર, ઝુંઝલાકર = ધમકાવીને)*

**અર્થ :** મદીનાના તાજદાર, ઉમ્મતના ગમખ્વારને બુલબુલે જોયા તો ફૂલ કહી દીધા. કુમરીએ જોયા તો પોતાના મહબૂબ (સરવે જાંફિરા) કહી આપ્યા. હયરતે બંનેને ધમકાવતાં કહ્યું, ખબરદાર ! જો મહબૂબે ખુદાને ફૂલ કે સનોબર (ખૂબસૂરત ઝાડ) કહ્યા તો ! તમારા સૌના મહબૂબ, મહબૂબે ખુદાના કદમો પર કુર્બાન ! તે તો કાદિરે મુત્લકના અબ્દુલકાદિર છે અને કાઈનાત (સૃષ્ટિ)ના સર્જનનો સબબ છે.

**ખુર્શિદ થા કિસ ઝોર પે, ક્યા બળ્હકે ચમકા થા કમર**
**બે પર્દા જબ વો રુખ હુવા, યહ ભી નહીં વહ ભી નહીં**

*(ખુર્શિદ = સૂરજ, કમર = ચાંદ)*

**અર્થ :** સૂરજ પોતાની પૂરી ચમકની સાથે ઉગી ગયો અને સર્વ જહાનને રોશન કરી આપ્યું. ચાંદ પોતાની સંપૂર્ણ ચમક દમક સાથે ચમક્યો અને આખા જગતને નૂરનો પુંજ બનાવી દીધું, પણ જ્યારે રુખે વદુહાથી પર્દો હટયો તો ચાંદની ચમક રહી ન સૂરજની દમક બચી ! બંનેવે શર્મિંદા થઈને મોં છુપાવી લીધું અને મહબૂબે ખુદા ﷺના હુસ્નો જમાલની આગળ પોતાનું માથુ ઝુકાવી દીધું.

**ડર થા કે ઈસ્યાં કી સઝા, અબ હોગી યા રોઝે જઝા**
**દી ઉન્કી રહમતને સદા, યહ ભી નહીં વહ ભી નહીં**

*(ઈસ્યાં = ગુનાહ, રોઝે જઝા = કયામતના દિવસે)*

**અર્થ :** ઘણો જ ડર લાગી રહ્યો હતો કે એટલા પ્રમાણમાં ગુનાહ ભેગા થઈ ગયા છે કે એ ગુનાહોની સજા ખુદા જાણે આ દુનિયામાં મળશે કે કયામતના દિવસે ?! અલ્લાહ તઆલાની રહમત (રહ્મતુલ્ લિલ્ આલમીન)ને આપણી પરેશાની માન્ય થઈ નહીં, અને આપે અલલ એલાન ફર્માવી આપ્યું, "મારી શફાઅત મારી ઉમ્મતના કબીરા ગુનાહોવાળા માટે છે." ગભરાવ નહીં ! ન અહીં સજા થશે ન ત્યાં થશે. *(પરંતુ આગળના શેઅરોમાં આ'લા હઝરતે લોકોને ગુનાહોથી દૂર રહેવા ચેતવ્યા છે. –તંત્રી)*

**કોઈ હૈ નાઝાં ઝુહદ પર, યા હુસ્ને તૌબા હૈ સિપર**
**યાં હૈ ફકત તેરી અતા, યહ ભી નહીં વહ ભી નહીં**

*(સિપર = ઢાલ)*

**અર્થ :** કોઈ પોતાની પરહેઝગારી પર નાઝ કરી રહ્યું છે તો કોઈના માટે એની તૌબા ઢાલ બની ગઈ છે. હે મારા આકા ! ﷺ મારા પલ્લામાં ન તો ઈબાદતની કોઈ પૂંજી છે ન તો મને મારી તૌબા પર ભરોસો છે, બસ ! હું તો આપની રહમત તથા બખ્શિશના સહારા પર બેઠેલો છું.

**દિન લહ્વમેં ખોના તુઝે, શબ સુબ્હ તક સોના તુઝે**
**શર્મે નબી ખૌફે ખુદા, યહ ભી નહીં વહ ભી નહીં**

*(લહ્વ = ખેલકૂદ)*

**અર્થ :** હે ગાફિલ મુસલમાન ! તારા દિવસો ખેલકૂદમાં પસાર થાય છે, રાતોને તું યાદે ઈલાહીથી ગફલતોમાં વીતાવી દે છે. ન તને ખુદાનો ખૌફ છે કે છેવટે મરીને તેની બારગાહમાં વધુ પેજ નં. ૨૨....પર

# અહલે સુન્નતના અક઼ીદા ક઼ુર્આનની રોશનીમાં

લેખક : **મૌલાના સૈયદ મુહમ્મદ અમીનઅલી ક઼ાદરી** *(નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ)*
અનુવાદક : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**અંબિયાએ કિરામ علیہ السلامને પોતાની જેમ બશર કહેવું કાફિરોનો તરીકો છે**

જયારે અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને હુકમ આપ્યો કે આદમ علیہ السلامને સજદો કરે તો શૈતાન ઘમંડી થઈ બોલી ઉઠયો :–

**قَالَ لَمۡ أَكُنۡ لِّأَسۡجُدَ لِبَشَرٍ خَلَقۡتَهُۥ مِن صَلۡصَٰلٍ مِّنۡ حَمَإٍ مَّسۡنُونٍ**

"બોલ્યો; 'મને છાજતુ નથી કે બશર (માનવી)ને સિજદો કરૂં જેને તેં ખખડતી માટીથી બનાવ્યો જે ગંધાતા કાળા ગારાની હતી." *(સૂ. હિજ્ર, ૧૪/૩૩)*

હૂદ علیہ السلامની ક઼ૌમના કાફિરોએ કહ્યું :–

**وَقَالَ ٱلۡمَلَأُ مِن قَوۡمِهِ ٱلَّذِينَ كَفَرُواْ وَكَذَّبُواْ بِلِقَآءِ ٱلۡأٓخِرَةِ وَأَتۡرَفۡنَٰهُمۡ فِي ٱلۡحَيَوٰةِ ٱلدُّنۡيَا مَا هَٰذَآ إِلَّا بَشَرٌ مِّثۡلُكُمۡ يَأۡكُلُ مِمَّا تَأۡكُلُونَ مِنۡهُ وَيَشۡرَبُ مِمَّا تَشۡرَبُونَ**

"અને તે ક઼ૌમના સરદારો જેમણે કુફ્ર કર્યું અને આખેરતની હાજરીને જૂઠાડી અને અમે તેમને દુનિયાના જીવનમાં રાહત આપી, તેઓ બોલ્યા; આ તો તમારી જેવા માનવી સિવાય બીજુ કશું જ નથી. જે તમો ખાઓ છો તેમાંથી જ ખાય છે અને જે તમે પીઓ છો તેમાથી જ પીએ છે." *(સૂ. મૂ'મિનૂન. ૧૮/૩૩)*

હૂદ علیہ السلامની કોમનું બીજુ કથન જે કુર્આનમાં આ રીતે વર્ણવામાં આવ્યું :–

**وَلَئِنۡ أَطَعۡتُم بَشَرًا مِّثۡلَكُمۡ إِنَّكُمۡ إِذًا لَّخَٰسِرُونَ**

"અને જો તમે તમારી જેવા જ કોઈ માનવીનું કહ્યું માનો ત્યારે તો તમે અવશ્ય ખોટમાં છો." *(સૂ. મૂ'મિનૂન. ૧૮/૩૪)*

**ઈન્તાકિયાવાળાઓમાંથી નાફર્માનોએ પોતાના નબી વિશે કહ્યું :–**

**قَالُواْ مَآ أَنتُمۡ إِلَّا بَشَرٌ مِّثۡلُنَا وَمَآ أَنزَلَ ٱلرَّحۡمَٰنُ مِن شَيۡءٍ إِنۡ أَنتُمۡ إِلَّا تَكۡذِبُونَ**

"બોલ્યા; તમે તો અમારા જેવા માનવીઓ સિવાય બીજું કશું નથી અને રહમાને કશું ઉતાર્યું નથી તમે (તો) નર્યા જૂઠા છો." *(સૂ. યાસીન, ૨૨/૧૫)*

**આગલી ઉમ્મતના અમુક લોકોએ પોતાના નબી વિશે કહ્યું :–**

**ذَٰلِكَ بِأَنَّهُۥ كَانَت تَّأۡتِيهِمۡ رُسُلُهُم بِٱلۡبَيِّنَٰتِ فَقَالُوٓاْ أَبَشَرٌ يَهۡدُونَنَا فَكَفَرُواْ وَتَوَلَّواْۚ وَّٱسۡتَغۡنَى ٱللَّهُۚ وَٱللَّهُ غَنِيٌّ حَمِيدٌ**

"આ એટલા માટે કે તેમની પાસે તેમના રસૂલો સ્પષ્ટ દલીલો લઈને આવ્યા તો (કાફિરો) બોલ્યા;" શું માનવી અમને માર્ગદર્શન આપશે તો કાફિર બન્યા અને ફરી બેઠા. અને અલ્લાહે બેનિયાઝીથી કામ લીધું અને અલ્લાહ બેનિયાઝ છે બધા વખાણથી વખણાએલો." *(સૂ.તગ઼ાબૂન, ૨૮/૬)*

## અલ્લાહના મુક઼દ્દસ નબીઓ પર સલામ પઢવું અલ્લાહની સુન્નત છે

سَلٰمٌ عَلٰی نُوۡحٍ فِی الۡعٰلَمِیۡنَ

''જહાનવાળાઓમાં નૂહ પર સલામ.'' *(સૂ.સાફ્ફાત,૨૩/૭૯)*

سَلٰمٌ عَلٰۤی اِبۡرٰہِیۡمَ ''સલામ હજો ઈબ્રાહીમ પર.'' *(સૂ. સફ્ફાત,૨૩/૧૦૯)*

سَلٰمٌ عَلٰی مُوۡسٰی وَ ہٰرُوۡنَ ''સલામ હજો મૂસા અને હારૂન પર.'' *(સૂ.સાફ્ફાત,૨૩/૧૨૦)*

سَلٰمٌ عَلٰۤی اِلۡ یَاسِیۡنَ ''સલામ ઈલ્યાસ પર.'' *(સૂ.સાફ્ફાત,૨૩/૧૩૦)*

سَلٰمٌ عَلَی الۡمُرۡسَلِیۡنَ ''અને પૈગમ્બરો પર સલામ છે.'' *(સૂ.સાફ્ફાત. ૨૩/૧૮૧)*

## નબીની ﷺ મીલાદ અને વિસાલના દિવસે સલામ પઢવું

હઝરત ઈસા علیہ السلام વિશે કુર્આનમાં ફર્માન છે :

وَسَلٰمٌ عَلَیۡہِ یَوۡمَ وُلِدَ وَیَوۡمَ یَمُوۡتُ وَیَوۡمَ یُبۡعَثُ حَیًّا

''અને તેના પર શાંતિ (સલામ) છે જ્યારે તે જનમ્યો અને જે દિવસે મરણ પામશે અને જે દિવસે પુનર્જીવિત કરી ઉઠાડવામાં આવશે.'' *(સૂ. મરયમ. ૧૬/૧૫)*

وَالسَّلٰمُ عَلَیَّ یَوۡمَ وُلِدۡتُّ وَیَوۡمَ اَمُوۡتُ وَیَوۡمَ اُبۡعَثُ حَیًّا

''અને મારા પર તે જ શાંતિ (સલામતી) જે દિવસે હું જનમ્યો અને જે દિવસે મરણ પામું અને જે દિવસે જીવંત ઉઠાડવામાં આવું.'' *(સૂ. મરયમ. ૧૬/૩૩)*

પેજ નં. ૨૦નું ચાલુ...

જવાનું છે અને ન તને પોતાના નબીની શરમ તથા હયા છે કે ક્યામતના દિવસે એમને પણ મોઢું બતાવવાનું છે. તો ખુદાથી ડર ! અને ગફલતની નીંદનો ત્યાગ કર અને બારગાહે રબમાં તૌબા કરીને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّمَના ફર્માનો પર અમલવાળી પાકીઝા જિંદગી અપનાવ

**રિઝ્કે ખુદા ખાયા કિયા, ફર્માને હક્ક઼ ટાલા કિયા**
**શુક્રે કરમ, તરસે સઝા, યહ ભી નહીં વહ ભી નહીં**
*(તરસે સઝા = સજાની બીક)*

**અર્થ** : હે ખુદાના બંદા ! તું ખુદા તઆલાનું આપેલું રિઝ્ક઼ પણ ખાય છે, તેમ છતાં તેના અહકામો પર અમલ કરીને તેની નેઅમતનો શુક્ર અદા કરવાને બદલે હિલાં બહાનાં કરીને તેના હુકમોથી જાન છોડાવવાની કોશિશમાં લાગેલો રહે છે ! ન તારી અંદર એની નેઅમતોનો શુક્ર કરવાનો જઝબો પેદા થઈ રહ્યો છે ! ન તો તને તેના અઝાબનો ડર છે. તો આ રીતના જીવનમાં બંને જહાનની બર્બાદી છે, જેથી સુધરી જા ! અને ઈસ્લામી જીવન શુક્ર તથા ફિક્રવાળુ જીવન અપનાવ કે જેથી તું જહન્નમથી બચી જાય.

**હૈ બુલબલે રંગી ''રઝા'' યા તૂતીએ નગ્મા સરા**
**હક્ક઼ યહ કે વાસિફ હૈ તેરા, યહ ભી નહીં વહ ભી નહીં** *(વાસિફ = પ્રશંસક)*

**અર્થ** : હે મારા પ્યારા આક઼ા ! ﷺ આપના દરનો ગદા (અહમદ રઝા) પોતે પોતાને બુલબુલે રંગી મિઝાજ કહે (જે દરેક વખતે આપની નઅતમાં મસ્ત રહે છે) અથવા તૂતીએ નગ્મા સરા કહે (જે આપની શાને અક઼દસમાં દરેક વખતે ગાતી રહે છે) પણ હું આ બંનેવમાંથી કોઈપણ નથી, હું તો બસ આપનો અદના સરખો (મામૂલી) ષનાખ્વાં અને આ ષનાખ્વાની કેટલુ સારું થાય કે ક઼બૂલ થઈ જાય !

ફવાઈદુસ્સાલિકીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

***(મલ્ફૂઝાતે હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી ચિશ્તી رحمۃ اللہ علیہ)***

*(સંપાદક : હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ)*

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

યાદ રાખશો કે આ અસ્રારે ઈલાહીના સુલૂક તથા અનંત અન્વારના ફવાઈદ, મશાઈખોના સુલૂક તથા શયખ, પરહેઝગારોના રઈસ, જહાનવાળાઓના ઈમામ, અવલિયાઓના ચિરાગ, સૂફીઓના સરતાજ, કુત્બુલ હક્ક વદ્દીન, બખ્તિયાર અવશી, ખુદા એમના તક્વા તથા મુબારક જાતને હમેશાં રાખે. આપની ઝબાને ગોહરબાર અલ્ફાઝે દરબારથી સાંભળેલું લખું છું. અલ્લાહ તઆલાની તૌફીકથી આ સંગ્રહમાં સાલેકીનના ફવાઈદ લખવામાં આવશે. ત્યાર બાદ ફકીર હકીર મસ્ઉદ અજોધની, દરવેશોનો ગુલામ બલ્કે તેમના પગોની ધૂળ, અર્ઝ કરું છું કે જ્યારે માહે રમઝાનની બીજી તારીખે હિ.સ. ૫૮૪માં કદમબોસીનો શરફ હાંસલ થયો તો એ જ વખતે જબ્બો તથા તુર્કી કુલહ (ટોપી) જે આપે પહેરેલી હતી તે આ દુઆગોના માથા પર રાખી અને ખૂબ જ પ્રેમભાવના તથા મહેરબાની મારા હાલ પર ફર્માવી.

**★ પીર કેવો હોવો જોઈએ ?! ★**

કાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ અને મૌલાના શમ્સુદ્દીન તુર્ક, ખ્વાજા મહમૂદ મૌલાના અલાઉદ્દીન કિર્માની, સૈયદ નૂરૂદ્દીન ગઝનવી, શયખ નિઝામુદ્દીન અબુલ મુઐયદ તથા કેટલાયે બુઝુર્ગ હાજર હતા. અવલિયાના કશ્ફો કરામતના બારામાં ચર્ચા શરૂ થઈ. ખ્વાજા કુત્બુલ ઈસ્લામે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે શયખમાં એટલા પ્રમાણમાં દિલની કુવ્વત તથા ઝમીરની સોહબત હોવાં જોઈએ કે જ્યારે કોઈ શખ્સ એમની પાસે બયઅત થવા માટે જાય તો એમના પર વાજિબ છે કે પોતાની બાતિની શકિત વડે તે શખ્સના સીનાના કાટને જે દુનિયવી ગંદકીઓથી ખરડાયેલ હોય છે તેને દૂર કરે, જેથી જૂઠ, દગો, પ્રપંચ, હસદ, બુરાઈ તથા દુનિયવી ગંદકીઓની કોઈ ખરાબી પણ તેના સીનામાં ન રહે. ત્યારબાદ તેનો હાથ પકડીને મઅરેફતના ભેદો વડે વાકેફ કરી આપે. જો પીરને એટલા પ્રમાણમાં શકિત હાંસલ ન હોય તો યકીનના સાથે જાણ કે પીર તથા મુરીદ બંનેવ ગુમરાહીના જંગલમાં ભટકતા થશે.

આ પ્રસંગે આપે ફર્માવ્યું કે "અસ્રારુલ આરિફીન" કિતાબમાં ખ્વાજા શિબ્લી رحمۃ اللہ علیہ લખે છે કે એકવાર હું બદખ્શાંની તરફ સફર કરી રહ્યો હતો. એક બુઝુર્ગને જોયા જેમની સિફત (ખૂબી) વર્ણન નથી થઈ શક્તી. મેં તેમને સલામ કરી. તેમણે ફર્માવ્યું કે બેસી જાવ ! હું બેસી ગયો. થોડાક દિવસ

હું એમની ખિદમતમાં રહ્યો. ઈફતારના સમયે જવની બે રોટીઓ આલમે ગયબથી મળી જતી, એક વડે તે બુઝુર્ગ રોઝો ઈફતાર કરતા અને એક મને આપતા. એ બુઝુર્ગે બદખ્શાંના વાલીને ફર્માવ્યું કે મારા માટે અમુક ખાનકાહો તૈયાર કરાવ. બદખ્શાંના વાલીએ શયખના હુકમ પ્રમાણે પંદર દિવસમાં ખાનકાહ તૈયાર કરાવીને અર્ઝ કરી કે જનાબ ! ખાનકાહો તૈયાર થઈ ચૂકી છે. ત્યારે એ બુઝુર્ગે ફર્માવ્યું કે દરરોજ બજારેથી એક ગવૈયાને ખરીદી લાવો. તેમણે એ પ્રમાણે કર્યું. જ્યારે તે બજારથી ખરીદી લાવતો તો તે બુઝુર્ગ એ ગવૈયાનો હાથ પકડીને સજ્જાદા પર બેસાડી આપતા, અને કહેતા કે મેં એને ખુદા સુધી પહોંચાડી આપ્યો. છેવટે તે એવા બનતા કે દરેક એમનામાંથી પાણી પર ચાલી શક્તો હતો. અને જે શખ્સને એ ગવૈયા દુઆ આપતા બરાબર એ પ્રમાણે જાહેર થતું. ખ્વાજા શિબ્લી ફર્માવે છે કે મને એ ગવૈયાના કશ્ફો કરામતથી આશ્ચર્ય થયું તો એ બુઝુર્ગે ફર્માવ્યું, હે શિબ્લી ! સજ્જાદા પર બેસવું અને બયઅત કરવું એ શખ્સના માટે મુનાસિબ છે જેનામાં શક્તિ હોય કે બીજાને સાહિબે સજ્જાદા કરી શકે. અને જો વિલાયતની શક્તિ ન હોય તે શયખ નથી હોતો બલ્કે તે અહલે સુલૂકની નજીક કેવળ જૂઠો દાવેદાર છે.

## ★ સાચો દુરવેશ કેવો હોય છે ? ★

એ જ મોકા પર આપે ફર્માવ્યું કે સુલૂકવાળાઓ પોતાની ખાસિયતોના બારામાં લખે છે કે, માણસની કમાલિયત આ ચાર ચીજો, એટલે કે : ઓછુ ખાવું, ઓછુ સૂવું, ઓછી બોલવું અને લોકો સાથે ઓછુ મેલજોલ રાખવામાં છે.

ફમાવ્યું, ગઝનીમાં એક દુરવેશ હતો જે દરરોજ ખાલી હાથ રહેવામાં સબ્ર કરતો. જો દિવસના સમયે કોઈ ચીજ અધિક મળી જતી તો રાત સુધી એક પૈસો પણ પાસે રાખતો ન હતો. નાના મોટા માલદાર અથવા દરવેશ એની પાસે આવતા તો તે મેહરૂમ ન જતા. જેમ કે કોઈ ભૂખ્યો આવતો તો તેને ખાવા ખવડાવતો અને કોઈ નગ્ન આવતો તો પોતાના શરીરનાં કપડાં ઉતારીને તેને પહેરાવતો. એ દુરવેશ અને દુઆગો (પોતે) એક જ જગાએ રહેતા હતા. એને મેં એવું કહેતાં સાંભળ્યો કે ચાલીસ સાલ મેં મુજાહિદા તથા બંદગીમાં પસાર કર્યા પણ કોઈ રોશની મારામાં ન પામી. જ્યારથી મેં ચાર ઉપર વર્ણવેલ ચીજો કરી ત્યારથી રોશની એટલા પ્રમાણમાં હાંસલ થઈ કે જો કોઈ વખત આસ્માનની તરફ જોઉં છું તો અર્શે અઝીમ સુધી કોઈ પર્દો નથી રહેતો, અને જો જમીનની તરફ નિગાહ કરું છું તો જમીનની સપાટીથી લઈને તહતુષ્ષરા સુધી જે કાંઈ એમાં છે સર્વ દેખાઈ આવે છે.

એ જ કારણે આજે ત્રીસ વરસનો અરસો થવા આવ્યો હું હોઠ બંધ કરીને બેઠેલો છું. પછી મને સંબોધીને કહ્યું, હે દુરવેશ ! જ્યાં સુધી તું ઓછુ બોલીશ નહીં અને લોકો સાથે મેલજોલ કમ કરીશ નહીં ત્યાં સુધી દરવેશીનું જૌહર હરગિઝ તારી અંદર પેદા થશે નહીં, કેમ કે દુરવેશ લોકોનો તે ગિરોહ છે જેણે પોતાના માટે ઊંઘને હરામ કરી છે અને વાત કરવામાં જીભને ગુંગી બનાવી લીધી છે અને ઉમદા ભોજનોને માટીમાં મેળવી દીધાં છે, અને લોકોની સોહબતને સાપની જેમ ખયાલ કરેલ છે, ત્યારે ક્યાંક કુર્બે ઈલાહી હાંસલ કર્યો છે.

ફર્માવ્યું કે દુરવેશ ઉમદા લિબાસ પહેરે, એટલે કે લોકોને દેખાડવાના માટે તો ચોક્કસ જાણો કે તે દરવેશ નથી બલ્કે રાહે સુલૂકનો રહઝન (ડાકૂ) છે. અને જે દરવેશ નફ્સની ઈચ્છાના પ્રમાણે ખાણુ ભરપેટ ખાય તો યકીન જાણો કે તે પણ રાહે સુલૂકમાં જૂઠ બોલનારો અને જૂઠો દાવેદાર અને ખૂદ પરસ્ત છે. અને જે દરવેશ માલદારો સાથે બેઠક કરે છે તેને દરવેશ ન સમજો, બલ્કે તે તરીકૃતનો મુર્તદ છે. અને જે દરવેશ નફસાની ખ્વાહિશોના પ્રમાણે ખૂબ જ દિલ ખોલીને સૂએ છે, યકીન જાણો કે તેનામાં કોઈ નેઅમત નથી.

ફમાવ્યું કે હું એકવાર એક દરિયાની તરફ સૈર કરી રહ્યો હતો. એક બુઝુર્ગ અને માલદાર દરવેશને જોયો પરંતું સાથોસાથ તેને મુજાહિદામાં ત્યાં સુધી જોયો કે તેના શરીર પર હાડકાં તથા ચામડી પર રહી ન હતી. સારાંશ કે એ દરવેશની એ રસમ હતી કે જ્યારે ચાશતની નમાઝ અદા કરતો અને સજ્જાદા પર બેસતો તો દસ્તરખાન પર લગભગ અઢી મણ ખાણુ હોતું, ચાશતથી ઝોહરની નમાઝ સુધી જે શખ્સ આવતો તે ખાવા ખાઈને જતો રહેતો. જો કોઈ નાગો હોતો તો તેને હુજરામાં લઈ જઈને કપડુ પહેરાવતો અને જ્યારે ખાવા પૂરું થઈ જતું અને કોઈ મિસ્કીન લાચાર આવી જતો તો મુસલ્લાની નીચે હાથ નાખીને જે કાંઈ એનું નસીબ હોતું તેને આપી દેતો. સારાંશ કે દુઆગો થોડાક દિવસ તે બુઝુર્ગની ખિદમતમાં રહ્યો, જેવો કે ઈફતારનો સમય થતો તેવી જ ચાર ખજૂરો આલમે ગયબથી પહોંચી જતી, એમાંથી બે મને આપતા અને બે પોતે ખાતો. ત્યાર બાદ કહેતો કે જ્યાં સુધી દરવેશ ઓછુ ન ખાય અને ઓછુ ન સૂએ, અને ઓછુ ન બોલે, અને લોકોના મેલજોલને ન ત્યજે ત્યાં સુધી કોઈ મર્તબે પહોંચી શક્તો નથી.

એ જ મોકા પર ફર્માવ્યું, કે હઝરત ઈસા علیہ السلام આટલી બધી દરવેશી તથા કુર્બ છતાં ચોથા આસ્માન પર પહોંચ્યા. તો હુકમ થયો કે એમને ચોથા આસ્માન પર જ રહેવા દો, કેમ કે દુનિયવી ચાહત હજી એમનામાં બાકી છે ! જ્યારે ઈસા علیہ السلامએ તલાશ કરી તો એક લાકડીનો વાટકો, સોય અને ખિર્કો મૌજૂદ પામ્યો. અવાજ આપ્યો કે એને હું શું કરું ?! હુકમ થયો કે તેં પોતાના પગ પર પોતાના હાથે કુહાડી મારી છે કે પ્યાલો તથા સોય બહાર ફેંકીને ન આવ્યો ! હવે એ જ જગાએ રહો. તો હે દરવેશ ! જે ચીજો કે તદ્દન તુચ્છ છે તેના બદલામાં હઝરત ઈસા علیہ السلامને ચોથા જ આસ્માનમાં રાખવામાં આવ્યા, તો એ કેવી રીતે શક્ય છે કે આ માનવી બધી ખરાબીઓ છતાં બારગાહે ઈલાહીમાં પહોંચ પામે ?! ફર્માવ્યું કે દુરવેશ એકલો હોવો જોઈએ અને તેણે એક મુલ્કથી બીજા મુલ્ક સૈર કરવી જોઈએ.

ફર્માવ્યું કે એક વખતનું વર્ણન છે કે એક દુરવેશ સાહિબે તફક્કુર (ચિંતનવાળા) હતા તે હમેશાં હયરાની (આશ્ચર્ય)માં રહ્યા કરતા હતા. જ્યારે તેમને લોકોએ પૂછયું કે તમો જે આલમે તહર્રીમાં ડૂબેલા છો એમાં શું હિકમત છે ? તેમણે કહ્યું, જ્યાં સુધી હું નિગાહ કરું છું, જ્યારે એક મુલ્કથી પસાર થઉં છું તો એનાથી સો ગણા અન્ય મુલ્ક જોઉં છું. અને હું જ્યારે એને જોઉં છું તો એકની સાથે એક નથી મળતો, એના લીધે હું એક મુલ્કથી બીજા મુલ્ક જાઉં છું અને એ જ ખયાલોમાં ડૂબેલો રહું છું. ખ્વાજા કુત્બુદ્દીન અવામુલ્લાહિત્તકૃવા આશ્ચર્યમય થઈ ગયા અને રડી પડયા. અને ફર્માવ્યું કે એકવાર મેં એક દુરવેશથી આ મસ્નવી સાંભળી હતી. (અર્થ) : તે મુલ્ક જેને હું પાછળ છોડી આવું છું એવા જ બસો અધિક મુલ્ક મારી આગળ આવે છે.

આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે સલૂકવાળાઓ અને હૈરતમાં પડેલાઓનો ગિરોહ એવું ફર્માવે છે કે દુરવેશે સુલૂકની રાહમાં દરરોજ એક લાખ મુલ્કથી પસાર થવું જોઈએ અને તેમ છતાં કૃદમ આગળ વધારવો જોઈએ. તો જેને આલમે ગયબથી કાંઈ ઉપલબ્ધ નથી તેની નિગાહ ખૂદ દુરવેશ છે. એ જ મોકા પર આપે ફર્માવ્યું કે જે અવલિયા રહસ્યોને જાહેર કરે છે તેઓ શૌકૃના ગલ્બામાં હોય છે અને એ ગલ્બાના કારણે કહી બેસે છે. અને અમુક એવા કામિલ હાલવાળા છે જેઓ કોઈ પ્રકારનો ભેદ જાહેર નથી કરતા. તો આ રાહમાં સુલૂકવાળાઓનો હોસલો વિશાળ હોવો જોઈએ જે ઈલાહી રહસ્યોને ગુપ્ત રાખી શકે, એટલા માટે કે આ ભેદ દોસ્તનો ભેદ છે તો જે કામિલ હાલવાળો છે તે કદી ભેદોને જાહેર નથી કરતો.

એ જ મોકા પર આપે વધુ પેજ નં. ૧૬....પર

ફતવા વિભાગ -કાર્યાલય

## દલાલી વિશે અસલ તથા વર્તમાન ખુલાસાવાર ફત્વો

શું ફર્માવે છે ઉલ્માએ એહલે સુન્નત અને મુફ્તિયાને શરએ મતીન નીચેના મસાઈલ વિશે :

દલાલ અને એજન્ટ દલાલી કરે છે. અને તેમાં ટકા નક્કી કરે છે. જેમ કે મકાન તથા જમીનની દલાલી, ગાડીઓની દલાલી અથવા વિદેશ મોકલવાની દલાલી વગેરે. (આ) શરીઅતની રૂએ જાઈઝ છે કે નથી ? શું શરીઅતમાં દલાલી જાઈઝ પણ છે ? (અને છે) તો કઈ અને કેટલી હદ સુધી ? મહેરબાની કરી સરળ ભાષામાં વિગતવાર દલીલ સાથે જવાબ ઈનાયત ફર્માવશો. પ્રશ્નકર્તા : મુહમ્મદ આક઼િબ ખાન બરકાતી *(પેટલાદ)*

૭૮૬/૯૨ **અલ્જવાબ** : દલાલ અને એજન્ટ જો દલાલીમાં ટકા નક્કી કરે તો નાજાઈઝ અને હરામ છે. રદ્દુલ મુહ઼તારમાં તાતારખાનિયા(ના હવાલા)થી છે :–

**فی الدلال یجب اجرا لمثل وما تواضعوا علیه ان**

**فی کل عشرة دنا نیر کذا فذالك حرام علیهم**

"દલાલ અને એજન્ટમાં અજ્રે મિષ્લ વાજિબ છે. અને એ વાત પર જો સહમત હોય અથવા શરત રાખે કે દરેક દસ દીનાર પર આટલુ, તો આ હરામ છે."

દલાલી અને એજન્સી ઈજારો છે. અને ઈજારો નિઃસંકોચ જાઈઝ છે. દલાલ તથા એજન્ટ જો વેચનાર અને ખરીદનાર તરફથી દોડ ધૂપ કરે, મહેનત અને કોશિશ કરે તો આ કામમાં જેટલુ ચાલ્યો અને જેટલી કોશિશ કરી એટલું જ મહેનતાણુ પામશે. અને જો બેઠા બેઠ બે ચાર વાતો કરી, મશ્વરા આપ્યા, કહ્યું કે ખરીદી લો ઘણું સારૂ છે અથવા વેચી દો તમારા હક઼માં બેહતર છે, તો તેને કાંઈ નહીં મળે. એટલા માટે કે મહેનતાણું આવવા જવા અને મહેનતનું હોય છે. કેવળ વાતો (કરવા યા મશ્વરા આપવા)નું નહીં. રદ્દુલ મુહતાર, બઝ્ઝાઝિયા અને વલ્વાલિજિય્યામાં છે :–

**الدلالة والارشاد لیست بعمل یستحق به الجر وان**

**قال رجل لبینه ان دلتنی کذا فلك کذا ان مشی**

**له فدله فله اجرالمثل**

માર્ગદર્શન અને મશ્વરો એવું કાર્ય નથી જેના લીધે મહેનતાણાનો હક્ક઼દાર થાય. હા ! જો કોઈ નિશ્ચિત વ્યક્તિને કહ્યું કે આ બાબતમાં તમે મને માર્ગદર્શન આપો તો તમારા માટે આટલુ મેહનતાણુ છે. તો જો તે એ કામ માટે ચાલ્યો અને માર્ગદર્શન કર્યું તો તેને અજ઼રે મિષ્લ મળશે. ગ઼મ્ઝુલ ઉયૂનમાં ખઝાનતુલ અકમલથી છે : **اما لودله با لکلام فله شیء له** જો માત્ર જબાનથી કહ્યું તો કાંઈ નહીં પામે.

અને અજરે મિષ્લ એ છે કે આવા કામ અને આટલા કામમાં આટલી કોશિશ પર જે યોગ્ય મહેનતાણુ થતુ હોય (તે આપવામાં આવે) એનાથી વધારે નહીં પામે, ભલે ગમે એટલા વધારે નક્કી કરી લીધા હોય. હા ! જો ક઼રાર અજરે મિષ્લથી ઓછાનો થયો છે તો ઓછુ (મહેનતાણુ) જ પામશે. ખ઼ાનિયા તથા અશ્બાહમાં પણ એ જ પ્રમાણે છે. *(બહ઼વાલા ફ઼તાવા રઝવિય્યહ, ભાગ ૮)* વલ્લાહુ તઆલા અઅ્લમુ બિસ્સવાબ

**લખનાર :** *(મુફ઼્તી) મુહમ્મદ કલીમ અશરફ મિસ્બાહ઼ી ખાદિમુત્તદ્રીસ વલ ઈફ઼્તા, દારુલ ઉલૂમ ક઼ાદરિયા રઝવિય્યહ. શેરપૂરા, પેટલાદ, ગુજરાત. ૫ જમાદિલ ઉખ઼રા હિ. ૧૪૨૭, ૨ જુલાઈ ઈ.સ. ૨૦૦૬.*

## જામિઆ અશ્રફિયા મુબારકપુરનો ફત્વો

**અલ્જવાબ** : ફત્વો બરાબર છે, પરંતું વર્તમાન સમયમાં કમિશન એજન્ટના રૂપમાં દલાલી આમ થઈ ચૂકી છે. અધિકતમ કામોમાં એજન્ટ કમિશન પર કામ કરે છે અને હવે તેનો રિવાજ બની ચૂક્યો છે. ઉલ્મા અને મદ્રસાવાળાઓ પણ કિતાબ, કેલેન્ડર, જંત્રી, પરચા વગેરે આ જ રીતે છાપે છે અને છપાવે છે. એટલા માટે હવે એની ઈજાઝત હોવી જોઈએ, નહીં તો મોટો વાંધો આવશે. હા ! કમિશન નક્કી કરવામાં એ ધ્યાન રાખવું જરૂરી છે કે અજરે મિષ્લથી ઓછું અથવા તેના બરાબર હોય, તેનાથી વધારે ન હોય. **જે વિસ્તારમાં કોઈ દલાલ કામ કરે છે ત્યાં એના જેવા કામ પર સામાન્યતઃ જે મહેનતાણુ થાય છે તે જ અજરે મિષ્લ છે.** હાઝા મા ઈન્દી વલ્ ઈલ્મુ બિલ્હક્કિ ઈન્દ રબ્બી.

ટકા નક્કી કરવાની મનાઈ એટલા માટે છે કે તે અજ્રે મિષ્લથી ઘણા વધી શકે છે. પરંતું આનો ખ્યાલ ટકામાં પણ કરી લેવામાં આવે અને સાથે જ રિવાજ પણ પડી ગયો હોય તો વાંધો ન હોવો જોઈએ. વલ્લાહુ તઆલા અઅ્લમ (અને અલ્લાહ તઆલા સૌથી અધિક જાણકાર છે.)

**લખનાર** : (મુફ઼્તી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી
*(ખાદિમુલ ઈફ઼્તા દારૂલ ઉલૂમ અશ્રફ઼િયા–મુબારકપૂર, આઝમગઢ)૪ ઝિલ હજ્જ મુબારક, હિ.સ. ૧૪૨૭ (૨૪/૧૨/૨૦૦૬)*

# વેપારનું મહત્વ અને તેના નિયમો

### ★ હઝરત ઉમર رضی اللہ عنہ અને એક ભીખારી ★

રિવાયતમાં છે કે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ એકવાર ભીખ માગનારનો અવાજ સાંભળ્યો તો આપે તેને ખાવા ખવડાવાનો હુકમ કર્યો. થોડીવાર પછી ફરી તેનો અવાજ સાંભળ્યો. ખબર પડી કે આ એ જ ભીખારી છે અને ખાણુ ખાધા પછી ફરી માંગે છે. આપે તેને બોલાવ્યો અને જોયું તો તેની જોલી રોટલીઓથી ભરેલી હતી. આપે જોલીનો એક છેડો પકડયો અને તેને ઊંટોની આગળ ઝાટકી નાખ્યો અને ફર્માવ્યું કે આ તો સાઈલ (માગનાર) નથી બલ્કે તાજિર (વેપારી) છે ! આવા વેપારી માગનારાઓને ન આપવું બેહતર છે.

હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, "ભીખ માગવાથી બચો ! કેમ કે જે શખ્સ માગવાની આદત બનાવી લે છે તો માગવાથી પહેલાં અલ્લાહ તેના પર મોહતાજીનો દરવાજો ખોલી દે છે, તે મરતા દમ સુધી માગતો રહેશે પણ સંતુષ્ટ નહીં થાય." વાસ્તવમાં ભીખારી ક્યારે પણ ખુશહાલ નથી થઈ શકતો. જે લોકો અલ્લાહ વ રસૂલ અને બુઝુર્ગોનાં નામ લઈને ભીખ માગે છે એવા લોકો ખૂબ જ લા'નતી હોય છે. આવા લોકોના સંબંધે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો કે મલઊન છે તે શખ્સ જે અલ્લાહના નામે ભીખ માગે. આવો શખ્સ જાણે કે અલ્લાહને ભીખ માગવાનું માધ્યમ બનાવે છે. અલ્લાહ વ રસૂલની ઈજ્જત તેના દિલમાં નથી રહેતી. તે જાણે છે કે ભીખ માંગવામાં ખુદાના પ્યારા રસૂલ صلی اللہ علیہ وسلمનો વાસ્તો આપવાથી ચાહે ન ચાહે મુસલમાને કાંઈક ને કાંઈક તો આપવું જ પડશે. એટલા માટે તે અલ્લાહ વ રસૂલનું નામ લઈને ભીખ માગે છે. વાસ્તવમાં આ લોકો ઈસ્લામ અને મુસલમાનોની પેશાની પર ખરાબ દાગ છે અને આ જ લોકોએ ઈસ્લામને બર્બાદ અને મુસલમાનોને બર્બાદ કર્યા છે.

હલાલ તરીકાથી રોજી કમાવવું, મહેનત અને પરિશ્રમ દરેક શખ્સનો ફર્ઝ છે અને તેના વિરૂદ્ધ અમલ કરવો ખરેખર ગુનોહ છે, અને પકડના પાત્ર પણ છે. પણ આજકાલ ભીખારીઓના દિલોમાં એવો વહેમ છે કે મહેનત મજૂરી કરવી અમારું કામ નથી એટલે તો બીજા લોકો બનાવવામાં આવ્યા છે ! અલ્લાહ રહેમ કરે બંદો લહેર કરે.

ભીખ માગવાથી આત્મ સન્માન અને લજ્જા મરી જાય છે. અનુભૂતિ દૂર થઈ જાય છે. સુસ્ત અને એદી (આળસુ) લોકોની સંખ્યા વધતી જ જાય છે, મફતનું ખાવાના કારણે કૌમમાં દુરાચાર જન્મ લે છે. આદમી સુસ્ત અને એદી તથા નકામો થઈ જાય છે. મહેનતની આદત દિવસે દિવસે ઓછી થતી જાય છે અને આદમી ભીખના સિવાય કોઈ કામના લાયક કે પાત્ર નથી રહેતો.

### ★ જાનવર પણ નકામુ ★

મખઝને અખ્લાકમાં છે કે એક ડોશીએ રસ્તા પાસે ખાટલી બિછાવી અને તેના પર ભીખના ટુકડા સુકાવા માટે નાખ્યા હતા. એક ઊંટે ચાલતા ચાલતા ગરદન લંબાવીને બે ચાર ટુકડા તેમાંથી ખાધા. ડોશી ઊંટવાળાને ગાળો દેવા લાગી. ઊંટનો માલિક રડવા લાગ્યો. લોકોની ખાસી ભીડ જમા થઈ ગઈ અને તેને રડવાનો સબબ પૂછવા લાગ્યા તો તેણે કહ્યું કે તે ડોસીના બે ચાર ટુકડા ઓછા થઈ ગયા પણ મારું ઊંટ હમેશાં માટે નકામુ થઈ ગયું, કેમ કે ભીખના ટુકડા તેના મોંમાં લાગી ગયા છે, હવે તે કામ કરવાનું છોડી દેશે!

ભાઈઓ ! ભીખ તે ઝિલ્લતનો લુકમો છે કે જો તેને જાનવર પણ ખાઈ લે તો તે પણ નકામુ થઈ જાય! અફસોસ ! હજારવાર અફસોસ! કે આજે કેટલાક મુસલમાનોએ તેને ધંધો બનાવી લીધો છે. અલ્લાહ લોકોને સારી સમજ આપે કે તેઓ ભીખ માગવું બંધ કરી દે અને મહેનત અને પરિશ્રમની રોજી કમાય અને ખુદાની ઝાત પર ભરોસો રાખે કે તે આપણી મહેનત અને મજૂરીનું મહેનતાણુ જરૂર આપશે. આજે મોજ મજાથી જીવતા લોકો હાથ કરીને દેવુ કરે છે અને પછી ઝકાતની ઉઘરાણી કરવા લાગે છે તો એવા લોકોએ સબક લેવો જોઈએ.

✪ અઝ : મૌલાના ઈલ્યાસખાન નૂરી (રતનપૂર) ✪ અનુવાદક : મૌલાના મુહમ્મદ રઉફ રઝવી (પાલેજ)

# હઝરત ઈમામ નસાઈ رحمۃ اللہ علیہ

**નામ તથા નસબ :** નામ : અહમદ, કુન્નિયત : અબૂ અબ્દુર્રહમાન, વાલિદનું નામ : શુઐબ છે. વંશવેલો (શજરો) આ પ્રમાણે વર્ણન કરવામાં આવે છે : અહમદ બિન શુઐબ બિન અલી બિન બહર બિસ સનાન બિન દીનાર નિસાઈ.

**વિલાદત તથા તા'લીમ :** આપની વિલાદત હિ.સ. ૨૧૫માં ખુરાસાનના એક મશ્હૂર શહેર નસાઅમાં થઈ. શરૂઆતની તા'લીમ પોતાના શહેરના ઉસ્તાદો પાસેથી હાંસલ કરી. તેના પછી ૧૫ વર્ષની ઉંમરમાં હિ.સ. ૨૩૦માં સૌથી પહેલાં કુતૈબા બિન સઈદ બલ્ખીની ખિદમતમાં હાજર થયા અને તેમની ખિદમતમાં એક વર્ષ બે મહીના (૧૪ મહીના) રહીને ઈલ્મે હદીષ હાંસલ કર્યો.

તેના પછી દૂર દૂરના શહેરોમાં જઈને ઈલ્મે હદીષ હાંસલ કર્યો. તે સિલસિલામાં ખુરાસાન, ઈરાક, હિજાઝ, શામ અને મિસ્રનો ખાસ કરીને ઉલ્લેખ કરવામાં આવે છે. આપ આખરી ઉંમરમાં મિસ્રમાં સ્થાયી થઈ ગયા હતા.

**આપના ઉસ્તાદો :** ઉસ્તાદોનું લિસ્ટ ખૂબ લાંબુ છે, અમુક આ પ્રમાણે છે : કુતૈબા બિન સઈદ, ઈસ્હાક બિન રાહવિયા, હિસાબ બિન અમ્માર, મુહમ્મદ બિન નસર, મરૂઝી, મહમૂદ બિન ગીલાન, અબૂ દાઊદ બિન સુલૈમાન બિન અશઅષ, અબૂ અબ્દુલ્લાહ બિન ઈસ્માઈલ બુખારી વગેરે.

**આપના શાગિર્દો :** આપના શાગિર્દોનું લિસ્ટ ખૂબ જ લાંબુ છે, અમુક નામો આ પ્રમાણે છે :–

અબૂ જાફર તહાવી, અબુલ કાસિમ તિબ્રાની, અબૂ જાફર ઓકૈલી, હાફિઝ અબૂ અલી નીશાપૂરી, હાફિઝ અબુલ કાસિમ ઉન્દુલ્સી, અબૂબક્ર બિન હદ્દાદ ફકીહ...વગેરે.

**સ્વભાવ તથા વિશિષ્ટતાઓ :** હઝરત ઈમામ નસાઈ ખૂબ જ પ્રભાવ શાળી અને ખૂબસૂરત શખ્સ હતા. બોડીવાળા મજબૂત અને ખૂબ તંદુરસ્ત હતા, દસ્તરખ્વાન રંગબેરંગી તથા અલગ અલગ પ્રકારનાં સ્વાદિષ્ટ ખાણાઓથી ભરેલુ હતું. જમ્યા પછી તમામ ફળોના રસનો ઉપયોગ કરતા, સાથોસાથ સારો દેખાવ અને સારાં કપડાં પહેરતા હતા. આપની ચાર પત્નીઓ હતી અને તે ઉપરાંત કનીઝો પણ સાથે રહેતી હતી.

**ઈબાદત :** તે તમામ જાહેરી ઐશ તથા આરામના સામાનો હોવા છતાં આપ ખૂબ જ ઈબાદતગુઝાર અને રાતે જાગતા હતા. સૌમે દાઊદી ઉપર હમેશાં આમિલ રહ્યા, તબીયતમાં હદથી વધારે બેનિયાઝી હતી એટલા માટે સમયના હાકિમોની મજલિસોથી હમેશાં દૂર રહેતા હતા.

આપ અકીદાઓમાં ખૂબ જ મજબૂત હતા. જે જમાનામાં મોઅતઝલાના ખલ્કે કુર્આનના અકીદાઓની ચર્ચા હતી તે દિવસોમાં મુહમ્મદ બિન અઈને એકવાર અબ્દુલ્લાહ બિન મુબારકથી કહ્યું, ફલણો શખ્સ કહે છે જે શખ્સ આયતે કરીમા اننى انا الله لا اله الا انافاعبدونى ને મખ્લૂક માને તે કાફિર છે, હઝરત અબ્દુલ્લાહ બિન મુબારકે ફર્માવ્યું, એ હક્ક છે ! હઝરત ઈમામ નસાઈ رحمۃ اللہ علیہ એ જ્યારે આ રિવાયત સાંભળી તો ફર્માવ્યું, "મારો પણ એ જ મઝહબ છે."

**હક્કગોઈ તથા શહાદત :** હઝરત ઈમામ નસાઈ આખરી ઉંમરમાં ઈર્ષાળુઓની શરારતોથી કંટાળીને ફિલિસ્તીનનું એક સ્થળ રમલા આવી ગયા. અહીંયાં બનૂ ઉમય્યાની ખૂબ જ મોટી હુકૂમતના કારણે ખારજીયત તથા નાસબિયતનું જોર હતું. આમ લોકો

✽ ✽ રજૂકર્તા : **સીરાજભાઈ લોખંડવાળા-ભાવનગર** *(મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)* ✽ ✽

હઝરત અલી رضی اللہ عنہથી બદ્‌ગુમાન હતા, બલ્કે દમિશ્કમાં તે વખતે મોટાભાગની સંખ્યા તે જ લોકોની હતી. આપે આ વાતાવરણ જોયું તો અકીદાઓની સુધારણા માટે હઝરત અલી رضی اللہ عنہની તારીફમાં ''કિતાબુલ્ ખસાઈસ'' નામની કિતાબ લખી.

કિતાબ લખ્યા પછી આપે દમિશ્કની જુમ્આ મસ્જિદમાં લોકોની સામે તેને પઢીને સંભળાવી દીધી. આ કિતાબ ત્યાંના લોકોની માન્યતાની વિરુદ્ધ હતી એટલા માટે તેને સાંભળીને ત્યાંના લોકો ભડકી ઉઠયા. ટોળામાંથી કોઈક શખ્સે કહ્યું, અમને આપ કોઈ એવી રિવાયત સંભળાવી આપો કે જેનાથી હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہની હઝરત અલી رضی اللہ عنہ ઉપર બરતરી (ઉચ્ચતા) જાહેર થાય.

આપે જવાબમાં ફર્માવ્યું, હઝરત મુઆવિયાનો મામલો બરાબર સમતલ થઈ જાય તો શું એ તમારા ખુશ થવાના માટે પૂરતું નથી ?! અથવા મતલબ એ હતો કે શું અમીર મુઆવિયા رضی اللہ عنہના માટે હઝરત અલી رضی اللہ عنہના બરાબર હોવું પૂરતુ નથી, કે તમે બરતરીનો સવાલ કરી રહ્યા છો ! આ સાંભળીને તે લોકો આગની જેમ ભડકી ગયા અને બધા અદબોને અભરાઈ ઉપર રાખી તેઓએ આપને મારવાનું શરૂ કર્યું, અમુક બેરહમ જાલિમોએ આપના મુબારક શરીર ઉપર લાઠીઓ પણ મારી જેના કારણે આપ ખૂબ ઢીલા પડી ગયા. તે જ હાલતમાં આપને મકાન ઉપર લાવ્યા. આપે ફર્માવ્યું, મને મક્કા મુકર્રમા લઈ જાવ કે મારો ઈન્તેકાલ મક્કા મુકર્રમામાં થાય. તે જ ઘટનાથી આપનો વિસાલ ૧૩, સફર હિ.સ. ૩૦૩માં ૮૮ વર્ષની ઉંમરમાં થયો. સફા મરવાની વચ્ચે દફન થયા.

**આપની કિતાબો** : હઝરત ઈમામ નસાઈ رحمۃ اللہ علیہએ ખૂબ જ વ્યસ્ત હોવા છતાં ઘણી બધી કિતાબો લખી છે જેનાં નામ આ પ્રમાણે છે :–

અસ્ સુનને કુબ્રા, અલ્ મુજતબા, ખસાઈસે અલી, મુસ્નદે અલી, મુસ્નદે માલિક, મુસ્નદે મન્ષૂર, ફઝાઈલુસ્ સહાબા, કિતાબુત્ તમીઝ, કિતાબુલ મુદલષીન, કિતાબુઝ્ ઝઅફાઅ્, કિતાબુલ્ અલ અખૂહ, કિતાબુલ્ જરહવલ તઅદીલ, મશિખતુન્ નસાઈ, અસ્માઉર્રવાહ, મનાસિકે હજ્જ.


**કિતાબ** : સુનને નસાઈ

તે બધી કિતાબોમાં આપની સુનને નસાઈને સંપૂર્ણ ખ્યાતિ હાંસલ થઈ જે સિહાહ સિત્તાની મહત્વની કિતાબ છે. અલ્ સુનનુલ કુબ્રા લખ્યા પછી રમલા (ફિલિસ્તીન)ના અમીરની સામે આ કિતાબને પેશ કરી, અમીરે પૂછયું, શું આપની આ કિતાબમાં બધી હદીષો સહીહ છે ? આપે ફર્માવ્યું, નહીં ! આમાં સહીહ અને હસન બંને પ્રકારની હદીષો છે. તેના ઉપર અમીરે અર્ઝ કર્યું, આપ મારા માટે તે હદીષો ચૂંટી લો જે બધી સહીહ હોય, એટલા માટે અમીરની દરખાસ્ત પર આપે સુનને કુબ્રામાંથી સહીહ હદીષો પસંદ કરી અને તેનું નામ અલ્ મુજતબા રાખ્યું.

તેને જ સુનને સુગ્રા પણ કહે છે, સામાન્ય રીતે આમ લોકોમાં સુનને નસાઈના નામથી મશ્હૂર છે. મુહદ્દિષો જ્યારે ફક્ત રવાહુન્નસાઈ કહે તો આ જ કિતાબ મુરાદ હોય છે અને સહીહ કિતાબમાં તેનો જ એતબાર છે.

આપની આ કિતાબની ખૂબી એ પણ છે કે મોટા ભાગની સિહાહ કિતાબના તરીકા એમાં ભેગા છે, એટલા માટે ઈમામ બુખારીના તર્ઝ ઉપર એક હદીષને અલગ અલગ પ્રકરણોમાં લાવીને અલગ અલગ મસ્અલાઓમાં સાબિત કર્યા છે. હઝરત ઈમામ મુસ્લિમ رحمۃ اللہ علیہના તરીકાઓ ઉપર એક હદીષના બધા તર્કને શબ્દોના ફેરફારની સાથે બયાન કરેલ છે. હઝરત ઈમામ અબૂ દાઊદના અંદાજ ઉપર કેવળ ફિક્હી અહેકામથી સંબંધિત હદીષોને ભેગી કરી છે અને ઈમામ તિર્મિઝી رحمۃ اللہ علیہની જેમ હદીષોની નીચે તેની ઉપર ફન્ની નુક્તાઓથી ચર્ચા કરી છે. જેની થોડીક ચર્ચા આપે જામેઅ તિર્મિઝી હેઠળ જોયી. *–(જામિઉલ અહાદીષ : મુકદમા)*

### ચાંદની શરઈ સાબિતી માટે



# મોબાઈલની ખબરોથી

## શરઈ ઈસ્તેફ઼ાદ઼ાનો હુકમ



અઝ : **પીરે તરીક઼ત હઝરત મૌલાના મુફ્તી અબ્દુર્રહમાન રશીદી** *(સજ્જાદાનશીન ખાનક઼ાહે રશીદિયહ–જોનપુર)*

**અનુવાદક તથા સંપાદક** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

ચાંદની સાબિતીના તરીક઼ાઓમાંથી એક તરીક઼ો "ઈસ્તેફ઼ાદ઼ાએ શરઈ" પણ છે, જે "શહાદત"ના ક઼બીલથી (શહાદત રૂપે) નથી બલ્કે "ખબર"ના ક઼બીલથી છે જ્યારે કે એ "મશ્હૂર" તથા તેહક઼ીક઼પૂર્ણ હોય. ફતાવા રઝવિય્યહમાં છે :–

"આપણા ઈમામોએ કેવળ ઈસ્તેફ઼ાદ઼ા તથા ઈશ્તેહાર (મશ્હૂર થવું) પૂરતુ ન જાણ્યું બલ્કે એની સાથોસાથ તેહક઼ીક઼ની કૈ઼દ (શર્ત) અધિક વર્ણવી." *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૫૬૨)*

જાણવા મળ્યું કે "ખબરે મશ્હૂર" જો તેહક઼ીક પૂર્ણ હોય તો એ ઈસ્તેફ઼ાદ઼ાએ શરઈ છે અને ચાંદની સાબિતીમાં વિશ્વાસપાત્ર છે. હવે રહી એ વાત કે અલ્લામા રહમતીએ "ઈસ્તેફ઼ાદ઼ાએ શરઈ"નો જે અર્થ બતાવ્યો છે કે, "બલદે ષબૂત (ચાંદની સાબિતી પામેલ શહેર)થી વિવિધ ટોળીઓ આવીને વર્ણન કરે." તો આ એમના સમયના એતબારથી છે કે એમના દૌરમાં તેહક઼ીક઼ની કેવળ આ જ સ્થિતિ હતી, આ વર્તમાન પ્રચાર માધ્યમો એમના દૌરમાં ન હતાં. પણ એનો એ અર્થ નથી કે તેહક઼ીક઼ એ જ અર્થમાં સીમિત હોય. જો એવી જ વાત હોત તો આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફતાવા રઝવિય્યહમાં આવું ન ફર્માવતા કે :–

"તારની ખબર મજહૂલૈન (અપરિચિતો), ફાસિક઼ો બલ્કે અમુક કાફિરોના માધ્યમથી આવે છે. એવી ખબરમાં શરીઅતે ફર્ઝ કર્યું હતું કે કદી પણ તેહક઼ીક઼ વિના અમલ કરવામાં ન આવે." *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૫૨૧)*

બલ્કે સ્પષ્ટ ફર્માવી આપત કે તારની ખબરમાં બલદએ ષબૂત (ચાંદની સાબિતી પામેલ શહેર)થી વિવિધ જમાઅતો (ટોળીઓ)નું આવીને બયાન આપવું નથી જોવા મળતું જે ઈસ્તેફ઼ાદ઼ાએ શરઈના માટે જરૂરી છે જેથી એ વિશ્વાસપાત્ર નથી. એ કહેવાની શું જરૂરત હતી કે "તારની ખબર મજહૂલૈન (અપરિચિતો), ફાસિક઼ો બલ્કે અમુક કાફિરોના માધ્યમથી આવે છે." એ જ પ્રમાણે એવું કહેવાની શું જરૂરત હતી કે આવી ખબરમાં શરીઅતે ફર્ઝ કર્યું હતું કે, "કદાપિ (Never) તેહક઼ીક઼ વિના અમલ ન કરે." નહીં તો સ્પષ્ટ ફર્માવી આપત કે કદીપણ અમલ ન કરે, આ "તેહક઼ીક઼ વિના"ની શરત શા માટે લગાડી ?!

હવે આવો એવું માલૂમ કરીએ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہની નજીક તેહક઼ીક઼ વિનાની ખબરનો શો અર્થ છે. તે ફર્માવે :–

તેહક઼ીક઼ વિનાની ખબરો જેમની સનદ માલૂમ નથી ભલે સર્વ શહેરવાસીઓની જીભ પર હોય, કાન ધરવાને (ધ્યાન આપવાને) પાત્ર નથી થતી, ન તો એના થકી કોઈ શરઈ હુકમની સાબિતી થઈ શકે. ઈન્સાફ કરો ! તારની આ જ હાલત છે કે શહેરવાળાઓ કદી પણ નથી બતાવી શક્તા કે આ

પ્રચાર કયા લોકોના હાથોથી થયો છે, તારના ફોરમ કોણે લખ્યાં, તાર બાબુ (કર્મચારી)ને ફોરમ આપવા કોણ ગયું હતું. તો એ જ રહ્યું : لا يعلم من اشاعها ત્યાં શાબ્દિક રીતે ઈસ્તેફાદા તો સાબિત થશે, પણ સ્પષ્ટ તેહકીક સાથે શરઈ ઈસ્તેફાદા સાબિત નહીં થાય. *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૫૪૪)*

જેથી ઉપરોક્ત ફત્વામાં આ'લા હઝરત رحمۃ اللہ علیہનું એ ફર્માવવું કે, "તારની ખબર મજહૂલૈન, ફાસિકો બલ્કે અમુક કાફિરોના માધ્યમથી આવે છે. એવી ખબરમાં શરીઅતે ફર્ઝ કર્યું હતું કે કદી પણ વિના તેહકીકે અમલ ન કરે." આ એ બાબતને સ્પષ્ટ કરી રહેલ છે કે તારની ખબરમાં એ વાતની તેહકીક જરૂરી છે કે ખબર આપનાર મજહૂલ (અપરિચિત) ન હોય પણ માલૂમ હોય. ખબર આપનારા ફાસિક અથવા કાફિર ન હોય, ગૈર ફાસિક તથા ગૈર કાફિર હોય. વળી જ્યાં સુધી ફાસિકની ખબરના અવિશ્વાસ પાત્ર હોવાની વાત છે તો એ પણ મુત્લકન (અબાધિત, શર્તવિહોણુ) નથી, બલ્કે કાઝી અથવા મુફતીને એની ખબર પર સચ્ચાઈની ખાત્રી ન થાય, અને જો એની ખબર પર સચ્ચાઈની ખાત્રી થાય તો વિશ્વાસ પાત્ર છે. જેમ કે ફતાવા રઝવિય્યહમાં છે :–

"સહીહ એ છે કે મુસલમાન ભલે ફાસિક હોય અહલે શહાદત (ગવાહીને પાત્ર) છે, પણ એની ગવાહી સ્વીકારવી નાજાઈઝ છે, એ હાલત સિવાય કે એના બારામાં હાકિમને સચ્ચાઈની ખાત્રી થાય, કે એ પણ તેહકીકમાં દાખલ છે.

રબ તઆલા ફર્માવે છે :–

يَاَ يُّهَا الَّذِيْنَ اٰمَنُوْآ اِنْ جَآءَكُمْ فَاسِقٌۢ بِنَبَاٍ فَتَبَيَّنُوْآ اَنْ تُصِيْبُوْا قَوْمًا بِجَهَالَةٍ فَتُصْبِحُوْا عَلٰى مَا فَعَلْتُمْ نٰدِمِيْنَ

"હે ઈમાનવાળાઓ ! જો ફાસિક તમારી પાસે કોઈ ખબર લઈને આવે તો સારી રીતે તેહકીક કરી લો. એવું ન બને કે અજાણતામાં કોઈને કોઈ તકલીફ પહોંચે પછી તમો તમારા કરેલા પર શરમાવ." *(સૂરએ હુજુરાત, આયત–૬)*

જ્યારે મુફતી ફતાવા આપનારાઓને એમના બારામાં સચ્ચાઈની ખાત્રી થાય તો એનો હુકમ શરઈ દલીલ છે. રમઝાન તથા ઈદુલ ફિત્ર વાજિબ થઈ જશે, અને એના હુકમ પછી અવામમાં કોઈને વિરૂદ્ધ જવાની ગુંજાઈશ રહેશે નહીં." *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૫૬૭)*

આ'લા હઝરત رحمۃ اللہ علیہના દૌરમાં ટેલીફોનનો હાલ તાર★ જેવો હતો. એટલે કે જેવી રીતે તારની ખબરમાં અધિક માધ્યમો રહેતાં હતાં (વચ્ચે અનેક માણસો આવતા તથા માધ્યમો હતાં) એ જ પ્રમાણે ટેલીફોનની ખબરમાં માધ્યમો (વચેટીયાઓ) રહેતાં હતાં. એટલા માટે આ'લા હઝરતના ફત્વામાં સામાન્ય રીતે ટેલીફોનનો એ જ હુકમ આપવામાં આવ્યો જે તારનો હતો. વળી એ કે તાર હોય કે ટેલીફોન અથવા મોબાઈલ જો એના થકી મળતી ખબર શોહરતની હદે ન પહોંચતી હોય તો એ મુત્લકન (કોઈ શર્ત વિના, અબાધિત રીતે) અવિશ્વસનીય છે અને અફવા છે, અને જો શોહરતની હદે પહોંચતી હોય અને તેહકીક વિનાની ન હોય, બલ્કે તેહકીકવાળી હોય તો એ ઈસ્તેફાદાએ શરઈ છે અને વિશ્વસનીય છે. મોબાઈલની સ્થિતિ તાર, ટેલીફોન કરતાં ઘણી જ અલગ છે, એમાં માધ્યમો નથી હોતાં, ખબર આપનારની ખબર ડાયરેક્ટ મળી જાય છે. આ ખબર لا يعلم من اشاعها (કોણે ખબર ફેલાવી તેનાથી અજાણપણા)ની મંઝિલે નથી હોતી.

★ *તાર સેવા હાલ ગવર્નમેન્ટે બંધ કરી છે. જેમાં એ સગવડ હતી કે કોઈ ઈમરજન્સી ખબર તાત્કાલિક તાર ઓફીસે નોંધાવતાં એ લેખિત સંદેશો તાત્કાલિક (અન્ય તાર ઓફીસે વિશિષ્ટ મશીન થકી પહોંચાડી) જે તે શહેર કે ગામડે લેખિત ટાઈપ કરેલ તાર વહેંચનારો માણસ આવીને આપી જતો. આ સેવા ૨૪ કલાક ચાલુ રહેતી હતી. પણ હવે મોબાઈલ થકી SMS, FAX, EMAIL જેવી સર્વિસો અતિ સહૂલતવાળી ચાલુ થવાથી એની જરૂરત રહી ન હોવાથી એ બંધ થયેલ છે. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

જેથી જો વિવિધ જગયાઓએથી ચાંદ દેખાયાની (રૂયતે હિલાલ)ની ખબરો પ્રાપ્ત થાય અને તેહક઼ીક઼ સાથે હોય તો એ ઈસ્તેફાદ઼ાએ શરઈ થઈ જશે.

હવે આવો ! અમો અહીં આ'લા હઝરત رحمۃ اللہ علیہના એક અન્ય ફતવાથી અધિક રીતે એ વાતની સ્પષ્ટતા કરી આપીએ કે ઈસ્તેફાદ઼ાએ શરઈના માટે અલ્લામા રહમતીનો વર્ણવેલ અર્થ લાઝમી શરતની હૈસિયત નથી ધરાવતો. ફતાવા રઝવિય્યહમાં છે :–

''દસ વીસ જગાઓએથી આવવું કાફિર અથવા ફાસિક઼ અથવા મજહૂલ (અપરિચિત)ની ખબરને મોઅતબરે શરઈ (શરીઅતમાં વિશ્વાસપાત્ર) નહીં કરી આપે, ન અહીં હદ્દે તવાતુર સુધી પહોંચવું યોગ્ય ગણાશે, કે દસ નહીં હજાર જગ્યાઓએથી તાર આવે, અજાણને તો એક જ તાર ઘરેથી મળશે અને ક્યાંક બે ચાર પણ થયા તો એ તવાતુર નથી.'' *(ભાગ : ૪, પેજ : ૫૨૮)*

તો સાબિતીની જગાએથી વિવિધ જમાઅતોનું આવીને બયાન આપવું ઈસ્તેફાદ઼ાએ શરઈ માટે જરૂરી હોત તો એવું શા માટે ફર્માવતા. જેથી એનાથી પણ માલૂમ થયું કે ખબર આપનારાઓની વિવિધ ટોળીઓનું આવીને બયાન આપવું ઈસ્તેફાદ઼ાએ શરઈના માટે કોઈ પાયાની બાબત નથી, બલ્કે પાયાની બાબત એ છે કે ખબર આપનારાઓની વિવિધ જમાઅતો (ટોળીઓ)ની ખબરો હોય, એ પછી ચાહે ડાયરેક્ટ આવીને બયાન આપે અથવા આવીને બયાન ન આપે. જેમ કે એક જગાએ આ'લા હઝરત رحمۃ اللہ علیہ બહરુર્રાઈકના હવાલાથી ફર્માવે છે :–

**وفی البحر عن الفتح والحق ان العبرۃ لجئی الخبر وتواترہ من کل جانب**

*(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૫૩૭)*

એમાં દરેક બાજુએથી ખબરોને આપવાની વાત કહેવામાં આવી છે, ન કે ખબર આપનારાઓની વિવિધ ટોળીઓએ આવીને બયાન આપવાની વાત કહેવામાં આવી, જેથી ખબરોનું મુતવાતિર હોવું સાબિત થઈ જાય અને ધડ માથા વિનાની ન હોય તો શરીઅતની રૂએ વિશ્વાસપાત્ર થઈ જશે. **وھذا ما نحن فیہ**

જેથી મોબાઈલના થકી મળેલી ખબરોને એકદમ (સદંતર) રદ તથા અવિશ્વસનીય ઠરાવવી ક઼તઈ મુનાસિબ નથી. અહીં અમે એ સવાલનો પણ જવાબ આપી દેવો મુનાસિબ સમજીએ છીએ કે અલ્લામા રહમતીએ તેહક઼ીક઼ના માટે વિવિધ ટોળીઓની વાત શા માટે કરી ? શું એક જમાઅત (ટોળી)નું બયાન તેહક઼ીક઼ના માટે પૂરતુ નથી ? તો એનો જવાબ એ છે કે એક ટોળકીના બયાનમાં તવાફુક઼ અલલ ક઼િઝ્બ (જૂઠ પર એકમત)ની સંભાવના રહે છે અને વિવિધ ટોળકીઓમાં એ સંભાવના રહેતી નથી, એટલા માટે ''બહરુર્રાઈક''ની નક઼લ કરેલ ઈબારત (લખાણ)માં **مجئی الخبر وتواترہ من کل جانب** કહેવામાં આવ્યું છે, ન કે **مجئی المخرین** કહેવામાં આવ્યું. એ જ પ્રમાણે એક જગાએ આ'લા હઝરતે **عقود الدریۃ** ''ઉક઼ૂદુદરિય્યહ''ના હવાલાથી ઈસ્તેફાદ઼ાએ શરીઅતની સ્પષ્ટતા આ પ્રમાણે કરી છે :–

**البینۃ أذا قامت علٰی خلاف المشھور المتواتر لا تقبل وھن ان یشتھر ویسمع من قوم کثیر لا یتصور اجتما عھم علٰی الکذب**

*–(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૫૫૪)*

આ પરથી જાણવા મળ્યું કે ''ઈસ્તેફાદ઼ાએ શરઈ'' એ ખબરે મશ્હૂર તથા મુતવાતિરનું નામ છે જે એટલા લોકો થકી સાંભળવામાં આવેલી હોય જેમનું જૂઠ પર એકમત હોવું શક્ય ન થઈ શકે તો યક઼ીનની સાથે એ ઈસ્તેફાદ઼ાએ શરઈ છે કે જે શરઈ દલીલ છે.

**સવાલ** : આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ફતાવા રઝવિય્યહ્‌માં એવું ફર્માવ્યું છે કે દીની શરઈ બાબતોમાં આડમાંથી સંભળાતી અવાજનો કોઈ એતબાર (ભરોસો) નથી, જેથી તાર, ટેલીફોન, મોબાઈલના થકી મળતી ખબરો કઈ રીતે ભરોસાપાત્ર થશે ? જ્યારે કે એ ખબરો પણ આડ હેઠળ સંભળાય છે.

**જવાબ** : આડથી સંભળાતી અવાજનું બિનભરોસાપાત્ર હોવું મુત્લક઼ન (બિન શર્તી રીતે) નથી, બલ્કે અમુક સંજોગોમાં છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہએ "તુરુકે અષ્બાતે હિલાલ" (ચાંદની સાબિતીના તરીક઼ાઓ)માંથી એક તરીક઼ો "સુલ્તાનના મુનાદી (એલાન કરનાર)ની ખબર"ને પણ ઠરાવેલ છે, જે સામાન્યતઃ આડથી જ સંભળાતી હોય છે. એ જ રીતે તોપોનો અવાજ સાંભળવાને ચાંદની શરઈ સાબિતીમાં ગણવામાં આવેલ છે. જેમ કે ફર્માવે છે :

"અલ્લામા શામી رحمۃ اللہ علیہએ તોપો સાંભળવાને પણ શહેરની આસપાસનાં ગામડાવાળાઓ માટે ચાંદની સાબિતીની દલીલોમાં ગણેલ છે." *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૫૫૪)*

શહેરની આસપાસના ગામડાવાળાઓ જેઓ તોપોનો અવાજ સાંભળશે તો આડ હેઠળ જ સાંભળશે. જેથી જાણવા મળ્યું કે આડ (ઓઠા હેઠળ)થી સંભળાતો અવાજ તદ્દન (મુત્લક઼ન) અવિશ્વસનીય નથી, બલ્કે એનો સંબંધ શહાદતના (ગવાહીના) બારામાં છે, એટલા માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ જ્યાં આ મસ્અલો વર્ણવ્યો છે ત્યાં "ફતાવા આલમગીરી"ના હવાલાથી આ પ્રમાણે વર્ણવ્યું છે :

**لو سمع من وراء الحجاب لا يسعه أن يشهد الا اِذا كان في الداخل وحده ودخل وعلم الشاهد أنه ليس فيه غيره ثم جلس على المسلك وليس له مسلك غيره فسمع اِقرار الداخل ولايراه لأنه يحصل به العلم**

*—(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૪, પેજ : ૫૪૯)*

જેનાથી સાફ સ્પષ્ટ થાય છે કે આડથી સાંભળવા મળતો અવાજ મુત્લક઼ન (તદ્દન) બિનભરોસાપાત્ર નથી.

**સવાલ** : ફતાવા રઝવિય્યહ્નાં લખાણોથી એ પણ સાબિત છે કે જો ષિક઼ાત તથા ઉદૂલ (આદિલો)ની એક ટોળી આવીને કહે કે ફલાણી જગાના આલિમોએ બાક઼ાઈદા શહાદત લઈને ચાંદ થવાનો હુકમ આપ્યો છે, તો હરગિઝ વિશ્વાસપાત્ર ઠરશે નહીં.

**જવાબ** : એને ઈસ્તિફાદ઼ા સાથે શું લેવા દેવા છે ?! વળી એ કે જો એ જમાઅત શહાદતના સમયે ક઼ાઝી પાસે હાજર હતી અને બીજી જગાએ જઈને શહાદત આપે તો શહાદત અલલ ક઼ાઝી થશે કે જે વિશ્વાસપાત્ર છે. જેમ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہ "તર્કે અષ્બાતે હિલાલ"માં ફત્હુલ ક઼દીરના હવાલાથી ફર્માવે છે :

**لو شهدوا ان قاضي بلدة كذا شهد عنده اثنان برؤية الهلال في ليلة كذا وقضیٰ بشهادتهما جاز لهٰذا القاضي أن يحكم بشهادتهما**

*—(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૫૫૭)*

અને જો તે જમાઅત (ટોળી) શહાદતના સમયે ક઼ાઝી પાસે હાજર ન હતી અને તે બીજી જગાએ જઈને શહાદત આપે તો એ શહાદત વિશ્વાસપાત્ર ગણાશે નહીં, ચાહે તે કેટલાયે ઉદૂલ તથા ષિક઼ાત હોય. એટલા માટે કે એ ન તો ઈસ્તેફાદ઼ા છે ન તો શહાદત અલલ ક઼ઝા (ક઼ાઝીની ગવાહી) બલ્કે એ ગૈરના જોવા વિશેની કેવળ હિકાયત (વાત) છે, જેમ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہ દુર્રે મુખ્તારના હવાલાથી ફર્માવે છે :

**شهدوا أنهٗ شهد عند قاضي مصر كذا شاهدانِ برؤية الهلال و قضیٰ به ووجد استجماع الدعوى وقضى القاضي بشهادتهما لان قضاء القاضي حجة وقد شهدوا، لا لو شهدوا برؤية غيرهم لانه حكاية۔**

*—(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૫૩૫)*

**وهذا ما عنده والعلم عند الله وهو تعالیٰ اعلم**

*(હવાલો : માહનામા અશ્રફિયા—મુબારકપુર, સપ્ટેમ્બર—૨૦૧૩)*

વાંચક ભાઈઓ ! બહેનો ! ગયા મહિને "બરકાતે ખ્વાજા" (માસિક)માં "ઈસ્તેફાદ઼ા" વિશે ફિક઼્હી સેમીનારનો ફૈંસલો આપ્યો હતો તેને ફરીથી વાંચી જશો અને આ અંકના લખાણમાં કેટલીક શંકાઓનું વિગતવાર નિવારણ કરેલ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે જરૂરતના સમયે ચાંદના શરઈ સબૂત માટે એ ફૈંસલામાં જણાવેલ શરતોનો લેહાઝ રાખીને ઈસ્તેફાદ઼ાએ શરઈ થકી ઈદ વગેરેનું એલાન થઈ શકે છે. *(—તંત્રી)*

# શિર્ક શું છે?

લેખક : **હઝરત અલ્લામા મુહમ્મદઅહમદ મિસ્બાહી (મુબારકપુર)**

અનુવાદક : **મૌલાના અબ્દુર્રઊફ રઝવી (પાલેજ)**

**શિર્ક**થી બચવા માટે એ જાણવું જરૂરી છે કે શિર્ક શું છે ? કેટલાક લોકો એવા છે જેમને શિર્કની જાણકારી અને વાસ્તવિકતા સમજ્યા વગર કેવળ ''શિર્ક,શિર્ક''નું રટણ કરવાથી જ દિલી સંતોષ મળે છે ! એમને એનાથી કોઈ લેવા દેવા નથી કે શિર્ક શું છે ? અને કુર્આન, હદીષની દૃષ્ટિએ મુશ્રિક કોણ છે ?

તેમની દૃષ્ટિએ ઈમામોની તક્લીદ શિર્ક, અંબિયા અને અવલિયાનો વસીલો માંગવો શિર્ક, અલ્લાહ તઆલાના મક઼બૂલ બંદાઓની તા'ઝીમ શિર્ક, તેમનાથી સંબંધિત ચીજોની અદબ શિર્ક, તેમના માટે ગયબનો ઈલ્મ તથા ઈખ્તિયાર, તથા તસર્રુફની કુદરત માનવી શિર્ક છે, અને કેમ કે સહાબાના જમાનાથી અત્યાર સુધી સર્વ ઉમ્મત, મુજતહીદ ઈમામોની તકલીદ, રબના મક઼બૂલ બંદાઓની બારગાહની તા'ઝીમ, તેમનાથી વસીલો પકડવો, તેઓ માટે ઈલ્મે ગૈબ, ઈખ્તિયાર અને અધિકારને માની રહી છે જેથી સર્વ ઉમ્મત મુશ્રિક ! તેમની નજીક કદાચ એક માત્ર ઈબ્લીસ જ હશે જે ખુદા સિવાય કોઈ નબી, વલી અને ફરિશ્તા તથા રસૂલની અઝમતને માનતો નથી.

તેમનામાં એક વર્ગ તે છે જે પોતાના ઉસ્તાદો તથા મશાઈખ માટે તો ઈલ્મે ગૈબ, ઈખ્તિયાર અને અધિકાર, તા'ઝીમ અને વસીલો બધું જ જાઈઝ અને યથાર્થ માને છે, પરંતુ આ જ ચીજો અંબિયા અને અવલિયા માટે શિર્ક ગણાવે છે. એની હક઼ીક઼ત જાણવા માટે અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہની કિતાબ ''ઝલઝલા'' તથા ''ઝેરો ઝબર'' જુઓ. ઈમાન લાવવું છે તો સંપૂર્ણ ઈમાન જોઈએ, અડધુ ઈમાન, અડધુ કુફ્ર ! એ વિચિત્ર વસ્તુ છે. વલઅયાઝુબિલ્લાહિ રબ્બિલ્ આલમીન.

હઝરત આસી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**નિસ્બતે શિર્ક બજુઝ તોહમતે બે જા ક્યા હૈ ?**
**દિલ હૈ જબ ઉસ્કી તરફ, રુખ હૈ વસાઈલ કી તરફ**

અને ફર્માવે છે :–

***મિલનેવાલોંસે રાહ પૈદા કર,***
***ઉસકે મિલનેકી ઔર સૂરત ક્યા ?***

### ★ શિર્ક શું છે અને માણસ મુશ્રિક ક્યારે થશે ? ★

ખુદાની ઝાત અને તેની ઝાતી સિફતોમાં કોઈને ભાગીદાર ઠરાવવો શિર્ક છે.

**૧.** અલ્લાહની ઝાત વાજિબુલ વુજૂદ છે. તે જાતે જ છે, કોઈ એને વજૂદ આપનાર નથી. તેનું વજૂદ જરૂરી છે, તેનું અનઅસ્તિત્વ અશક્ય છે. તે જ ખાલિક઼ (સર્જનહાર) છે. કોઈ બીજો એવો નથી જે કોઈ ચીજને અનઅસ્તિત્વમાંથી અસ્તિત્વમાં લાવી શકે અને કોઈ માદ્દા (પદાર્થ) વિના બનાવી શકે. કોઈ ગૈરને વાજિબુલ વુજૂદ અથવા મઅબૂદ માનવું શિર્ક છે. દુનિયામાં કોઈ એને માનનાર પણ નથી. (સિવાય નાસ્તિક, અધર્મી તથા મજૂસી) એ જ રીતે અલ્લાહ સિવાય કોઈ બીજાને સર્જનહાર, ખાલિક઼ માનવું પણ શિર્ક છે.

**૨.** તે વાહિદ છે અને એક છે, હમેશાંથી હમેશાં માટે છે. એ જ મઅબૂદ છે કોઈ અન્યને મઅબૂદ બનાવનાર ભલે તે એને મખ્લૂક જ જાણે મુશ્રિક છે.

હવે અહીં એ જાણવું જરૂરી છે કે ઈબાદત શું છે ? અને મઅબૂદ બનાવવું શું છે ? આ ચર્ચા ઈન્શાલ્લાહ ! આગળ વર્ણવવામાં આવશે. પરંતુ એ નિશ્ચિત છે કે કોઈ મુસલમાન ખુદા સિવાય ન કોઈની ઈબાદત કરે

છે, ન ખુદા સિવાય કોઈને મઅબૂદ જાણે છે.

**3.** અલ્લાહની ઝાતી સિફતો આ મુજબ છે :–

૧. હયાત (જીવંત) ૨. ઈલ્મ ૩. સમઅ (સાંભળ વાની શકિત) ૪. બસર (જોવાની શકિત) ૫. કુદરત (પ્રભુત્વ) ૬. ઈરાદો અને મશિય્યત (ઈચ્છા અને મરજી) ૭. કલામ (વાણી વચન)

આ સિફતો અલ્લાહ માટે ઝાતી છે એટલે કે તેના માટે કોઈના આપ્યા વિના જાતે જ નિશ્ચિત અને અનિવાર્ય છે.

આ સિફતોમાંથી કોઈ સિફતને કોઈ વ્યકિત જો ગૈરૂલ્લાહના માટે ઝાતી રીતે (સ્વંય) સમજે એટલે કે ખુદાની અતા વગર માને તો તે મુશ્રિક છે અને જો ખુદાની અતાથી મખ્લૂકમાં આ સિફત કોઈ માને છે તો તે મુશ્રિક નથી. હા ! જો કોઈ વ્યકિત આ સિફતો પૈકી કોઈ સિફત અલ્લાહના માટે ઝાતી ન માને અને ખુદા સિવાય અન્યની અતાથી બતાવે તો તે કાફિર છે. ભલે મુશ્રિક ન હોય. અલ્લાહની દરેક સિફત અને તેનો દરેક કમાલ ઝાતી છે કોઈની અતાનો અથવા કોઈ કારણ અને સબબનો મોહતાજ નથી.

હવે આ બે ચર્ચાઓ થઈ. પ્રથમ એ કે ઉપરોક્ત સિફતો અલ્લાહના માટે ઝાતી રીતે સાબિત છે. બીજી એ કે ઉપરોક્ત સિફતો અલ્લાહની અતાથી મખ્લૂકમાં હોય શકે છે બલ્કે હોય છે. બન્નેના પુરાવા કુર્આનની આયાતોથી રજૂ કરવામાં આવે છે.

**૧. હયાત (જીવંત હોવું) :–**

**هُوَ الْحَیُّ لَا اِلٰهَ اِلَّا هُوَ** ''તે જ જીવંત છે તેના સિવાય કોઈની બંદગી નથી.'' *(પા. ૨૪. સૂ. મુઅ્મિન આ. ૬૫)*

**૨. ઈલ્મ (જાણકારી) :–**

**وَاللّٰهُ هُوَ السَّمِیْعُ الْعَلِیْمُ۔** ''અને અલ્લાહ જ છે સાંભળનાર જાણનાર'' *(પા. ૬ સૂ. માએદહ આ. ૭૬)*

**૩. ૪. સમઅ અને બસર (સાંભળવાની તથા જોવાની શક્તિ) :–**

**اِنَّ اللّٰهَ هُوَ السَّمِیْعُ الْبَصِیْرُ۔** ''બેશક ! અલ્લાહ જ સાંભળનાર જોનાર છે.'' *(પા.૨૪. સૂ.મુઅ્મિન.આ. ૨૦)*

**૫. કુદરત (પ્રભુત્વ) :–**

**یَخْلُقُ مَایَشَآءُ وَهُوَ الْعَلِیْمُ الْقَدِیْرُ۔** ''જે ઈચ્છે પેદા કરે છે અને તે જ ઈલ્મવાળો અને કુદરતવાળો છે.'' *(પા. ૧૨ સૂ. રૂમ આયત ૫૪)*

**اِنَّ رَبَّكَ هُوَ الْقَوِیُّ الْعَزِیْزُ۔** ''બેશક ! તમારો રબ જ શક્તિવાળો ઈજ્જતવાળો છે.'' *(પા. ૧૨ સૂ. હૂદ આયત ૬૬)*

**اَنَّ الْقُوَّةَ لِلّٰهِ جَمِیْعًا۔** ''બધી શકિત અલ્લાહના માટે છે.'' *(પા. ૨ સૂ. બક્રહ આયત ૧૬૫)*

**اِنَّ اللّٰهَ هُوَ الرَّزَّاقُ ذُو الْقُوَّةِ الْمَتِیْنُ۔** ''બેશક ! અલ્લાહ જ છે ઘણી જ રોજી આપનાર, શકિતશાળી મજબૂત તાકતવાળો.'' *(પા. ૨૭ સૂ. ઝારિયાત આયત ૫૮)*

**૬. ઈરાદો અને મશિય્યત (ઈચ્છા અને મરજી)**

**قُلِ اللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ تُؤْتِی الْمُلْكَ مَنْ تَشَآءُ وَتَنْزِعُ الْمُلْكَ مِمَّنْ تَشَآءُ وَتُعِزُّ مَنْ تَشَآءُ وَتُذِلُّ مَنْ تَشَآءُ بِیَدِكَ الْخَیْرُ اِنَّكَ عَلٰی كُلِّ شَیْءٍ قَدِیْرٌ۔**

''આવી વિનંતી કર, હે અલ્લાહ ! મુલ્કના માલિક! તું જેને ઈચ્છે એને સલ્તનત આપે, અને જેની પાસેથી ઈચ્છે સલ્તનત છીનવી લે, અને જેને ઈચ્છે તેને ઈજ્જત આપે અને જેને ઈચ્છે બેઈજ્જતી આપે, બધી ભલાઈ તારા જ હાથમાં છે, બેશક ! તું સર્વ કાંઈ કરી શકે છે.'' *(પા. ૩ સૂ. આલે ઈમરાન આયત ૨૬)*

**وَلَوْ شَآءَ اللّٰهُ مَا اقْتَتَلُوْا وَلٰكِنَّ اللّٰهَ یَفْعَلُ مَا یُرِیْدُ۔**

''અને અલ્લાહ ચાહત તો તેઓ લડતા નહીં, પણ અલ્લાહ જે ઈચ્છે કરે.'' *(પા. ૩ સૂ. બક્રહ આયત ૨૫૩)*

**૭. કલામ (વાણી વચન) :–**

وَكَلَّمَ اللّٰهُ مُوسىٰ تَكْلِيمًا۔ "અને અલ્લાહે મૂસા સાથે વાસ્તવમાં વાતચીત (કલામ) કરી." *(પા.૬ સૂ. નિસાઅ આયત ૧૬૪)*

وَ اِنْ اَحَدٌ مِّنَ الْمُشْرِكِيْنَ اسْتَجَارَكَ فَاَجِرْهُ حَتّٰى يَسْمَعَ كَلٰمَ اللّٰهِ ۔

"અને હે મહબૂબ ! જો કોઈ મુશ્રિક તમારી પાસે શરણ ઈચ્છે, તો તેને શરણ આપો, જેથી તે અલ્લાહનું કલામ સાંભળે." *(પા. ૧૦ સૂ. તૌબા આયત ૬)*

يُرِيْدُوْنَ اَنْ يُّبَدِّلُوْا كَلٰمَ اللّٰهِ۔ "તેઓ ચાહે છે કે અલ્લાહની વાત બદલી નાખે." *(સૂ. ફત્હ આયત ૧૫)*

ઉપરોક્ત આયતોમાં તમને જોવા મળશે કે મોટાભાગે તાકીદ (હસ્ર)ની સાથે ઈર્શાદ છે કે **અલ્લાહ જ છે** "જીવંત, ઈલ્મવાળો, સાંભળનાર, જોનાર, કુદરતવાળો". હવે આ આયતોને લઈને જો કોઈ વ્યક્તિ ઝાતી અને અતાઈનો ફર્ક કર્યા વગર એવું કહેવા લાગે કે અલ્લાહ તઆલાએ હયાત, ઈલ્મ, બસર, સમઅ, કુદરત (જ્ઞાન હોવું, સાંભળવું, જોવું, શક્તિવાન હોવું) દરેકને પોતાની ઝાત સાથે ખાસ કર્યું છે જેથી તેના સિવાય કોઈ પણ, તેની અતાથી પણ ન જાણવાવાળો, ન સાંભળનાર, ન જોનારો, ન કુદરતવાળો છે. જે વ્યકિત કોઈના માટે ખુદાની આ ખાસ સિફતો સાબિત જાણે, ભલે તેના અપર્ણ કરવાથી પણ માને તે મુશ્રિક છે ! (તો એ ખૂદ ગુમરાહીમાં પડી જશે.) એટલા માટે કે કુર્આને સાફ બતાવી આપ્યું છે કે આ સિફતો બસ અલ્લાહના માટે જ નિશ્ચિત છે, અન્ય કોઈના માટે પણ નથી. સારાંશ કે જો ઝાતી તથા અતાઈનો કોઈ ફર્ક ન કર્યો તો આના વિરૂદ્ધ માન્યતા ધરાવનાર મુશ્રિક છે.

એટલે કે કાઈનાત (જગત)માં અલ્લાહના સિવાય દરેક બેઈલ્મ છે આંધળા, બહેરા, કમજોર છે જેમ કે પથ્થર જોવા, સાંભળવા, જાણવા, ચાલવા ફરવાથી લાચાર હોય છે એ જ રીતે દરેક ઈન્સાન પણ છે, અને જિન્નાત તથા ફરિશ્તા પણ એવા જ છે.

**પ્રથમ** : આ પાગલપન ભર્યી દલીલ જે માત્ર એક પ્રકારની આયતોને સામે રાખીને કરવામાં આવી અને આખા જગતને મુશ્રિક ઠરાવવાની કોશિશ કરવામાં આવી જેને દુનિયાનો કોઈ સમજુ વ્યકિત સ્વીકારશે નહીં. જેથી એક વ્યકિત કે એક વર્ગને પાગલ માની લેવું એનાથી વધુ સરળ રહેશે કે આખા જગતને મુશ્રિક માની લઈએ અને બુધ્ધિ તથા અનુભવના બિલ્કુલ વિરૂદ્ધ ફૈસલો કરીએ.

**બીજુ** : કુર્આન પણ તેમનો સાથ નહીં આપે, એટલા માટે કે કુર્આનમાં પણ બંદાઓ માટે ખુદાની અતાથી આ સિફતોની સાબિતી મૌજૂદ છે. ધ્યાનથી જુઓ :–

**૧. હયાત (જીવંત હોવું) :–**

يُخْرِجُ الْحَيَّ مِنَ الْمَيِّتِ وَمُخْرِجُ الْمَيِّتَ مِنَ الْحَيِّ۔

"તે જીવંતને મૃતથી કાઢનાર અને મૃતને જીવંતથી કાઢનાર છે." *(પારા ૭ સૂ.અન્આમ, આયત ૯૫)*

જેવી રીતે તે જીવંત ઘાસને મૃત દાણો અને ગોટલીથી, જીવંત ઈન્સાન અને જાનવરને મૃત નુત્ફાથી, જીવંત પંખીને મૃત ઈંડામાંથી કાઢે છે અને જેવી રીતે તે જીવંત વૃક્ષથી મૃત ગોટલી અને દાણાને, જીવંત ઈન્સાન અને જાનવરથી નુત્ફા (વિર્ય)ને, અને જીવંત પક્ષીમાંથી ઈંડાને કાઢે છે. *(તફાસીર)*

અહીં ગૈરુલ્લાહને હયાતવાળો (જીવંત) ફર્માવવામાં આવ્યું છે.

وَاَوْصٰنِيْ بِالصَّلٰوةِ وَالزَّكٰوةِ مَادُمْتُ حَيًّا۔ "(હઝરત ઈસા عليه السلام ફર્માવે છે) અને તેણે મને નમાઝ અને ઝકાતની તાકીદ કરી જ્યાં સુધી જીવંત રહું." *(પારા ૧૬ સૂ. મરયમ, આયત, ૩૧)*

**૨. ઈલ્મ (જાણકારી) :–**

اِنَّا نُبَشِّرُكَ بِغُلٰمٍ عَلِيْمٍ۔ "અમે તમને એક ઈલ્મવાળા પુત્રની ખુશખબર આપીએ છીએ." *(પારા ૧૪, સૂ. હિજ્ર આયત : ૫૩)*

આ આયતમાં ગૈરુલ્લાહ માટે ઈલ્મ સાબિત થાય છે.

૩.૪. **સમઅ અને બસર (જોવું અને સાંભળવું)**

**اِنَّاخَلَقْنَا الْاِنْسَانَ مِنْ نُّطْفَةٍ اَمْشَاجٍ نَّبْتَلِيْهِ فَجَعَلْنٰهُ سَمِيْعًا بَصِيْرًا ۔**

"બેશક ! અમે મનુષ્યને મિશ્ર મનીથી પેદા કર્યો કે અમે એને ચકાસીએ જેથી તેને સાંભળતો દેખતો કરી આપ્યો." *(પારા. ૨૯ સુ. દરહ આયત, ૨)*

૫. **કુદરત (શક્તિ) :-**

**اِنَّ خَيْرَ مَنِ اسْتَاْجَرْتَ الْقَوِىُّ الْاَمِيْنُ ۔** "બેશક ! સારા નોકર તે છે જે તાકાતવાન અને પ્રમાણિક હોય." *(પારા ૨૦ સૂ. ક઼સસ આયત ૨૬)*

હઝરત શોએબ عليه السلامની પુત્રીએ તેમની સામે હઝરત મૂસા عليه السلامને કુદરત (શક્તિ)વાળા અને પ્રમાણિક બતાવ્યા.

**كَانُوْٓا اَشَدَّ مِنْهُمْ قُوَّةً وَّ اَثَارُوا الْاَرْضَ وَ عَمَرُوْهَآ اَكْثَرَ مِمَّا عَمَرُوْهَا ۔**

"તેઓ એમનાથી વધારે શક્તિવાન હતા અને તેમણે જમીન ખેડી અને આબાદ કરી, એમની આબાદીથી વધારે." *(પારા ૧૬ સૂ. કહફ, આયત ૯૫)*

આ હઝરત ઝુલકરનૈને પ્રજાથી કહ્યું. એમાં પ્રજા માટે તાકતની સાબિતી પણ થાય છે અને તેમનાથી મદદ લેવું પણ સાબિત થાય છે.

**فَاَعِيْنُوْنِىْ بِقُوَّةٍ ۔** "તો તમે શક્તિ વડે મારી મદદ કરો." *(સૂરએ કહફ, આયત : ૯૫)*

૬. **ઈરાદો અને મશિય્યત (ઈચ્છા અને મરજી)**

**مِنْكُمْ مَّنْ يُّرِيْدُ الدُّنْيَا وَمِنْكُمْ مَّنْ يُّرِيْدُ الْاٰخِرَةَ ۔**

"તમારામાં કોઈ દુનિયાની ઈચ્છા ધરાવતો હતો અને તમારામાં કોઈ આખેરતનો ઈચ્છુક હતો." *(પારા ૪ સૂ. આલે ઈમરાન આયત ૧૫૨)*

**يَعْمَلُوْنَ لَهٗ مَا يَشَآءُ مِنْ مَّحَارِيْبَ وَ تَمَاثِيْلَ**

"એના માટે બનાવતા જે તે ચાહતો ઊંચા ઊંચા મહેલો અને તસ્વીરો." *(પારા ૨૨ સૂ. સબા આયત ૧૩)*

એટલે જિન્નાત હઝરત સુલૈમાન عليه السلام માટે તેમની ઈચ્છા અને મરજી પ્રમાણે વસ્તુઓ બનાવતા.

**اِعْمَلُوْا مَا شِئْتُمْ اِنَّهٗ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ۔**

" જે મરજીમાં આવે તે કરો, બેશક ! તે તમારાં કામો જોઈ રહ્યો છે." *(પારા ૨૪ સૂ. હા મીમ સજદહ, આયત ૪૦)*

૭. **કલામ (વાણી વચન) :-**

**تُكَلِّمُ النَّاسَ فِى الْمَهْدِ وَكَهْلًا ۔** "લોકોથી તમે વાતો કરતા પારણામાં અને પાકી વયના થઈને." *(સૂ. માઈદા, આ. ૧૧૦)*

આ અલ્લાહ તઆલાનું હઝરત ઈસા عليه السلامને સંબોધન છે.

આયતો ઘણી બધી રજૂ કરી શકાય છે અને કુર્આનને ધ્યાનથી પઢનાર જાતે પણ પુષ્કળ આયતો શોધી શકે છે જેમાં બંદાઓ માટે ઉપરોક્ત સિફતોની સાબિતી મૌજૂદ છે.

યક઼ીનન ! કુર્આનમાં કોઈ ટકરાવ નથી પરંતુ જે લોકો માત્ર એક પ્રકારની આયતો પઢી પઢીને લોકોને ગુમરાહ કરવા માગે છે તેઓ ખુદાના બંદાઓનું ઈમાન અને તેઓની બુધ્ધિ બંનેવ છિનવવા માગે છે.

એહલે સુન્નત બંને પ્રકારની આયતો પર મજબૂત ઈમાન ધરાવે છે. કુર્આને કરીમથી જેવી રીતે એવું જાણવા મળે છે કે જાણવું, જોવું, સાંભળવું, તાકત, કુવ્વત વગેરે ખુદાના સિવાય કોઈના માટે નથી ત્યાં એ મુરાદ છે કે ઝાતી રીતે અને કોઈની અતા વિના આ સિફતો માત્ર ખુદાના માટે સાબિત છે.

અને જ્યાં ખુદા તઆલા પોતાના બંદાઓ માટે ઈલ્મ, સમઅ અને બસર (સાંભળવું, જોવું) તાક઼ત અને શક્તિ વગેરે સાબિત ફર્માવે છે ત્યાં એ મુરાદ છે કે અલ્લાહની અતાથી (આપવાથી) બંદાઓને આ સિફતો પ્રાપ્ત થયેલ છે. **જો આ તફાવત ન હોય તો કુર્આન મુકદ્દસમાં આયતોમાં વિરોધાભાસ (ટકરાવ) લાઝિમ આવશે ! જેનો માનનાર**

**કોઈ સુન્ની નથી હોય શકતો.** કોઈ ગૈર સુન્ની જો આખા જગતને મુશ્રિક ઠરાવવાના ઉમંગમાં કુર્આન શરીફમાં વિરોધાભાસી વર્ણનનો માનનાર હોય તો કોઈ અચંબાની વાત નથી. દુનિયામાં બુધ્ધિ અને ઈમાનથી કોરા અસંખ્ય લોકો દુનિયામાં થઈ ગયા છે અને દરેક યુગમાં થતા રહે છે.

હવે એક ચર્ચા એ રહી ગઈ કે ઈબાદત શું છે ? અને મઅબૂદ બનાવવાનો શું મતલબ છે ?

કાઝી નાસિરુદ્દીન બયઝાવીએ પોતાની તફસીર અન્વારુત્તન્ઝીલમાં એની વ્યાખ્યા આ પ્રમાણે લખી છે : **العبادة اقصى غاية الخضوع والتذلل** ઈબાદત નમ્રતા અને આજ્ઞાપાલનની અંતિમ સીમાનું નામ છે. અલ્લામા નસ્ફીએ પણ ''મદારિકુ ત્તન્ઝીલ''માં પણ આવું જ લખ્યું છે.

હવે સવાલ એ છે કે નમ્રતા અને આજ્ઞાપાલનની છેલ્લી હદ શું છે ? જો કોઈ એવું કહે કે છેલ્લી હદ સજદો છે. જો કોઈએ કોઈની આગળ સજદો કરી લીધો તો તેણે તેની ઈબાદત કરી અને તેને મા'બૂદ બનાવ્યો.

તો એના પર એ વાંધો ઉઠે છે કે નમાઝ તકબીરે તહરીમાથી સલામ સુધી સંપૂર્ણ ઈબાદત છે. જો ઈબાદત માત્ર સજદાનું નામ છે તો કયામ, રુકૂઅ, કિરાઅત કાએદા અને ઝિક્ર ઈબાદતથી બહાર થઈ ગયાં !

બીજો વાંધો એ ઉઠે છે કે રોઝા, ઝકાત, હજ્જ પણ ઈબાદત છે. રોઝા અને ઝકાતમાં સજદાને કોઈ અવકાશ નથી. સુબ્હ સાદિકથી ગુરૂબે આફતાબ સુધી ખાવા, પીવા અને સંભોગથી ઈરાદાપૂર્વક રોકાઈ રહેવાનું નામ રોઝો છે, સજદાથી એને કોઈ સંબંધ નથી. એવી જ રીતે ઝકાત નિય્યત સાથે ઝકાતની પાત્રતાવાળાને ખાસ માલની માત્રાનો માલિક બનાવવું છે, આમાં પણ સજદો નથી. હજ્જ પણ એહરામ, વુકૂફે અરફા અને તવાફે ઝિયારતનું નામ છે. ફરજ આ જ છે બાકી વાજિબાત અને સુન્નતો તથા આદાબ છે. એટલા માટે નમ્રતા અને આજ્ઞાપાલનની છેલ્લી હદ માત્ર સજદાને માનવું યોગ્ય નથી.

ત્રીજો વાંધો એ છે કે મુત્લક઼ (ગમે તે રીતે) કોઈને સજદો કરવું તેની ઈબાદત હોય તો ફરિશ્તાઓએ ખુદાના હુકમથી હઝરત આદમ علیہ السلامને સજદો કર્યો પરંતુ તેઓ ન આદમ علیہ السلامના ઈબાદત ગુજાર થયા, ન તેમને મા'બૂદ જાણ્યા. જો એવું હોત તો યક઼ીનન ! તેઓ મુશ્રિક થઈ જતા અને માત્ર ઈબ્લીસ જેણે સજદાથી ઈન્કાર કર્યો તે જ શિર્કથી સુરક્ષિત રહેતો. જયારે કે આ સજદા પર અલ્લાહ તઆલાએ મલાઈકાની પ્રશંસા કરી છે અને ઈબ્લીસને બારગાહમાંથી કાઢી મૂક્યો !

એવી જ રીતે હઝરત યૂસુફ علیہ السلامને તેમના ભાઈઓએ, તેમનાં વાલિદાએ અને તેમના વાલિદ હઝરત યાકૂબ علیہ السلامએ સજદો કર્યો, પરંતુ તેઓમાંથી કોઈ ન હઝરત યૂસુફ علیہ السلامનો પૂજક કહેવાયો, ન તેમને મા'બૂદ સમજ્યા, ન મુશ્રિક થયા. માત્ર તા'ઝીમ કરવાવાળા કહેવાયા. જાણવા મળ્યું કે મુત્લક઼ સજદો કરી લેવું પણ ઈબાદત નથી. તો ઈબાદત શું છે ? અને નમ્રતા આજ્ઞાપાલનની અંતિમ સીમા કઈ છે ?!

વાસ્તવિકતા એ છે કે ઈબાદત માટે એક એ'તેક઼ાદ (અક઼ીદો) અને એક નિય્યત અનિવાર્ય છે. એ'તેક઼ાદ એ કે જેના માટે અમલ કરી રહ્યો છે તેને ઈલાહ અથવા ફાઈલ બિઝ્ઝાત અને મુસ્તક઼િલ બિઝ્ઝાત માને. અને નિય્યત એ કે આ અમલ હું ખાસ તે મઅ્બૂદ અને ફાઈલ બિઝ્ઝાતની તા'ઝીમ અને ઈતાઅત માટે કરી રહ્યો છું.

આમ જ જો કોઈ હાથ બાંધીને ઉભો થઈ ગયો. રુકૂઅ, સજદા વગેરે કર્યું પરંતુ ખુદાની ઈતાઅત કરવાની નિય્યત ન હતી તો ન નમાઝ થઈ ન ઈબાદત. માત્ર એક શારીરિક કસરત થઈ અથવા બેકાર કાર્ય.

એવી જ રીતે જો કોઈ વ્યકિત કોઈની સામે તા'ઝીમ સાથે ઉભો રહ્યો, અથવા તા'ઝીમ સાથે બેઠો,

અથવા તા'ઝીમ સાથે સજદો કર્યો પરંતુ તેને ન મા'બૂદ જાણ્યો, ન ફાઈલ બિઝ્ઝાત બલ્કે બંદો એને મખ્લૂક્ માને છે તો તાઝીમની નિય્યત હોવા છતાં આ કાર્ય ઈબાદત ન થયું. જેથી મલાઈકાનો હઝરત આદમ عليه السلامને સજદો અને હઝરત યૂસુફ عليه السلامને તેમના વાલિદૈન અને ભાઈઓનો સજદો મસ્જૂદ લહુ (જેના માટે સજદો કર્યો) તેની તા'ઝીમ તો છે પરંતુ ઈબાદત નથી. **હા ! આપણી શરીઅતમાં ગૈરુલ્લાહને સજદો કરવું હરામ અને ગુનોહ જરૂર છે પણ શિર્ક નથી,** એટલા માટે કે શરીઅતે ઈસ્લામિયા (ઈસ્લામી શરીઅત)ની દલીલોથી તેનું હરામ હોવું જ સાબિત છે. આપણી શરીઅત પણ તા'ઝીમી સજદાને અન્યની ઈબાદત અથવા ખુદાની સાથે શિર્ક નથી બતાવતી. તા'ઝીમી સજદો હરામ હોવા પર દલીલો ઈમામ અહમદ રઝા رضي الله عنهની કિતાબ ''અઝ્ઝુબ્દતુઝ્ ઝકિય્યહ ફી તહરીમિ સુજૂદિત્તહિય્યહ્''માં સંપૂર્ણ વર્ણન સાથે દર્શાવવામાં આવી છે.

**તા'ઝીમ અને ઈબાદતમાં તફાવત ન કરવું અત્યંત જહાલતપણુ છે.** મુસલમાને તા'ઝીમના હેતુથી કુર્આન શરીફને ચુંબન કર્યું, અથવા કોઈની તા'ઝીમ માટે ઉભો થયો અથવા તેના આગળ પાછળ હોવાનો અદબ કર્યો, આ દરેક બાબતોને ઈબાદત કહેવું તથા મુસલમાનોને મુશ્રિક જાહેર કરવા ખૂબ જ મોટો જુલ્મ છે.

હઝરત ઈમામ નસાઈની રિવાયત પ્રમાણે હઝરત અનસ رضي الله عنهથી અને ''દલાઈનુન્નુબુવ્વહ લિલ્બયહકી''માં હઝરત શદ્દાદ બિન અવસ رضي الله عنهથી હદીષે મેઅરાજમાં મરફૂઅન્ રિવાયત કરી છે કે '' હઝરત જિબ્રઈલ عليه السلامના બતાવ્યા પ્રમાણે હુઝૂરે અક્દસ ﷺએ તયબહમાં નમાઝ પઢી, એટલા માટે કે ભવિષ્યમાં તે હુઝૂર ﷺની હિજરતની જગા બનવાનું હતું, પછી તૂરે સીનામાં નમાઝ પઢી જ્યાં અલ્લાહ તઆલાએ હઝરત મૂસા عليه السلامથી કલામ ફર્માવ્યું, પછી ''બયતે લહમ''માં નમાઝ પઢી જ્યાં હઝરત ઈસા عليه السلامની વિલાદત થઈ.

જો આ જગાઓની કાંઈ પણ અઝમત (બુઝુર્ગી) નથી તો તેમાં રોકાવાનો અને નમાઝ પઢવાનો શું મતલબ ? હઝરત જિબ્રઈલ عليه السلامના ફર્માવ્યા અનુસાર સરકાર عليه السلامનું ઉતરીને નમાઝ અદા કરવું એ એ વાતની દલીલ છે કે મહબૂબાને ઈલાહીથી નિસ્બત અને સંબધ રાખવાવાળી જગાઓનો અદબ અને એહતેરામ ખૂદ ખુદાના નજીક મતલૂબ અને મહબૂબ છે. તેનું શિર્ક હોવું તો ઘણુ દૂર બલ્કે અશક્ય છે. કોઈ પણ રીતે આ ગુનોહ તો ઠીક બલ્કે ખિલાફે ઊલા પણ નથી થઈ શક્તું.

ટૂંકમાં એ કે જો કોઈને મા'બૂદ અને ફાઈલ બિઝ્ઝાત માનીને તેની કોઈ તા'ઝીમ કરે છે અથવા તેની ઈતાઅત (આજ્ઞાપાલન) કરે છે તો એ ઈબાદત છે અને જો ગૈરુલ્લાહ (ખુદાના સિવાય અન્ય) સાથે આ મામલો કરે છે તો શિર્ક છે. અને જો ગૈરુલ્લાહને બંદો તથા મખ્લૂક્ માનીને તેની તા'ઝીમ અથવા ઈતાઅત (આજ્ઞાપાલન) કરે છે તો એ ન તેની ઈબાદત છે, ન શિર્ક. હા ! કોઈ એવી તા'ઝીમ અને ઈતાઅત (આજ્ઞાપાલન) કરે છે જેનાથી આપણી શરીઅતે મનાઈનો આદેશ આપ્યો છે તો તે મના કાર્ય કરનાર જરૂર થશે, પરંતુ કરનાર મુશ્રિક કોઈ પણ રીતે નહીં થાય.

હવે કેટલાક વિરોધી તત્વો એવું કહે છે કે જો બંદા માટે પ્રાકૃતિક અને સામાન્ય કુદરત માની લે તો શિર્ક નહીં થાય, હા ! જો અસાધારણ અને પ્રકૃતિ કરતાં વધુ કુવ્વત માની લીધી તો મુશ્રિક થશે.

એના માટે અમારું કહેવું એ છે કે પ્રથમ તો આ તફાવત તેઓએ ક્યાંથી કાઢયો ? શૈખ નજદી મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ અથવા ઈસ્માઈલ દહેલ્વીએ કિતાબુત્તવહીદ અથવા તક્વિયતુલ ઈમાનમાં આ તફાવત નથી કર્યો. બંદાના માટે **ખુદાની**

**અતાથી પણ** કોઈ તાકત અને કુવ્વત માનવું દરેક રીતે શિર્ક ઠરાવ્યું !

બીજુ તેમની દલીલબાજી જે આયતોથી છે તેમાં પણ આ ફર્ક નથી. પહેલા પ્રકારની આયતોમાં આ જ છે કે સર્વશકિતમાન અલ્લાહ જ છે. ઈજ્જત અને કુદરતવાળો તે જ છે. તેમાં પ્રાકૃતિક અને અપ્રાકૃતિકનો કોઈ તફાવત નથી. જયારે આ આયતોના કારણે બંદાઓ માટે કુદરત માનવાથી ઈન્કાર છે તો તે આયતોના પ્રમાણે દરેક પ્રકારની કુદરત તથા કુવ્વતથી ઈન્કાર કરવો જોઈએ.

કેટલીક વખત વિરોધીઓ એવું પણ કહે છે કે જીવંત લોકો માટે સાધારણ કુદરત માનવું શિર્ક નથી પરંતું મૃત લોકો માટે કોઈ પણ પ્રકારની કુદરતનું માનવું શિર્ક છે ! એટલા માટે કે મનુષ્ય મૃત્યુ પછી માટી થઈ જાય છે, તેમાં ન જીવન હોય છે ન સાંભળ વા, જોવા અને ન અધિકારની કુદરત હોય છે.

આ વાત પર પણ અમારું એ જ કહેવું છે કે આ તફાવત તેઓના પેશવાઓના લખાણથી સાબિત છે ન કે કુર્આન અને હદીષથી ષાબિત છે. ન ઉસૂલ અને બુદ્ધિથી એને કોઈ સંબંધ છે. એટલા માટે કે **ખુદાની ઝાત અને સિફતોમાં કોઈને પણ ભાગીદાર બનાવવો શિર્ક છે, ભલે તે જીવંત હોય અથવા મૃત, ઈન્સાન હોય કે જિન્નાત અથવા ફરિશ્તા હોય, એવું ક્યારે પણ નથી બની શકતું કે ખુદાની સિફતોમાં જીવંત લોકોને ભાગીદાર બનાવવાથી મો'મિન રહે અને મૃતકોને ભાગીદાર (શરીક) બનાવવાથી તે મુશ્રિક થઈ જાય !** મો'મિન રહેશે તો બંને સ્થિતિમાં, મુશ્રિક થશે તો બંને સ્થિતિમાં.

**ત્રીજુ** : તેઓથી અમારો સવાલ એ છે કે પ્રાકૃતિક (ફિતરી) અને અપ્રાકૃતિક, સાધારણ અને અસાધારણની હદ શું છે ?

બંદાઓમાં ઈન્સાન, જિન્નાત અને ફરિશ્તા સૌનો સમાવેશ થાય છે પરંતુ કોઈના માટે એક કામ આદત વિરૂદ્ધ, અપ્રાકૃતિક અને અસાધારણ છે અને બીજા માટે એ જ કામ આદત મુજબનું, પ્રાકૃતિક અને સાધારણ છે.

દા.ત. : જમીનથી આસ્માન સુધીનું અંતર થોડીવારમાં ખેડી લેવું ઈન્સાન માટે આદત વિરૂદ્ધ છે અને ફરિશ્તાઓ માટે આ આદત દરરોજનું કાર્ય છે. જમીનના ખૂબ દૂર આવેલા સ્થળો સુધી વગર સવારીએ થોડા સમયમાં પહોંચવું ઈન્સાન માટે આદત વિરૂદ્ધનું છે અને જિન્નાત માટે આદત છે. સમગ્ર જગતને હથેળીને જેમ જોવું મલકુલ મૌત માટે આદત છે અને ઈન્સાન માટે આદત વિરૂદ્ધ છે. જાતે ઈન્સાનોમાં જુઓ તો એક મણનો પથ્થર એક જગાએથી ઉઠાવીને બીજી જગાએ લઈ જવું એક અનુભવી તાકતવર વ્યકિત માટે આદત છે અને એક કમજોર અને દૂબળા વ્યકિત માટે અડધા મણનો પથ્થર લઈ જવો આદત વિરૂદ્ધ છે.

જેણે ઈન્સાન માટે એવું કામ સાબિત કર્યું જે ફરિશ્તાઓ અને જિન્નતોમાં છે તો તેણે ઈન્સાનને જિન્નાત અને ફરિશ્તાઓનો ભાગીદાર અને શરીક ઠરાવ્યો મતલબ એક બંદાને બીજા બંદાના બરાબર ઠરાવ્યો. ખુદાના બરાબર અને ખુદાનો શરીક કોઈપણ રીતે ન ઠરાવ્યો. **તેણે ઈન્સાનમાં પણ આ કુદરત ખુદાની અતાથી જ માની અને જિન્નાત અથવા ફરિશ્તામાં પણ આ કુદરત ખુદાની અતાથી જ માની તો પછી શિર્ક કઈ રીતે થયું ?!** વધુમાં વધુ જૂઠુ થઈ શકે છે જો ઈન્સાનમાં તે તાકત ઉપલબ્ધ નથી જે જિન્નાત અને ફરિશ્તામાં છે.

હા ! જો કોઈ એવી સિફત માની જેનાથી નુસૂસે કતઈય્યહ (કુર્આની સ્પષ્ટ આયતો)નું ખંડન થયું તો આ કુફ્ર થશે. દા.ત. જેને નબુવ્વત અને રિસાલત પ્રાપ્ત નથી તેને નબી અથવા રસૂલ માની લે અથવા તેના માટે વહીને માનતો હોય તો આ કુફ્ર થશે.

**એહલે સુન્નતનો અક઼ીદો** : અહીં બિલ્કુલ સ્પષ્ટ અને સાફ છે. **અલ્લાહની જેમ કોઈના માટે પણ જો કોઈ એવું માને છે કે તેને ખુદાની અતા વગર પોતાની જાતે કોઈ કુદરત અથવા કમાલ પ્રાપ્ત છે તો તે મુશ્રિક છે, ભલે ઈન્સાનના માટે માને અથવા ફરિશ્તાઓ માટે અથવા જાનવરો અને જડ પ્રદાર્થ માટે. ભલે એક ઝાડના પાનને હલાવવાની સાધારણ તાક઼ત માને અથવા જમીન આસ્માનને ઉપર નીચે કરવાની અસાધારણ શક્તિ માને. ભલે જીવંત માટે એ શક્તિ માને અથવા મૃત્યુ પામેલ વ્યક્તિ માટે માને, દરેક સ્થિતિમાં તે મુશ્રિક છે.**

અને જો કોઈ વ્યક્તિ અલ્લાહની અતાથી કોઈની અંદર તાક઼ત અને શક્તિ માને છે તો મુશ્રિક નથી ભલે મુડદાને જીવંત કરી આપે, પેદાઈશી આંધળુ હોય તેને શિફા આપે, છુપી ચીજોની ખબર આપવાની શક્તિ માને અથવા જમીન અને આસ્માન, ચાંદ, સૂરજ અને તારા, સમુદ્ર અને જમીન,વૃક્ષો અને પથ્થરો વગેરે સૌની વ્યવસ્થા કરનાર અને દરેકમાં તસર્રુફ કરવાની શક્તિ અને તાક઼ત માને જેમ કે "મુદબ્બિરાતે અમ્ર" ફરિશ્તાઓ માટે આ કુદરત આપણે કુર્આનથી સાબિત માનીએ છીએ.

જો કોઈ એવું સમજે છે કે બંદામાં આટલી પુષ્કળ કુદરત માનીને બંદાને ખુદાના બરાબર કરી દીધો, તો આ તેની અત્યંત જહાલત છે. તેણે ખુદાની કુદરત જમીન અને અસ્માનના વચ્ચે મર્યાદિત સમજી, જ્યારે કે અલ્લાહની કુદરત ગૈરમુતનાહી અને લા મહદૂદ(અનહદ અને અનંત) છે. બંદાની કુદરત અતાઈ (અર્પણ કરેલ) છે, ખુદાની કુદરત ઝાતી છે, બંદાની દરેક સિફત બલ્કે તેની જાત પણ ફના થવાવાળી છે, ખુદાની ઝાત અને સિફત કદ઼ીમ છે હમેશાંથી હમેશાં માટેની છે.

બંદાની સિફત અને જાત જાઈઝુલ્ ફના (ફના થવાવાળી) છે. ખુદાની ઝાત અને સિફત વાજિબુલ બક઼ા (હમેશાં બાકી રહેવાવાળી) છે. આટલો મોટો તફાવત હોવા છતાં (ખુદાની કુદરતને) બંદાની કુદરત સાથે સમાનતા તે જ કરી શકે છે જેને ઈલ્મ અને બુદ્ધિથી કોઈ વાસ્તો જ ન હોય અથવા જે ખુદાની કુદરત અને અઝમતથી બિલ્કુલ જાહિલ અને અજાણ હોય. ........–*(ક્રમશઃ)*

# લવ જેહાદનું તૂત

## અને

## ઈસ્લામની પાકીઝગીની હક઼ીક઼ત

**(કાર્યાલય)**

વર્તમાન સમયમાં કેન્દ્રમાં ગવર્નમેન્ટની બદલી થઈ ત્યારથી બલ્કે એના ઈલેક્શન દરમ્યાનથી જ હિંદુસ્તાનની ક઼ોમવાદી તથા કટ્ટરવાદી મુસ્લિમ વિરોધી સંસ્થાઓ આર.એસ.એસ., વિહિપ, બજરંગ દળ, રામસેના વગેરે ખૂબ જ ઉત્સાહમાં આવી ગયેલ જણાય છે અને તદ્દન ઉગ્રવાદી તથા દેશની શાંતિ તથા અખંડિતતા જોખમાય અને દેશ બાંધવો આપસમાં આથડી પડે તેવાં ઉશ્કેરણીજનક નિવેદનો, પ્રવચનોની જાણે હોડ જામી છે. સામાન્ય ભોળાભાળા દેશ બાંધવોની ક઼ૌમી લાગણીઓ ઉશ્કેરીને તેમને અવળા રવાડે ચડાવી દેશમાં બંધુત્વની ભાવનામાં તિરાડો પાડી આપસમાં દુશ્મનાવટો ખડી કરી રહ્યાં છે. એવું જ એક તૂત હાલમાં "લવ જેહાદ'ના નામથી ચાલી રહ્યું છે. કહે છે કે મુસલમાન યુવાનો હિંદુ યુવતીઓને લવમાં ફસાવી પછી જબરદસ્તી ધર્મ પરિવર્તન કરાવે છે. અને આ કટ્ટરવાદી હિંદુ સંસ્થાઓના પ્રચારકો વિવિધ જગાઓ પર લોક સંપર્ક કરીને, પેમ્પલેટો છાપીને, સોશિયલ મિડિયા થકી ક્લિપો વડે તેમજ મિટિંગો ભરીને તેને હિંદુઓ માટે ભયાનક ષડયંત્ર ગણાવે છે ! વળી યુ.પી. ભાજપાના યોગી આદિત્યનાથે એના માટે આંદોલન ખડુ કર્યુ છે, તો વિહિપ એના વિરુદ્ધ રેલીઓ કાઢે છે. વળી ગરબામાં મુસ્લિમ યુવાનો પર પ્રતિબંધ લગાડવા જાહેરાત કરી છે.... વગેરે.

સૌ પ્રથમ વાત એ છે કે અજનબી સ્ત્રી પુરૂષો જ્યારે કહેવાતો "લવ" કરે છે તો એકબીજાને જોતાં રહે છે, પછી મળે છે, વાતચીત કરે છે, એકબીજાને સ્પર્શે છે, મસ્તી મજાક કરે છે અને છેવટે એકાંત

જગાએ વ્યભિચાર પણ કરવા લાગે છે, આ છે આજનો લવ !

ઈસ્લામી આદેશોનો અભ્યાસ કરો તો જણાશે કે **ઈસ્લામ એવો પવિત્ર ધર્મ છે કે આવો "લવ" જ ઈસ્લામમાં "હરામ" છે. ઈસ્લામમાં સ્ત્રી સાથે લવ બિફોર મેરેજ જાઈઝ નથી. પર સ્ત્રીને જોવી જાઈઝ નથી તો સ્પર્શવાની, વાતચીત કરવાની, એકાંતમાં બેસવાની વાત તો દૂર રહી ! અને મુસલમાનની શાદી-નિકાહ કોઈ ગૈર મુસ્લિમ સાથે થતા નથી,** ઈસ્લામમાં શાદી પછી લવ (પ્રેમ) દર્શાવવાની ઈજાઝત છે, તે પણ સભ્યતા સાચવીને, જાહેરમાં બેહયા બની બિભત્સતાનું પ્રદર્શન કરીને નહીં.

બીજી વસ્તુ કે ઈસ્લામમાં ગરબા રમવા કે તેને જોવા જવું પણ જાઈઝ નથી. જેથી **જે કહેવાતા મુસલમાન એમાં જતા હશે તેઓ ક્યાંક હરામ તો ક્યાંક શિર્કમાં પડીને ઈસ્લામથી જ નીકળી જતા હોય છે ! મનોરંજન માટે પોતાની નજરોથી ગૈર સ્ત્રીઓને જોવા તાકવા જનારા મુસ્લિમ નામી આવારા યુવાનો ખૂદ ઈસ્લામી આદેશોના જ બાગી છે, તો શું ઈસ્લામનું કે કૌમનું ભલુ કરી શકવાના હતા ?!**

ભાઈઓ ! ઈસ્લામમાં આવા લવને સ્થાન ક્યાંથી હોઈ શકે તેને નીચેના લખાણ પરથી સમજો :-

સ્ત્રી પુરૂષમાં જે જાતિય આકર્ષણ રહેલું છે તેના પ્રારંભનો ઝરીયો આંખો જ છે. પ્રથમ નજર બહેકે છે પછી દિલ બહેકે છે અંતે આખુ વજૂદ બહકે છે. એટલા માટે ફિત્નાને જન્મતો જ ડામવા માટે રબ તઆલાનો કુર્આનમાં આદેશ છે : "મુસલમાન પુરૂષોને હુકમ આપો કે પોતાની નિગાહો કાંઈક નીચી રાખે અને પોતાનાં ગુપ્તાંગોની હિફાઝત કરે એ તેમના માટે ખૂબ જ સુથરુ છે. બેશક ! અલ્લાહને તેમનાં કામોની ખબર છે." *(સૂરએ નૂર, ૩૦/૨૪)*

મુસ્લિમ શરીફમાં જરીર ઈબ્ને અબ્દુલ્લાહ ફર્માવે છે કે મેં અજનબી (નામહરમ) સ્ત્રી પર નજર પડી જવાના બારામાં પૂછયું તો આપ ﷺએ ફર્માવ્યું, **"નજર ફેરવી લો !** આગળ ફર્માવ્યું છે કે અચાનક પડી જતી પ્રથમ નજર માફ છે પણ બીજીવાર (ઈરાદાપૂર્વક) પડતી નજર પર રબ તરફથી શિક્ષા થશે. પુરૂષો જેમ સ્ત્રીઓને પણ પર પુરૂષો પર નજર ન ફેંકવાનો હુકમ અલ્લાહ તઆલા કરે છે : "અને મુસલમાન સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાની નજરો નીચી રાખે અને ગુપ્તાંગોની રક્ષા કરે." *(સૂ. નૂર, ૩૦/૨૧)*

હદીષે પાકમાં ઈસ્લામના પયગંબર મુહમ્મદ મુસ્તફા ﷺ ખૂદ આ બાબતે કેવી રીતે ચેતવે છે તે જુઓ :

- ✪ જે ગૈર મેહરમ સ્ત્રીને જુએ તે આંખોમાં કયામતના દિવસે આગના સળીયા નાખવામાં આવશે.
- ✪ જે ગૈર મેહરમ (પર સ્ત્રી) સાથે હાથ મિલાવે તો કાલે કયામતના દિવસે બંનેના એ હાથોને આગની સાંકળો વડે બાંધવામાં આવશે, અને એ હાથનો ઝિના છે. *(મુસ્લિમ, બુખારી)*
- ✪ કોઈના માથામાં સોય ખોસવામાં આવે એ એનાથી બેહતર છે કે તે કોઈ એવી સ્ત્રીને સ્પર્શે જે એના માટે હલાલ (નિકાહમાં) નથી. *(તિબ્રાની વ બયહકી)*
- ✪ કોઈ ગૈર ઔરતના ખભાથી ખભો લગાડવો એ એનાથી બુરું છે કે તું કોઈ સુવ્વર સાથે શરીર લગાડે. *(તિબ્રાની વ તરગીબ બહવાલા કિતાબ "ઝિના ગુનાહે કબીરા")*

સારાંશ કે ઈસ્લામ આટલી પવિત્રતા જાળવનારો મઝહબ છે તેમાં આવા કોઈ કમેળના 'લવ જેહાદ' શબ્દને સ્થાન જ નથી હોય શક્તુ એ દરેક સમજી શકે છે. વળી જબરદસ્તી કોઈ મુસલમાન થઈ જ નથી શક્તું. કેમ કે ઈમાન એ દિલથી માનવાનું તથા જીભથી સ્વીકારવાનું નામ છે અને દિલ પર કોઈનુ જોર નથી ચાલી શકતું અને ઈસ્લામમાં એની ઈજાઝત પણ નથી.

જેથી હિંદુ ભાઈઓ પણ કોઈ ગલતફહમીમાં ન સપડાય અને આવા પાયાવિહોણા બે કૌમોને લડાવવા ફરતા વિકૃત દિમાગના લોકો પોતાના અંગત સ્વાર્થ તથા રાજકરણમાં ખુરશી માટે જેમને શાંતિથી જીવતો સમાજ પસંદ નથી એવા લોકોની ભંભેરણીથી બચે, એવી અમારી અપીલ છે.

# કુર્બાની વિશે મસાઈલ

(કાર્યાલય)

## ★ કુર્બાનીનું વર્ણન ★

કુર્બાની માલી ઈબાદત છે. જે દરેક ગની મુસલમાન પર વાજિબ છે. ખાસ લાયકાતવાળા જાનવરને ખાસ નિયુક્ત દિવસોમાં અલ્લાહના નામ પર સવાબની નિય્યતથી ઝબહ કરવામાં આવે તેનું નામ કુર્બાની છે.

દરેક તે મુસલમાન જે મુકીમ હોય (સ્થાયી રહેવું તે), માલિકે નિસાબ હોય તથા આઝાદ હોય તેના પર કુર્બાની વાજિબ છે.

✪ જેમ પુરૂષ પર કુર્બાની વાજિબ છે તેમ સ્ત્રી પર પણ કુર્બાની વાજિબ છે. *–(દુર્રે મુખ્તાર વગેરે)*

✪ મુસાફિર પર કુર્બાની વાજિબ નથી. તેમ છતાં નફલ સમજીને કુરબાની કરે તો તેમ કરી શકે છે, તેનો સવાબ જરૂર મળશે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

✪ નિસાબનો માલિક હોવાનો મતલબ એ છે કે જેની પાસે એટલો માલ હોય કે તેનાથી સદકએ ફિત્ર વાજિબ થઈ જાય. અને બીજી રીતે સમજવામાં આવે તો તે એ છે જેની પાસે તેની જીવન જરૂરીયાત ઉપરાંત ૭ાા તોલા સોનું અથવા **પરાા તોલા ચાંદી** બરાબરનો માલ (રૂપિયા, સોનુ ચાંદી, વેપારનો માલ વગેરે મિલાવીને ગણતાં) હોય તે વ્યક્તિ માલિકે નિસાબ ગણાશે.

*–(દુર્રે મુખ્તાર, આલમગીરી વગેરે)*

## ★ કુર્બાનીનો સમય ★

ઝિલહજ્જ માહિનાની ૧૦ મી તારીખની સુબ્હ સાદિકથી લઈને ૧૨મી તારીખના સૂર્યાસ્ત સુધીના સમયમાં ગમે ત્યારે કુરબાની આપી શકાશે. એટલે કે કુલ **ત્રણ દિવસ** અને **બે રાત્રિ.** તેમાં ખાસ કરીને ૧૦ મી તારીખે કુર્બાની કરવી અફઝલ ગણાશે, તે પછી ૧૧ મી તારીખે પછી ૧૨ મી તારીખે.

✪ કુર્બાની જો શહેરમાં કરવી હોય તો તે માટે જરૂરી એ છે કે ઈદની નમાઝ પછી જ કરવામાં આવે, જ્યારે કે ગામડામાં ઈદની નમાઝનો હુકમ નથી જેથી ઈદની નમાઝ પહેલાં સુબ્હ સાદિકના સમયથી કુર્બાની કરી શકાશે.

✪ કુર્બાની વાજિબ થએથી કુર્બાની જ કરવી જરૂરી ગણાશે. ફક્ત જો કોઈ એટલી જ કિંમત કે કિંમતનું જાનવર કુર્બાનીના બદલામાં સદકો આપી દેશે તો તેનાથી કુર્બાનીનો વાજિબ અદા થશે નહિ. *–(આલમગીરી વગેરે)*

✪ કુર્બાનીના દિવસો વીતી ગયા પછી કુર્બાની થયેલી ગણાશે જેથી પછીના દિવસોમાં કુર્બાની કરવામાં આવી તો તે કુર્બાની ગણાશે નહિ. તેવી રીતે જો કોઈ જાનવર કુર્બાની માટે ખરીદી લીધું હોય તેની કુર્બાની કુર્બાનીના દિવસોમાં ન આપી હોય તો તે જાનવરને સદકા તરીકે આપી દેવામાં આવે અથવા તો એક બકરીની કિંમત સદકા તરીકે આપી દેવામાં આવે. *–(રદ્દુલ મુહ્તાર, આલમગીરી વગેરે)*

✪ કુર્બાની માટેના ઉપર જણાવેલ નિયમો જ્યારે જેને લાગુ પડે ત્યારે તેને માટે એક બકરી અથવા ઘેટું કુર્બાન કરવું વાજિબ થઈ પડે છે. તથા ઊંટ, ગાય કે ભેંસ હોય તો સાતમો ભાગ (તે દરેકનો) વાજિબ થશે. એનાથી ઓછાની કુર્બાની ગણાશે નહિ. ભાગીદારીમાં કુર્બાની હોય તો તેમાં પણ

જો કોઈ એક ભાગીદારનો હિસ્સો સાતમા હિસ્સાથી ઓછો હશે તો કોઈની પણ કુર્બાની સહીહ થશે નહીં. અને જો સાત ભાગીદાર હોય, હિસ્સા પણ ઓછા વધતા હોય પણ કોઈનો પણ હિસ્સો સાતમા ભાગથી ઓછો હોય તો તે જાઈઝ નથી.

✪ કુર્બાની કરાવનાર તમામ ભાગીદારોની નિય્યત ખાલી ગોશ્ત મેળવવાની નહિ પણ સવાબ મેળવવાની હોવી જોઈએ. જેને કારણે **અક઼ીકા કરનાર જો કુર્બાનીમાં સામેલ થવા ચાહે તો તે સામિલ થઈ શકે છે** કેમ કે તેની નિય્યત પણ સવાબ મેળવવાની હોય છે. બલ્કે અક઼ીકો એ પણ સવાબ મેળવવાની એક સૂરત છે. *–(રદ્દુલ મુહતાર)*

## ★ કુર્બાની કરવાની રીત ★

કુર્બાનીના જાનવરને ઝબહ કરતાં પહેલાં ઘાસચારો પાણી આપવું, પહેલાથી જ છરી તેજ કરી લેવી, જાનવરની સામે છરી તેજ નહીં કરવી. તે પછી જાનવરને ડાબી કરવટ પર એવી રીતે સૂવાડવું કે તેનું મોઢું કિબ્લા તરફ રહે. ઝબ્હ કરનાર માણસ પોતાનો જમણો પગ જાનવરની કરવટ પર મૂકી તેજ છરીથી એકદમ જલ્દીથી ઝબહ કરી નાખે. ઝબહ કરતાં પહેલાં આ દુઆ પઢવી :–

**اِنِّیۡ وَجَّہۡتُ وَجۡہِیَ لِلَّذِیۡ فَطَرَ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ حَنِیۡفًا وَّمَا اَنَا مِنَ الۡمُشۡرِکِیۡنَ اِنَّ صَلَاتِیۡ وَ نُسُکِیۡ وَمَحۡیَایَ وَمَمَاتِیۡ لِلّٰہِ رَبِّ الۡعَالَمِیۡنَ لَا شَرِیۡکَ لَہٗ وَبِذَالِکَ اُمِرۡتُ وَاَنَا مِنَ الۡمُسۡلِمِیۡنَ اَللّٰھُمَّ لَکَ وَ مِنۡکَ بِسۡمِ اللّٰہِ اَللّٰہُ اَکۡبَرۡ**

**ઈન્ની વજજહતુ વજહીય લિલ્લઝી ફતરસ્સમાવાતિ વલઅર્દ હનીફંવ વમાઅના મિનલ મુશ્રિકીન. ઈન્ન સલાતી વનુસુકી વમહયાય વમમાતી લિલ્લાહિ રબ્બિલ આલમીન. લાશરીકલહુ વબિઝાલિક વઉમીરતુ વઅના મિનલ મુસ્લિમીન. અલ્લાહુમ્મલક વમિન્ક બિસ્મિલલાહિ અલ્લાહુ અકબર.**

દુઆ પૂરી થતાંની સાથે જ છુરી ચલાવી જાનવરને ઝબ્હ કરી નાખવું. કુર્બાની પોતાના તરફથી હોય તો ઝબ્હ કર્યા પછી આ દુઆ પઢવી :

**اَللّٰھُمَّ تَقَبَّلۡ مِنِّیۡ کَمَا تَقَبَّلۡتَ مِنۡ خَلِیۡلِکَ اِبۡرَاھِیۡمَ عَلَیۡہِ السَّلَام وَ حَبِیۡبِکَ مُحَمَّدٍ صَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّمۡ**

**અલ્લાહુમ્મ તક઼બ્બલ મિન્ની કમા તક઼બ્બલ્ત મિન ખલીલિક ઈબ્રાહીમ અલૈહિસ્સલામ વહબીબિક મુહમ્મદીન સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.**

જો બીજાના તરફથી ઝબ્હ કર્યું તો **مِنِّی ''મિન્ની'**ને બદલે **مِنۡ 'મિન્'** બોલી તે વ્યકિતનું નામ બોલવું જેના તરફથી કુર્બાની હોય. અને ઊંટ, ગાય, ભેંસ જેવું મોટું ભાગીદારવાળું જાનવર હોય તો જેટલા ભાગીદાર હોય તે બધાનાં નામ લેવાં. ઝબહ કરવામાં વધુમાં વધુ ચાર રગ અને ઓછામાં ઓછી ત્રણ રગ પહેલાં કાપવી એથી વધુ કાપવું નહીં બલ્કે (જાનવર) ઠંડુ પડી ગયા પછી કાપવું તે પછી ખાલ ઉતારવી.

કુર્બાનીનું જાનવર જો જાતે ઝબહ ન કરી શકે તો કોઈ સુન્ની સહીહુલ અક઼ીદાથી ઝબહ કરાવે. **જો કોઈ બદઅક઼ીદા અને બેદીનથી જેમ કે વહાબી, દેવબંદી, ગૈર મુક઼લ્લિદ, ક઼ાદયાની વગેરેથી કુર્બાનીનું જાનવર ઝબહ કર્યું તો કુર્બાની થશે નહીં.** એવી જ રીતે **કદીપણ કોઈ બદમઝહબ અથવા બેદીનની સાથે હિસ્સો ન લે બાકી તમારી કુર્બાની પણ બેકાર થઈ જશે** અને ગુનાહનો ભાર તમારા ઉપર આવશે એ અલગ. ખયાલ રહે કે **કુર્બાનીનો ગોશ્ત વગેરે કાફિર, મુશ્રિકને દેવું મના છે.**

*–(ફતાવા રઝવિય્યહ શરીફ, ફતાવા ફયઝુર્રસૂલ)*

✪ જો બીજા માણસ પાસે ઝબ્હ કરાવવામાં આવે તો ઝબહ કરતી વેળા ખૂદ કુર્બાની કરાવનાર હાજર રહે તો બેહતર છે.

## ★ ગોશ્ત અને ચામડું ★

જો જાનવર ભાગીદારીનું હોય તો ગોશ્તનો આશરો કાઢીને નહીં બલ્કે તોલીને ભાગ કરી વહેંચવું. બાકી આશરાથી વહેંચ્યુ અને કોઈ ભાગીદારને વધારે ગોશ્ત મળ્યો તો બીજાના માફ કરવાથી પણ તે જાઈઝ ગણાશે નહિ. કારણ કે દરેકનો હક જરૂરી છે. *–(રદ્દુલ મુહતાર, બહારે શરીઅત)*

ત્યાર પછી પોતાના હિસ્સાના ત્રણ ભાગ કરી એક ભાગ ફકીરોને આપે, એક ભાગ દોસ્ત–બિરાદરોને અને એક ભાગ પોતાના ઘર માટે રાખે. તેમાંથી પોતે પણ ખાય પોતાનાં બાળકો પણ ખાય. જો મોટુ કુટુંબ હોય તો પોતાના ઘર માટે બધો ગોશ્ત પણ રાખી શકે છે તેવી જ રીતે ચાહે તો બધો જ ગોશ્ત સદકા તરીકે વહેંચી પણ શકે છે, જો કે બેહતર તો એ છે કે એક ભાગ પોતાના માટે રાખી લે.

✪ કુર્બાની મૈયત તરફથી કરી હોય તો તેના ગોશ્ત અંગે પણ હુકમ તો એ જ છે, તેમ છતાં **મરનાર તરફથી કુર્બાની કરવાની વસિયત હોય તો** તેવી હાલતમાં તમામ ગોશ્ત સદકો કરી દેવો. *(અને આમ જ કુર્બાનીમાં નામ મરનારનું રાખ્યું હોય તો સૌ ખાય શકે. –તંત્રી)*

✪ કુર્બાની કરનાર (જેની હોય તે) સૌથી પહેલાં પોતાની કુર્બાનીનો ગોશ્ત ખાય એ મુસ્તહબ છે. *–(બહરૂર્રાઈક)*

✪ કુર્બાનીનો ગોશ્ત કાફિરને આપવો નહિ કેમ કે ભારતના કાફિરો ઝિમ્મી નથી હર્બી છે.

✪ ચામડુ, દોરડુ, હાર, ઝોલો એ બધું સદકો કરી દેવું. જો કે ચામડાને પોતાના ઉપયોગમાં પણ લાવી શકે છે. દા.ત. મુસલ્લો, પાણી પીવાની ડોલ, પાથરણ વગેરે બનાવી શકે છે. પરંતું વેચીને તેના નાણાં પોતાના માટે વાપરવાં જાઈઝ નથી. જો વેચી દીધું તો તેના નાણા સદકો કરી દેવાં વાજિબ છે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

✪ ઘણા લોકો કુર્બાનીની ખાલ ધાર્મિક મદ્રસામાં આપી દેતા હોય છે એ આપવું જાઈઝ છે. ચામડું ન આપે અને મદ્રસામાં આપવાની નિય્યતથી વેચી દઈ તેની ઉપજેલી બધી કિંમત મદ્રસામાં આપી દે તો તે પણ જાઈઝ છે. *–(આલમગીરી, બહારે શરીઅત) (મસ્જિદ, મદ્રસા કે કોઈ જાઈઝ કામમાં આપી શકે છે. –તંત્રી)*

✪ કુર્બાનીનો ગોશ્ત કે ચામડુ કસાઈને કે ઝબ્હ કરનાર વ્યક્તિને તેના મહેનતાણામાં આપવું જાઈઝ નથી. હા, દોસ્ત બિરાદરોની જેમ ભેટ નઝરાણા તરીકે આપી શકે છે. જો કે તેને પણ કોઈ મહેનતાણા પેટે કે બદલામાં ગણવામાં ન આવે. *–(હિદાયા વગેરે)*

✪ કુર્બાનીનું ચામડુ, મસ્જિદના ઈમામને પગારના બદલામાં નહિ બલ્કે મદદ તરીકે આપ્યું તો તેમાં કાંઈ વાંધો નથી. *–(બહારે શરીઅત)*

## ★ કુર્બાનીનું જાનવર ★

✪ ઊંટ, ગાય, ભેંસ, બકરી, ઘેટું વગેરે (નર–માદા) **ખસીવાળુ** કે **ખસી વગરનું** એ દરેકની કુર્બાની થઈ શકે છે. *–(આલમગીરી)*

✪ ખસ્સીની કુર્બાની ગૈર ખસ્સી કરતાં અફઝલ છે. તબીય્યિનુલ હકાઈક શરહે કન્ઝુદકાઈકમાં છે : (અર્થ) : ''ખસ્સી તથા ગૈર ખસ્સી બંનેની કુર્બાની જાઈઝ છે અને ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ફર્માવે છે કે ખસ્સીની કુર્બાની અફઝલ છે કારણ કે તેનો ગોશ્ત વધુ સ્વાદિષ્ટ હોય છે.'' એ જ અર્થમાં ગુરરુલ અહકામ, શરનલાલિયહમાં બદાએઅ્થી મજમઉલ અન્હર શરહે મુલ્તકિયુલ અબહરમાં છે.

વલ્લાહુ તઆલા અઅ્લમ. *(ફતાવા અમજદીયા, ભાગ–૩, પેજ–૩૦૪)*

✪ જંગલી જાનવર જેવાં કે હરણ, રોઝ, બારાસિંગુ વગેરેની કુર્બાની થઈ શકશે નહીં. –*(આલમગીરી)*

✪ દુમ્બો એ ઘેટાંની જાતમાં ગણી શકાશે.

✪ ઊંટ પાંચ સાલનું, ગાય ભેંસ બે વર્ષ, ઘેટું બકરી એક વર્ષનું અથવા તેથી વધુ ઉંમરનાં હોવાં જોઈએ. એ કરતાં ઓછી ઉંમરના જાનવરની કુર્બાની જાઈઝ થશે નહીં. હા, ઘેટા કે દુંબાનું છ માસનું બચ્ચુ એટલું મોટુ હોય કે દૂરથી જોતાં એક વર્ષના બચ્ચા જેવું લાગે તો તે છ માસના બચ્ચાની કુર્બાની જાઈઝ છે. –*(દુર્રે મુખ્તાર)*

✪ કુર્બાનીનું જાનવર મોટુ, તાજુ, તંદુરસ્ત અને ખામી (ખોડ–ખાંપણ) વિનાનું હોવું જોઈએ. કોઈ નાની સરખી ખામી હશે તો કુર્બાની થઈ જશે પણ મકરૂહ થશે અને વધારે પડતી ખોડ ખાંપણ હશે તો તેવા જાનવરની કુર્બાની જાઈઝ નથી. –*(દુર્રે મુખ્તાર,)*

✪ જે જાનવરને જન્મથી જ શિંગડા ન હોય તેની કુર્બાની જાઈઝ છે અને જેને શિંગડાં તો હતાં પણ તૂટી ગયું અને તે એટલું તૂટી ગયું કે તેનો ગૂદો દેખાઈ તેવાની કુર્બાની જાઈઝ નથી અને ગૂદાથી ઓછા તૂટેલાં શિંગવાળા જાનવરની જાઈઝ છે. –*(આલમગીરી વગેરે)*

✪ આંધળું, લૂલુ, લંગડુ, કાણુ, એકદમ દૂબળું, કાન કપાએલું, પૂછડું કપાએલું, આંચળ સૂકાએલા, નાક કપાએલું, જન્મથી કાન વગરનું, બીમાર, ખન્સા (જેનામાં નર–માદાની બંને નિશાની હોય) જે જાનવર ફક્ત ગંદુ (નાપાક) જ ખાતુ હોય એવાં દરેક જાનવરની કુર્બાની જાઈઝ નથી. –*(બહારે શરીઅત, દુર્રે મુખ્તાર)*

✪ કુર્બાની કરતી વેળા જાનવરના ઉછળવા કૂદવાથી જાનવરમાં કંઈક ખોડખામી આવી ગઈ છતાં તેની કુર્બાની જાઈઝ છે. –*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*


✪ કુર્બાની કરી તે જાનવરના પેટમાં જીવતું બચ્ચું હોય તેને પણ ઝબહ કરી દેવું અને જો મરેલું હોય તો તેને ફેંકી દેવું, ઝબહ કરેલ બચ્ચાના ગોશતને કામમાં લઈ શકાશે. –*(બહારે શરીઅત)*

✪ બીમારી સાધારણ હોય અને લંગડાપણું એવું હોય કે ચાલી ફરી શકે છે બલ્કે ચાલીને તે જાનવર કુર્બાનીની જગા સુધી જઈ શકતું હોય અથવા નાક, કાન કે પૂછડું **ત્રીજા ભાગથી વધુ કપાએલ ન હોય** તેવા જાનવરની કુર્બાની જાઈઝ છે. –*(આલમગીરી, દુર્રે મુખ્તાર, હિદાયા)*

✪ જાનવર ખરીદયા પછી અને કુર્બાની કર્યા પહેલાં બચ્ચું જન્મયું તો તે બચ્ચાને પણ ઝબહ કરી દેવું, કુર્બાનીના દિવસોમાં જો તેને ઝબહ ન કર્યું તો તેને જીવતું જ સદક઼ા તરીકે આપી દેવું અને જો વેચી દીધું તો લીધેલી કિંમત સદક઼ો કરી દેવી. –*(આલમગીરી, બહારે શરીઅત)*

✪ આપણા આક઼ા વ મૌલા તાજદારે મદીના, હઝરત અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺનો રહમ વ કરમ તો જુઓ કે ઉમ્મતે મર્હૂમાના તરફથી ખૂદ આપે કુર્બાની કરી અને એ પ્રસંગે પણ હુઝૂર પોતાની ઉમ્મતને ભૂલ્યા નહીં, તો આપણામાંથી જેનાથી થઈ શકે તેણે હુઝૂર ﷺના તરફથી કુર્બાની આપી તો એ ઘણી જ ખુશનસીબી ગણાશે. –*(બહારે શરીઅત)*

–*(હવાલો : ક઼ાનૂને શરીઅત, ભાગ : ૧)*

# બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

**નાપાડ** : (તા. જિ. આણંદ) ખાતે ૧૪/૯/૨૦૧૪ રવિવારે ઝોહરની નમાઝથી રાત્રે ૧૧ વાગ્યા સુધી કુવ્વતે ઈસ્લામ મસ્જિદમાં સુન્ની દાવતે ઈસ્લામીનો સુન્ની તર્બિયતી ઈજતેમા યોજાયો જેમાં મુબલ્લિગો હાફિઝ અબ્દુર્રહીમ સાહબ તથા હાડગુડના મુબલ્લિગ હિદાયત હુસૈન વગેરે એ હાજરી આપી વઝૂ, ગુસ્લ, નમાઝ વગેરેના વિષયમાં મસાઈલ, ફઝાઈલ, પ્રેક્ટિકલ તરીકો તથા સુન્નતોની તાલીમ આપી હતી. તે ઉપરાંત તા. ૭/૯/૨૦૧૪ના રોજ **પારખેત** મુકામે તર્બિયતી પ્રોગ્રામ થયો જેમાં સુન્ની દાવતે ઈસ્લામીના મુબલ્લિગો મોઈનભાઈ, શફીભાઈ, હાફિઝ અ. રહીમ વગેરએ દીની મસાઈલ શીખવ્યા હતા. એ જ પ્રમાણે **વલણ** ખાતે તા. ૭/૯/૨૦૧૪ના રોજ તર્બિયતી ઈજતેમા થયો જેમાં મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી મૌલાના તૌસીફ નજમી, ઈમરાન પાલેજવાળા વગેરેએ તર્બિયત કરી હતી.

**આમોદ** : સુન્ની દાવતે ઈસ્લામી સંચાલિત દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા, આમોદથી દર જુમેરાતે તર્બિયતી કાફલા તલબા ઉસ્તાદ સાથે પહાજ, પુરસા, કેરવાડા, વગેરે આસપાસ ગામો તેમજ આમોદ નવી નગરી, જુમ્આ મસ્જિદ, વાવડી ફળિયા વગેરેમાં દીની તર્બિયત માટે પહોંચ્યા હતા. તેમજ **કોરા** (તા. જંબુસર) મુકામે તા. ૭/૯/૨૦૧૪ રવિવારના રોજ મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહી, મૌલાના ઈબ્રાહીમ સાહબ, હાફેઝ અસ્લમ વગેરે મુબલ્લિગો થકી તર્બિયતી ઈજતેમા યોજાયો હતો. તેમજ જંબુસરમાં દર સોમવારે એમના થકી વિવિધ મસ્જિદોમાં હપ્તાવારી ઈજતેમા તથા દર્સ ચાલુ રહે છે.

**જાલના** : (મહારાષ્ટ્ર) અબ્દુલઅઝીઝ જમાલ મમદાણી મેમણ જણાવે છે કે તેમના પુત્ર મુહમ્મદ સરફરાઝ રઝવીની સગાઈ મુહમ્મદ ઈકબાલ શકૂરભાઈ નાગાણીની પુત્રી શારમીન બાનુ સાથે નક્કી કરવામાં આવી. મુબારકબાદ ! અલ્લાહ તઆલા તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં આ રિશતામાં મહોબ્બતના ગુલશન ખિલાવે, ખૂબ બરકતોથી નવાઝે. (આમીન) *–તંત્રી*

**બોડેલી** : ખાતે જશ્ને હઝરત સૈયદ નૂરાનીબાવા પેટલાદી رحمۃ اللہ علیہ તા. ૨૯–૮–૨૦૧૪ બાદ નમાઝે ઈશા જામા મસ્જિદમાં મનાવાયો જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહીએ નિસ્બતે અવલિયા અને હઝરત નૂરાની બાવા رحمۃ اللہ علیہની દીની ખિદમત વિશે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. અને એમના નક્શે કદમ પર ચાલવાની નસીહતો કરી હતી. *–ખત્રી મુહમ્મદ આઈ. (બોડેલી)*

**તશરીફે જહાં** : કાવીથી જનાબ સુલેમાન માસ્તર દોલા બરેલ્વી જણાવે છે કે તેમના ત્યાં પૌત્રનો જન્મ થયો જેનું નામ "અખ્તર રઝા" રાખ્યું છે. એની ખુશીમાં રૂા. ૨૦૦ "બરકાતે ખ્વાજા" (માસિક)ને આપ્યા છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ ! અલ્લાહ તઆલા એના હબીબ ﷺના સદકામાં પૌત્રને નેક બનાવે, બંને જહાનમાં આબાદી નસીબ કરે. *–તંત્રી*

**પોરબંદર** : ખાતેથી જનાબ અ. ગફ્ફાર યૂસુફ સૂર્યાએ હજ્જો ઝિયારતમાં જઈ રહ્યાની ખુશીમાં "બરકાતે ખ્વાજા" (મંથલી)ને રૂા. ૫૦૦/– આપ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તઆલા તેના હબીબ ﷺના સદકામાં એમની સફરને આસાન ફર્માવે. હજ્જે મબરૂર અતા કરે. (આમીન) *–તંત્રી*

**જંબુસર** : ખાતે મદ્રસએ કાદરિયા કપાસીયાપુરા સંચાલિત રાહત દરનું દવાખાનુ તા. ૭–૯–૨૦૧૪થી શરૂ કરવામાં આવ્યુ છે જેની ઉદ્દ્ઘાટન વિધિ મદ્રસએ કાદરિયાના હોલમાં ખલીફએ નૂરાનીબાવા સૈયદ શૌકતઅલીબાવાના પ્રમુખપણા હેઠળ રાખવામાં આવી હતી. તિલાવતે કુર્આન પછી સ્વાગત પ્રવચન સંસ્થાના ટ્રસ્ટી ગુલામરસૂલ મલેક દ્વારા થયું. સંસ્થાના પ્રમુખ સૈયદ શાહનવાઝબાપુએ સંસ્થાની કામગીરીનો ચિતાર રજૂ કર્યો હતો. મજલિસમાંથી યોગ્ય સૂચનો થયા હતાં. અંતમાં સૈયદ હશમતઅલીબાપુ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં જંબુસર શહેરના અગ્રગણ્ય નાગરિકો, ઉલમાએ કિરામ, સાદાતે કિરામ તેમજ મસ્જિદ, મદ્રસાના ટ્રસ્ટીઓએ હાજરી આપી હતી. સૈયદ શૌકતઅલીબાપુના હસ્તે દવાખાનાનું

ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતું.

–રજૂકર્તા : ઝાકિરભાઈ શેખ (જંબુસર)

**જૂનાગઢ** : ખાનકાહે રઝવિય્યહ નૂરીય્યહ તરફથી તા. ૨૨–૮–૨૦૧૪, શુક્રવારે સૌરાષ્ટ્રના મશહૂર બુઝુર્ગ અમીરે અહલે સુન્નત ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા પીર નૂર મુહમ્મદ બાપુ મારફાની સાહબ رحمۃ اللہ علیہના (૧૬)મા વાર્ષિક ઉર્સ શરીફનું શાનદાર આયોજન મસ્જિદે રઝા તથા આસ્તાના શરીફ ઉપર શાનો શૌકતથી કરવામાં આવેલ જેમાં મગરિબની નમાઝ બાદ મસ્જિદે રઝાથી એક શાનદાર જુલૂસ પીરે તરીકત હઝરત અલ્લામા ગુલઝાર અહમદ નૂરી બાબા તથા અન્ય ઉલમાએ કિરામ અને સાદાતે કિરામની રહબરીમાં નીકળી હઝરત પીર સાહબના આસ્તાના ઉપર સંદલ શરીફ તથા ચાદરપોશી, શજરા શરીફ, સલાતો સલામ બાદ હઝરત ગુલઝાર બાપુ નૂરી બાબાએ વજદ આફરીન અંદાજમાં દેશની અમનો શાંતિ તથા હાજર રહેલા મુરીદો તથા અકીદતમંદો માટે દુઆ હતી. ઈશા બાદ ઉલમાએ કિરામનાં બયાનો થયાં હતાં. જલ્સા બાદ ન્યાઝ જમાડવામાં આવી હતી.

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**વડોદરા** : તા. ૨૪–૮–૨૦૧૪ના રોજ ૫ વાગ્યે સૈયદ એહમદશા બાવા રિફાઈનો ઈન્તેકાલ થઈ ગયો, જેમની દફનવિધિ તા. ૨૫–૮–૨૦૧૪ના રોજ ઝહોરબાદ ખાનકાહમાં જ રાખવામાં આવી જેમાં દૂર દૂરથી ખૂબ જ ચાહકો આવ્યા હતા. તે દિવસે આખુ વડોદરા શહેર ગમગીનીમાં છવાયુ હતું. અલ્લાહ તબારક વ તઆલા મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે અને ચાહવાવાળાને ફૈઝયાબ કરે.

–મુહમ્મદ આઈ. ખત્રી (વડદલાવાળા) બોડેલી

**તીલકવાડા** : (જિ. નર્મદા)થી મૌલાના શહઝાદખાન અશરફી જણાવે છે કે અહલે સુન્નતના હમર્દદ તથા સુન્ની ઉલમાના ચાહક શેખ હાજી શબ્બીરભાઈ બંગાલી (સોની) તા. ૮/૯/૨૦૧૪ના રોજ પોતાના ઘરે કલકત્તા પહોંચ્યા અને ત્યાં હાર્ટએટેક થતાં ઈન્તેકાલ કરી ગયા છે. તેમના ઈસાલે સવાબ અર્થે તા. ૧૨/૯/૨૦૧૪ જુમ્આ બાદ જામા મસ્જિદ તીલકવાડામાં કુર્આની ખ્વાની રાખવામાં આવી હતી. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, ઘરવાળાંને સબ્રે જમીલ આપે. –*તંત્રી*

**ઝંઘાર** : (જિ. ભરૂચ) ખાતે તા. ૧૧/૮/૨૦૧૪ ના રોજ હજીયાણી હુરીબેન હાજી યૂસુફ રાજાનો ઈન્તેકાલ થઈ ગયો છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) –*તંત્રી*

**પગુથણ** : (તા. જિ. ભરૂચ) મુકામે જનાબ અલીભાઈ પેન્ટર તા. ૩–૯–૨૦૧૪ મંગળવાર, ૧૩ ઝીલ કઅદ હિ.સ. ૧૪૩૫ના રોજ ઈન્તેકાલ કરી ગયા છે. મર્હૂમ નેક દીનદાર, સુન્નિયતની લાગણીવાળા હતા. રબ્બે કરીમ હબીબે ખુદા ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) –*તંત્રી*

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર


**૧. સુન્ની કાદરી યુવાન** : ઉંમર : ૨૪ વર્ષ, ઊંચાઈ : ૫'.૭" એજ્યુકેશન : બેચ્લર ઓફ હોટલ મેનેજમેન્ટ, સુન્ની મુસ્લિમ સારા અખ્લાકવાળી, ૨૦–૨૨ વર્ષની યુવતી જોઈએ છે.
સંપર્ક નં. Mob. : 09824166580 (અમદાવાદ તરફ)

**૨. પઠાણ યુવાન** : જન્મ ૧૯૯૧, ઊંચાઈ : ૫'.૩", એજ્યુકેશન : એમ.એ. વિથ ઈંગ્લિશ.
સંપર્ક નં. Mob. : 9428613725, 8905283479 (અમદાવાદ તરફ)

**૩. દીવાન યુવાન** : જ. તા. ૬–૧૦–૧૯૯૦, એસ. એસ.સી. પાસ, દીની તા'લીમ : કારી–આલિમ (સુન્ની, આલિમા, કારીયા, હાફિઝા મુબલ્લિગા જોઈએ) સંપર્ક નં. Mob. : 9898919917, 9429286917

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

જે કોઈ મોહર્રમના પ્રથમ જુમ્આનો રોઝો રાખે તો તેના પાછલા ગુનાહો માફ થઈ જાય છે. *(રાવી : હઝરત અનસ* رضی اللہ عنہ *)* જે કોઈ મોહર્રમના ત્રણ રોઝા રાખે તો તેના માટે ૯૦૦ વરસની ઈબાદતનો સવાબ લખવામાં આવે છે.

## ★ આશૂરાની રાતના નવાફિલ ★

**યૌમે આશૂરાની ઈબાદતો** કાર્યાલય

**ચાર રકાત નફલ નમાઝ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી **"કુલ્હુવલ્લાહ શરીફ"** પચાસ વખત પઢે. **ફઝીલત :** પઢનારાના પચાસ વર્ષ આગળના અને પચાસ વર્ષ પાછળના ગુનાહ (સગીરા) બખ્શી દેવામાં આવે છે.

**ચાર રકાત નફલ નમાઝ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી **"આયતુલ કુર્સી"** એક વખત અને **"કુલ્હુવલ્લાહ શરીફ"** ત્રણ વખત પઢે. નમાઝ પઢી લીધા બાદ ૧૦૦ વખત "કુલ્હુવલ્લાહ શરીફ" પઢે પછી દુઆ માંગે.

**ફઝીલત :** આ પઢનાર ગુનાહોથી પાક થઈ જશે અને તેને જન્નતમાં અગણિત નેઅમતો પ્રાપ્ત થશે.

**બે રકાત નફલ નમાઝ : "અલ્હમ્દુ શરીફ"** પછી **"કુલ્હુવલ્લાહ શરીફ"** ત્રણ વખત પઢે.

**ફઝીલત :** હક્ક તઆલા તેની મહેરબાનીથી કયામત સુધી આ પઢનારની કબ્રને રોશન અને મુનવ્વર રાખશે.

હદીષે પાકમાં આશૂરાના રોઝાથી ઘણી ફઝીલત આવી છે. રમઝાન શરીફ પછી બેહતર રોઝા મુર્હરમના આશૂરાના રોઝા છે. ૯, ૧૦, અથવા ૧૦, ૧૧ એમ બે દિવસે રોઝા રાખી યહૂદીઓની મુખાલેફત કરો.

## ★ આશૂરાના દિવસના નવાફિલ ★

**૪ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી પાંચ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. અને તેનો સવાબ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની રૂહે મુબારકને પહોંચાડે.

**૪ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી ત્રણ–ત્રણ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. અને તેનો સવાબ હઝરત ફાતિમાતુઝ્ઝોહરાની રૂહે મુબારકને પહોંચાડે.

**૪ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી પાંચ પાંચ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. અને તેનો સવાબ હઝરત ઈમામ હસન અને ઈમામ હુસૈનની રૂહે મુબારકને પહોંચાડે.

**૬ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી જે સૂરત યાદ હોય તે ક્રમશઃ (તરતીબથી) પઢે અથવા ત્રણ–ત્રણ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. આ છ રકાત પૂરી થાય ત્યારે સજદામાં જઈ સાત વખત **"કુલ યા અય્યુહલ્ કાફેરૂન"**ની સૂરત પઢે અને તેનો સવાબ તમામ શોહદાએ કરબલાની રૂહ મુબારકને પહોંચાડે.

## ★ દુઆએ આશૂરા ★

આશૂરાના દિવસે ફજરની નમાઝ બાદ સૂર્ય ઊંચે ચઢયા બાદ બે રકાત નમાઝ પઢે, દરેક રકાતમાં **સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ)** પછી કોઈ પણ સૂરત પઢે અને સલામ બાદ એક વાર આ દુઆ પઢો :–

*બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમ. યા કાબિલ તૌબતિ આદમ યૌમ આશૂરાઅ, યા ફારિજ કર્બિ ઝીન્નૂનિ યૌમ આશૂરાઅ, યા જામિઅ શમ્લિ યઅ્‌કૂબ યૌમ આશૂરાઅ, યા સામિઅ દઅ્‌વતિ મૂસા વ હારૂન યૌમ આશૂરાઅ, યા મુગીષ ઈબ્રાહીમ મિન્નારિ યૌમ આશૂરાઅ, યા રાફિઅ ઈદ્‌રીસ ઈલસ્સમાઈ યૌમ આશૂરાઅ, યા મુજીબ દઅ્‌વતિ સાલિહિન્ ફિન્નાકતિ યૌમ આશૂરાઅ. યા નાસિર સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ યૌમ આશૂરાઅ. યા રહ્‌માન દુન્યા વલ્આખિરતિ વ રહીમહુમા સલ્લલ્લાહુ અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વ અલા આલિ સૈયિદિના મુહમ્મદિંવ્ વ સલ્લિઅલા જમીઈલ્ અંબિયાઈ*

વધુ ટાઈટલ નં. 3....પર

ટાઈટલ નં. ૨નું ચાલુ..

વલ્મુર્સલીન વક્દિ હાજાતિના ફીદુન્યા વલ્આખિરતિ વ અતિલ્ ઉમ્રના ફી તાઅતિક વ મહબ્બતિક વ રિદ્દાક વ અહ્યિના હયાતન્ તૈયિબતંવ્ વતવફ્ફના અલલ્ ઈમાનિ વલ્ઈસ્લામિ બિરહ્મતિક યા અર્હમર્રાહિમીન. અલ્લાહુમ્મ બિઈઝ્ઝિલ્ હસનિ વઅખીહિ વઉમ્મિહી વ અબીહિ વજદ્દિહી વ બનીહિ ફર્રિજ અન્ના મા નહ્નુ ફીહિ.

પછી સાત વાર પઢે :–

સુબ્હાનલ્લાહિ મિલ્અલ્મીઝાનિ વ મુન્તહલ્ઈલ્મિ વલ્મબ્લગર્રિદ્દા વઝિનતલ્ અર્શિ લામલ્જાઅ વલા મન્જાઅ મિનલ્લાહિ ઈલ્લા ઈલૈહ. સુબ્હાનલ્લાહિ અદદ શ્શફ્ઈ વલ્વત્રિ વ અદદ કલિમા તિલ્લાહિત્તામ્માતિ કુલ્લિહા નસ્અલુકસ્સલામત બિરહ્મતિક યા અર્હમર્રાહિમીન. વહુવ હસ્બુના વ નિઅ્મલ્ વકીલ. નિઅ્મલ્ મૌલા વ નિઅ્મન્નસીર. વલા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલિય્યિલ્ અઝીમ. વ સલ્લલ્લાહુ તઆલા અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વ અલા આલિહી વ સહ્બિહી વ અલલ્ મુઅ્મિનીન વલ્મુઅ્મિનાતિ વલ્મુસ્લિમીન વલ્મુસ્લિમાતિ અદદ ઝર્રાતિલ્વુજૂદિ વ અદદ મઅ્લુમાતિલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ્ આલમીન.

આ અમલ કરનારને અગણિત ઈબાદતનો સવાબ મળશે.

આશૂરાના દિવસે કોઈપણ સમયે બાવુઝૂ થઈને ૭૦ વાર પઢે : **હસ્બિયલ્લાહ વ નિઅ્મલ્વકીલ.** ગુનાહોની માફી માટે આ વઝીફો અફઝલ છે.

**આશૂરાના દિવસના મુસ્તહબ કામો :** **(૧)** રોઝો રાખવો **(૨)** સદકો કરવો **(૩)** નફલ નમાઝ પઢવી **(૪)** ૧૦૦ વખત કુલ્હુવલ્લાહ શરીફ પઢવું **(૫)** આલિમોની ઝિયારત કરવી **(૬)** યતીમોના માથા ઉપર હાથ ફેરવવો **(૭)** પોતાના બાલ–બચ્ચાંની ખાધા ખોરાકીમાં વધારો કરવો **(૮)** ગુસ્લ કરવું **(૯)** સુરમો લગાડવો **(૧૦)** નખ કાપવા **(૧૧)** બીમારોની ખબર કાઢવી **(૧૨)** દુશ્મનોથી મેળાપ કરવો **(૧૩)** આશૂરાની દુઆ પઢવી.


## ★ ૫ રૂા. ટપાલ ટિકિટ મોકલી મંગાવો ★

**કિતાબ : મુહર્રમમાં શું જાઇઝ શું નાજાઈઝ ?** મુહર્રમમાં થતી વર્તમાન તાઝીયાદારીની ખરાબીઓના નિર્દેશ સાથે અહલે સુન્નતના ચોટીના ઉલમાના ફત્વા તથા માર્ગદર્શન હેઠળ મુહર્રમમાં કઈ રસ્મો જાઈઝ છે, કઈ નાજાઈઝ તેને દર્શાવતી કિતાબ મંગાવો, લોકોમાં વહેંચો, વાંચો વંચાવો અને સાચા હુસૈની બનો.

પ્રકાશક : **અંજુમને રઝાએ મુસ્તફા**, મા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ (મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧)


**ચાલો દયાદરા !**

**તા.૧૬-૧૦-૨૦૧૪**

જુમેરાત ઈશાની નમાઝ બાદ

## સુન્ની દા'વતે ઈસ્લામીનો સુન્ની ઈજતેમા

## ઈશ્કે મુસ્તફા ﷺ કોન્ફરન્સ



મુકર્રિરે ખુસૂસી આલે રસૂલ શહનશાહે ખિતાબત...

**હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી**

(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી માલેગાંવ)

તેમજ અન્ય સાદાતે કિરામ ઉલમાએ એઝામ તથા હુફ્ફાઝ, ઈમામો, મુબલ્લિગોના કાફલા તશરીફ લાવશે.

સ્થળ :
અકુજી હોલ સામે,
ટાંકી પાસે, મુા. **દયાદરા**
તા. જિ. ભરૂચ
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
૯૪૨૬૮ ૪૦૨૭૭